અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૯ નવેમ્બર ૨૦૨૪, શુક્રવાર
વિક્રમ સંવત ૨૦૮૧, કારતક વદ ૧૩
વર્ષ : ૧૬
અંક : ૧૪૮
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂ. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

બાંગ્લાદેશમાં ભારે તણાવ વચ્ચે ઈસ્કોનને મોટી રાહત । કોર્ટે કહ્યું છે કે અમે વચગાળાની સરકાર દ્વારા કરાયેલી કાર્યવાહીથી સંતુષ્ટ છીએ તેથી હાલમાં આ મામલે સુઓ મોટો સંજ્ઞાન લેવાની જરૂર નથી

# હાઈકોર્ટે ઈસ્કોન પર પ્રતિબંધ મૂકવાનો ઈનકાર કરી દીધો



## ISKCONએ બાંગ્લાદેશમાં ધરપકડ કરાયેલા ચિન્મય પ્રભુ સાથે તોડયા સંબંધો

ISKCON બાંગ્લાદેશના જનરલ સેક્રેટરી ચારુ ચંદ્ર દાસે કહ્યું છે કે ઈસ્કોન ચિન્મય કૃષ્ણ દાસના કોઈપણ નિવેદન કે પ્રવૃત્તિની જવાબદારી લેતું નથી. તેમણે ઢાકામાં એક પ્રેસ કોન્ફરન્સમાં આની જાહેરાત કરતા કહ્યું કે ચિન્મય પ્રભુને તાજેતરમાં જ ઈસ્કોનમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે બાંગ્લાદેશમાં ઈસ્કોનના મહંત ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડ બાદ વિવાદ વધુ ઘેરો બન્યો છે. બાંગ્લાદેશ વિરુદ્ધ ઉશ્કેરણીજનક નિવેદનો આપવા બદલ સોમવારે દાસની ચિત્તાગોંગમાં ધરપકડ કરવામાં આવી હતી અને તેમની સામે રાજદ્રોહનો કેસ નોંધવામાં આવ્યો હતો. તેની ધરપકડ



બાદ બાંગ્લાદેશમાં ઈસ્કોનના સમર્થકો અને લઘુમતી સમુદાયના લોકોએ વિરોધ પ્રદર્શન શરૂ કર્યા હતા.

ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડ બાદ બાંગ્લાદેશમાં વિરોધ પ્રસરી ગયો હતો, ત્યારબાદ ISKCON પર પ્રતિબંધ મૂકવાની માંગ પણ તેજ થઈ ગઈ હતી. ISKCON પર પ્રતિબંધ મૂકવા માટે બાંગ્લાદેશ હાઈકોર્ટમાં પણ અરજી દાખલ કરવામાં આવી હતી. જોકે, હાઈકોર્ટે ISKCON પર પ્રતિબંધ મૂકવાનો ઈક્રાર કર્યો હતો. કોર્ટે ઈસ્કોનની પ્રવૃતિઓ પર પ્રતિબંધ મુકવાના કેસને ફગાવી દીધો હતો અને કહ્યું હતું કે નક્કર પુરાવા વિના સુઓ મોટુ સંજ્ઞાન લઈ શકાય નહીં. હાઈકોર્ટના નિર્ણય બાદ ઈસ્કોનની કોલકાતા શાખાના ઉપાધ્યક્ષ રાધારમણ દાસે તેને ન્યાયની જીત ગણાવી છે. ''અમારા પર પ્રતિબંધ મૂકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ કોર્ટે તેને ફગાવી દીધો,'' લાખો શ્રદ્ધાળુઓ માટે આ રાહતની વાત છે.''

। (એજન્સી) ઢાકા, તા.૨૮ ।

બાંગ્લાદેશમાં ભારે તણાવ વચ્ચે ઈસ્કોનને મોટી રાહત મળી છે. હાઈકોર્ટે ઈસ્કોન પર પ્રતિબંધ મૂકવાનો ઈનકાર કરી દીધો છે. કોર્ટે કહ્યું છે કે અમે વચગાળાની સરકાર દ્વારા કરવામાં આવી રહેલી કાર્યવાહીથી સંતુષ્ટ છીએ. તેથી હાલમાં આ મામલે સુઓ મોટો સંજ્ઞાન લેવાની જરૂર નથી. બાંગ્લાદેશમાં બુધવારે સુપ્રીમ કોર્ટના વકીલ મોનીરુઝ્ઝમાને જસ્ટિસ ફરાહ મહેબૂબ અને જસ્ટિસ દેબાશીષ રોય ચૌધરીની પીઠ સમક્ષ અરજી દાખલ કરીને ઈસ્કોન પર પ્રતિબંધ લગાવવાની માગ કરી હતી. તેમણે ચટગાંવ અને રંગપુરમાં ઈમરજન્સી જાહેર કરવાની પણ અપીલ કરી હતી. સુનાવણીની શરૂઆતમાં એટર્ની જનરલ દ્વારા ડેપ્યુટી એટર્ની જનરલ અસદુદ્દીને સરકાર દ્વારા ઉઠાવવામાં આવેલા પગલાં અંગેની જાણકારી કોર્ટમાં આપી હતી. તેમણે કોર્ટને કહ્યું કે આ ઘટના પર સરકારનું વલણ કડક છે. આ મામલે અત્યાર સુધીમાં ત્રણ કેસ સામે આવ્યા છે, જેમાં એક કેસમાં ૧૩ લોકોને, એકમાં ૧૪ લોકોને અને અન્યમાં ૪૯ લોકોને આરોપી બનાવવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ૩૩ લોકોની ધરપકડ કરવામાં આવી ચૂકી છે. CCTV દ્વારા વધુ ૬ લોકોની ઓળખ કરવામાં આવી છે. સરકાર દ્વારા કોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, પોલીસ એક્ટિવ છે, આરોપીની પૂછપરછ કર્યા બાદ માહિતીના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે. ડેપ્યુટી એટર્ની જનરલ અસદુદ્દીને કહ્યું કે, માત્ર ચટગાંવમાં જ નહીં પરંતુ અન્ય સ્થળોએ પણ સુરક્ષા દળો આ મુદ્દા પર સર્વોચ્ચ પ્રાથમિકતા સાથે કામ કરી રહ્યા છે. સુનાવણી દરમિયાન એક ન્યાયાધીશે કહ્યું કે લોકોના જીવને વધુ નુકસાન ન થવું જોઈએ. ઈસ્કોન પર પ્રતિબંધ મૂકવાની માગ પર જજોએ કહ્યું કે, સરકાર સર્વોચ્ચ પ્રાથમિકતા સાથે કામ કરી રહી છે અમે સરકારની કાર્યવાહીથી સંતુષ્ટ છીએ અને અમને રાજ્યની જવાબદારીમાં વિશ્વાસ છે. આ દરમિયાન કોર્ટે ટિપ્પણી કરી કે, 'આપણા દેશમાં તમામ ધર્મના લોકો ખૂબ જ સૌહાર્દપૂર્ણ અને મૈત્રીપૂર્ણ છે, પરસ્પર સન્માન અને પ્રેમ ક્યારેય નહીં ગુમાવશે. તેથી અરજદારે કોઈ ચિંતા કરવાની જરૂર નથી. બાંગ્લાદેશમાં ઈસ્કોનને તાત્કાલિક રાહત મળી હોવા છતાં પણ તેના પર સંકટ હજુ પણ યથાવત છે. હકીકતમાં કટ્ટરપંથી જમાત-એ-ઈસ્લામી બાંગ્લાદેશના કાર્યકર્તાઓ સતત યુનુસ સરકાર પર ઈસ્કોન વિરુદ્ધ કાર્યવાહી કરવા માટે દબાણ કરી રહ્યા છે. બુધવારે કોર્ટમાં સુનાવણી દરમિયાન એટર્ની જનરલે ઈસ્કોનને કટ્ટરવાદી સંગઠન ગણાવ્યું હતું. આવી સ્થિતિમાં હાઈકોર્ટે ઈસ્કોન પર પ્રતિબંધ લગાવવાનો ઈનકાર કરી દીધો હોવા છતાં યુનુસ સરકાર દ્વારા ઈસ્કોન સામે કાર્યવાહીનો જોખમ તોળાઈ રહ્યું છે. તેથી ઈસ્કોન બાંગ્લાદેશમાં તેની વિરુદ્ધ ચાલી રહેલા પ્રોપેગેન્ડાને નિષ્ફળ બનાવવાની લડાઈમાં આ ૩ ઉપાયોનો ઉપયોગ કરી શકે છે.

૧. બાંગ્લાદેશમાં ચાલી રહેલી કાનૂની અને વહીવટી કાર્યવાહી સામે સંપૂર્ણ તાકાતથી લડાઈ લડે.

૨. ઈસ્કોન એક આંતરરાષ્ટ્રીય મંચ છે, તેથી તેને વૈશ્વિક મંચ પર ધાર્મિક સ્વતંત્રતાના ઉલ્લંઘન તરીકે ઉઠાવવો જોઈએ.

૩. ICCમાં બાંગ્લાદેશ સરકાર વિરુદ્ધ કેસ ચલાવવામાં આવે.

બાંગ્લાદેશમાં લઘુમતીઓની સ્થિતિ અંગે ચિંતાજનક સ્થિતિ સર્જાઇ છે. દેશના હિંદુ સમુદાયના અગ્રણી ચિન્મય કૃષ્ણ દાસની ધરપકડને લઈને અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે ત્યારે બાંગ્લાદેશની સુપ્રીમ કોર્ટમાં ઈસ્કોન સંપ્રદાય પર પ્રતિબંધ મૂકવાની માગ કરતી અરજી દાખલ કરવામાં આવી હતી. મીડિયા અહેવાલ મુજબ, અરજીમાં ઈસ્કોનને 'કટ્ટરવાદી' સંગઠન ગણાવવામાં આવ્યું હતું તેમજ આક્ષેપ કર્યો છે કે ઈસ્કોન રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો છે અને સાંપ્રદાયિક અશાંતિને પ્રોત્સાહન આપે છે.

## હેમંત સોરેન ચોથીવાર ઝારખંડના મુખ્યમંત્રી બન્યા



। રાંચી, તા.૨૮ ।

ઝારખંડ વિધાનસભા ચૂંટણીમાં ઝારખંડ મુક્તિ મોર્ચા (JMM)ની આગેવાની વાળા ઈન્ડિયા બ્લોકને મોટી જીત મળી હતી. ચૂંટણી પરિણામો આવવાને પાંચ દિવસ થયા છે અને ઝારખંડને હવે નવી સરકાર મળી ગઈ છે. રાજ્યપાલ સંતોષ ગંગવારે હેમંત સોરેનને ઝારખંડના મુખ્યમંત્રી નિયુક્ત કર્યા છે. હેમંત સોરેનને રાંચીના મોરહાબાદી મેદાનમાં આયોજિત ભવ્ય કાર્યક્રમમાં ઝારખંડના ૧૪માં મુખ્યમંત્રી તરીકે પદ અને ગોપનીયતાના શપથ લીધા. રાજ્યપાલ સંતોષ ગંગવારે હેમંત સોરેનને પદ અને ગોપનિયતાના શપથ અપાવ્યા. હેમંત સોરેન ચોથીવાર ઝારખંડના મુખ્યમંત્રી બન્યા છે. મુખ્યમંત્રીની સાથે ૬ થી ૮ મંત્રીઓના પણ શપથ લેવાની ચર્ચા હતી, પરંતુ એવું થયું નહીં. રાંચીના મોરહાબાદી મેદાનમાં મુખ્યમંત્રીની સાથે કોઈ મંત્રીએ શપથ ન લીધા. હેમંતના શપથ ગ્રહણમાં તેમના પિતા અને ત્રીજી વખતના પૂર્વ મુખ્યમંત્રી શિબૂ સોરેન પણ હાજર રહ્યા.

વાયનાડમાં મોટી જીત મેળવીને સંસદમાં એન્ટ્રી લીધી । પ્રિયંકા ગાંધીએ ચાર લાખથી વધુ મતોથી જીત મેળવી હતી

# બંધારણની નકલ હાથમાં રાખીને પ્રિયંકાએ લીધા સાંસદ પદના શપથ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

કોંગ્રેસના ઉમેદવાર પ્રિયંકા ગાંધી વાડ્રાએ પોતાના ચૂંટણી પદાર્પણમાં શાનદાર દેખાવ કર્યો છે. તેમણે વાયનાડ લોકસભા પેટાચૂંટણીમાં મોટી જીત હાંસલ કરી છે. રાહુલ ગાંધીએ વાયનાડ બેઠક છોડ્યા બાદ પ્રિયંકા ગાંધીએ વાયનાડથી ચૂંટણી લડ્યા હતા. તેમની પ્રથમ ચૂંટણીમાં પ્રિયંકા ગાંધીએ ચાર લાખથી વધુ મતોથી જંગી જીત મેળવી હતી. વાયનાડથી લોકસભા ચૂંટણીમાં રાહુલ ગાંધીની જીતના માર્જિન કરતાં તેમની જીતનું માર્જિન ઘણું વધારે હતું. જોકે હવે તેમણે સાંસદ પદના શપથ લઈ લીધા છે અને આજે તેઓ સંસદમાં પહોંચ્યા હતા જ્યાં તેમણે રાહુલ ગાંધીની જેમ બંધારણની નકલ હાથમાં રાખીને સાંસદ પદના શપથ લીધા હતા.

આ સાથે હવે દેશની સંસદમાં ગાંધી પરિવારના ત્રણ સભ્યો પહેલીવાર એકસાથે જોવા મળશે. બીજી બાજુ તેમના શપથ બાદ હોબાળો યથાવત્ રહેતા લોકસભાની કાર્યવાહી ૧૨ વાગ્યા સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. લગભગ સાડા ત્રણ દાયકાનો રાજકીય અનુભવ ધરાવતી પ્રિયંકાએ પ્રથમ વખત ચૂંટણીના રાજકારણમાં પ્રવેશ કર્યો અને વાયનાડથી પેટાચૂંટણી લડી. વાયનાડમાં પ્રિયંકાએ સીપીઆઈ(એમ)ના સત્યન મોકેરીને ચાર લાખથી વધુ મતોથી હરાવ્યા. પ્રિયંકા ગાંધીનો જન્મ ૧૨ જાન્યુઆરી, ૧૯૭૨ના રોજ દિલ્હીમાં થયો હતો. તેમનું શાળાકીય શિક્ષણ વેલ્હામ ગર્લ્સ સ્કૂલ, દેહરાદૂનથી શરૂ થયું હતું. પરંતુ ૧૯૮૪માં ઈન્દિરા ગાંધીના અવસાન પછી, તેમણે સુરક્ષાના કારણોસર તેમનો અભ્યાસ અધવચ્ચે જ છોડી દેવો પડ્યો હતો અને ૧૯૮૯માં કોન્વેન્ટ ઑફ જીસસ એન્ડ મેરી સ્કૂલ, દિલ્હીમાંથી સ્કૂલિંગ પૂરું કર્યું હતું. પ્રિયંકાએ ૧૯૯૩માં દિલ્હી યુનિવર્સિટીમાંથી મનોવિજ્ઞાનમાં સ્નાતકની ડિગ્રી મેળવી હતી. ૨૦૧૦ માં, તેમણે યુકેની યુનિવર્સિટી ઓફ સન્ડરલેન્ડમાંથી બૌદ્ધ અધ્યયનમાં પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કર્યું હતું. ૧૯૯૭માં પ્રિયંકા ગાંધીએ દિલ્હીના બિઝનેસમેન રોબર્ટ વાડ્રા સાથે ૧૨ વર્ષની મિત્રતા બાદ લગ્ન કરી લીધા. પ્રિયંકા ગાંધીને બે બાળકો છે - રેહાન વાડ્રા અને મિરાયા વાડ્રા.



## પ્રિયંકા ગાંધીના શપથ લેતાની સાથે જ યાદ આવી ૭૧ વર્ષ જૂની કહાની

**પ્રિયંકા ગાંધીએ આજે લોકસભામાં સંસદ સભ્ય તરીકેના શપથ લીધા. પ્રિયંકા ગાંધીના શપથની સાથે જ ગાંધી-નહેરુ પરિવારના ૧૬માં સભ્યએ સંસદમાં પ્રવેશ કર્યો. આ સાથે જ આ એન્ટ્રીથી ગાંધી પરિવારના અનેક અનોખા રેકોર્ડ બન્યા છે. આવું પહેલીવાર બન્યું કે માતા સોનિયા ગાંધી રાજ્યસભા સભ્ય છે અને તેમના બંને સંતાન રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી એક સાથે સંસદમાં છે. ભાઈ બહેનની રીતે જોઈએ તો ૭૧ વર્ષ બાદ ગાંધી-નહેરુ પરિવારનો ઈતિહાસ સંસદમાં દોહરાવવામાં આવી રહ્યો છે. ૧૯૫૩ સુધી પંડિત જવાહરલાલ નહેરુ અને વિજયલક્ષ્મી પંડિતની ભાઈ બહેનની જોડી સંસદમાં જોવા મળતી હતી. હવે ૭૧ વર્ષ બાદ તે ગાંધી-નહેરુ પરિવારથી રાહુલ-પ્રિયંકા તરીકે ભાઈ બહેનની જોડી સંસદમાં જોવા મળી રહી છે. અહીં એ જણાવવું જરૂરી છે કે ૧૯૭૭ને બાદ કરતા એવો કોઈ સમય નહતો કે જ્યારે ગાંધી-નહેરુ પરિવારના કોઈ પણ સભ્ય સંસદમાં જોવા ન મળ્યા હોય. અનેકવાર એવું પણ બન્યુ કે આ પરિવારના પાંચ પાંચ સભ્યો એક સાથે સંસદમાં જોવા મળ્યા હોય. પહેલી લોકસભાની રચના ૧૯૫૧-૫૨ માં થઈ હતી. તે સમયે લોકસભામાં ૪૮૯ સભ્યો હતા. તેમાંથી પાંચ સભ્ય ગાંધી-નહેરુ પરિવારના હતા. પંડિત જવાહરલાલ નહેરુ, બહેન વિજયાલક્ષ્મી પંડિત, અને જમાઈ ફિરોઝ ગાંધી ઉપરાંત ઉમા નહેરુ અને શ્યોરાજવતી નહેરુ પણ ચૂંટણી જીત્યા હતા. ઉમા નહેરુના પતિ શ્યામલાલ નહેરુ, પંડિત નહેરુના તાઉના પુત્ર હતા. ૧૯૫૩માં વિજયાલક્ષ્મી પંડિત સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના અધ્યક્ષ પસંદ કરાયા આથી તેમણે પોતાની લખનઉ સેન્ટ્રલ લોકસભા સીટથી રાજીનામું આપ્યું હતું.**

# સબમરીનથી સમુદ્રમાં પરમાણુ બેલેસ્ટિક મિસાઈલનું સિક્રેટ સફળ પરીક્ષણ કરાયું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

ઈન્ડિયન નેવીએ પોતાની ન્યુક્લિયર પાવર્ડ સબમરીન INS Arighaat પહેલીવાર K-4 SLBMનું સફળ પરીક્ષણ કર્યું છે. એટોમિક હથિયાર લઈ જનારી આ મિસાઈલની રેન્જ ૩૫૦૦ કિલોમીટર છે. આ મિસાઈલની ખાસિયત એ છે કે તે દેશને સેકેન્ડ સ્ટ્રાઈકની ક્ષમતા પ્રદાન કરે છે. એટલે કે દેશના ન્યુક્લિયર ટ્રાયડને એ તાકાત મળી જાય છે કે, જો જમીન પર સ્થિતિ સારી ન હોય તો પાણીની અંદરથી સબમરીન હુમલો કરી શકે છે. K-4 SLBM એ એક ઈન્ટરમીડિયેટ રેન્જની સબમરીનથી લોન્ચ થનારી પરમાણુ બેલિસ્ટિક મિસાઈલ છે. તેને નેવીની અરિહંત ક્લાસ સબમરીનમાં લગાવવામાં આવી છે. આ અગાઉ ભારતીય નૌકાદળ K-15નો



ઉપયોગ કરી રહી હતી. પરંતુ K-4 વધુ સારી, સચોટ, મેન્યૂવરેબલ અને સરળતાથી ઓપરેટ થનારી મિસાઈલ છે. INS અરિહંત અને અરિઘાટ સબમરીનોમાં ચાર વર્ટિકલ લોન્ચિંગ સિસ્ટમ છે. જેના કારણે તે લોન્ચ થાય છે. આ મિસાઈલનું વજન ૧૭ ટન છે અને તેની લંબાઈ ૩૯ ફૂટ છે. તેનો વ્યાસ ૪.૩ મીટર છે. તે ૨૫૦૦ કિલો વજનના સ્ટ્રેટેજિક ન્યુક્લિયર હથિયાર લઈને ઉડાન ભરવામાં સક્ષમ છે. બે સ્ટેજની આ મિસાઈલ સોલિડ રોકેટ મોટરથી ચાલે છે. આમાં પ્રોપેલેન્ટ પણ સોલિડ જ પડે છે. તેની ઓપરેશનલ રેન્જ ૪૦૦૦ કિલોમીટર છે. ભારતનો નિયમ છે કે તે પહેલા કોઈ પર પરમાણુ હુમલો નહીં કરશે. પરંતુ જો તેના પર આ હુમલો કરવામાં આવે તો તે છોડશે નહી. તેથી નૌકાદળમાં આવી મિસાઈલો હોવી ખૂબ જ જરૂરી છે. ૧૫ જાન્યુઆરી ૨૦૧૦ના રોજ વિશાખાપટ્ટનમના દરિયાકાંઠે પાણીના ૧૬૦ ફૂટ અંદર પોન્ટૂન બનાવીને ત્યાંથી તેનું સફળ ડેવલપમેન્ટલ લોન્ચ કરવામાં આવ્યું હતું.

# દિલ્હીના પ્રશાંત વિહારમાં જોરદાર વિસ્ફોટ, NIA તપાસમાં જોડાઈ

। નવી દિલ્હી, તા.૨૮ ।

દિલ્હીના પ્રશાંત વિહાર વિસ્તારમાં ફરી એકવાર વિસ્ફોટ થયો છે. સ્થાનિક લોકોએ વિસ્ફોટનો અવાજ સાંભળ્યો હતો. જેની માહિતી પોલીસને આપવામાં આવી હતી. ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. વિસ્ફોટ કયા કારણોસર થયો તેની માહિતી મેળવવામાં આવી રહી છે. હજુ સુધી જાન-માલના નુકસાનની કોઈ માહિતી નથી. જો કે ઘટનાસ્થળેથી સફેદ પાઉડર જેવું મળતાં ખળભળાટ મચી ગયો છે. જેમાં હવે NIAની ટીમે તપાસમાં ઝુંકાવ્યું છે. આ પહેલા ૨૦ ઓક્ટોબરે પણ પ્રશાંત વિહાર વિસ્તારમાં બ્લાસ્ટ થયો હતો. દિલ્હી ફાયર સર્વિસના જણાવ્યા અનુસાર, તેમને ગુરુવારે સવારે ૧૧:૫૮ વાગ્યે વિસ્ફોટની માહિતી મળી હતી. ફાયર એન્જિનને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા છે.

# પોલીસની નેગેટિવ રિપોર્ટ છતાં પણ બની શકશે પાસપોર્ટ : રાજસ્થાન હાઈકોર્ટ

। (એજન્સી) જયપુર, તા.૨૮ ।

પાસપોર્ટ બનાવવા અથવા રિન્યુ કરાવવા માટે લાઈનમાં ઊભા રહેતા લોકો માટે સારા સમાચાર છે. રાજસ્થાન હાઈકોર્ટે કહ્યું છે કે, પોલીસ તપાસનો રિપોર્ટ નેગેટિવ આવે તેમ છતાં પણ પાસપોર્ટ બનાવતા રોકી શકાશે નહીં. તાજેતરમાં હાઈકોર્ટે ચુકાદો આપ્યો કે, પોલીસ વેરિફિકેશન રિપોર્ટ નેગેટિવ હોવો એ કોઈ નાગરિકને પાસપોર્ટ મેળવવાના કાયદાકીય અધિકારથી વંચિત કરી શકે નહીં. જસ્ટિસ અનૂપ કુમારની બેંચે ભારપૂર્વક જણાવ્યું કે, પાસપોર્ટ ઓથોરિટી પોલીસ રિપોર્ટ સાથે બંધાયેલી નથી. કોર્ટે સ્પષ્ટ કર્યું કે, પાસપોર્ટ એક્ટ, ૧૯૬૭ ની જોગવાઈઓ પાસપોર્ટ ઓથોરિટીને પાસપોર્ટ જારી કરતા પહેલા તપાસ કરવાની પરવાનગી આપે છે, તેથી તે મુસાફરી દસ્તાવેજની માંગ કરનાર વ્યક્તિના પૂર્વજોના સંબંધમાં પોલીસ વેરિફિકેશન રિપોર્ટને પણ ધ્યાનમાં લઈ શકે છે.

# વિપક્ષ સામે ઝૂકી સરકાર : વક્ફ બિલ ઉપર JPCનો કાર્યકાળ વધારવામાં આવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

સંસદના શિયાળુ સત્રના પ્રથમ અઠવાડિયાના છેલ્લા દિવસે સંયુક્ત સંસદીય સમિતિ (JPC) એ વક્ફ બિલ અંગે તેનો રિપોર્ટ રજૂ કરવાનો હતો. શિયાળુ સત્રના એજન્ડામાં પણ આ મુદ્દો સામેલ હતો. જોકે જેપીસીમાં સામેલ વિપક્ષના સાંસદો કાર્યકાળ આગળ વધારવાની માગ કરી રહ્યા હતા. પરંતુ આ સમિતિનું નેતૃત્વ કરનારા ભાજપના સાંસદ જગદંબિકા પાલે દાવો કર્યો હતો કે તેમનો રિપોર્ટ તૈયાર છે. જોકે જેપીસીનો રિપોર્ટ ગૃહમાં રજૂ થાય તેના એક દિવસ પહેલા જ જેપીસીનો કાર્યકાળ વધારવાનો પ્રસ્તાવ મંજૂર કરી લેવામાં આવ્યો છે. જેપીસી પ્રમુખ પાલે વધુ સમયની માગ કરતા કાર્યકાળ વધારવા સંબંધિત પ્રસ્તાવ લોકસભામાં રજૂ કર્યો હતો જેને પસાર કરી દેવામાં આવ્યો હતો.

# મુંબઈમાં ૭૭ વર્ષની મહિલા સાથે થયેલો સાયબર ફ્રોડ

। (એજન્સી) મુંબઈ, તા.૨૮ ।

ભારતમાં સાયબર છેતરપિંડી હવે ખૂબ જ સામાન્ય બની ગઈ છે. ત્યારે આ વચ્ચે મુંબઈમાં ૭૭ વર્ષની મહિલા સાથે સાયબર ફ્રોડનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. આ ઠગોએ ખુદને law enforcement officials જણાવી મહિલાને ડિજિટલ અરેસ્ટ કરી લીધી હતી. તેને ધમકી આપીને રૂ.૩.૮૦ કરોડની છેતરપિંડી કરી હતી. આ સમગ્ર મામલાનો ખુલાસો ત્યારે થયો જ્યારે મહિલાએ વિદેશમાં રહેતી તેની પુત્રીને ફોન કર્યો. મુંબઈ પોલીસે આ સમગ્ર મામલાની તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ગત મહિને એક અજાણ્યા વ્યક્તિએ મહિલાને વોટ્સએપ કોલ કર્યો હતો. ફોન કરનારે કહ્યું હતું કે, મહિલા દ્વારા તાઈવાન મોકલવામાં આવેલા પાર્સલમાં પ્રતિબંધિત એમડીએમએ ડ્રગ્સ, પાંચ પાસપોર્ટ, એક બેંક કાર્ડ અને કપડાં મળી આવ્યા છે.

## બોટાદકરની ૧૫૪મી જન્મ જયંતીએ સાહિત્ય, સર્જન અને સર્જનકારનો ત્રિવેણી સંગમ સર્જતો કાર્યક્રમ "સર્જક સાથે સંવાદ"




। (માહિતી બ્યુરો) બોટાદ, તા.૨૮ ।

રાજ્ય સરકારના માહિતી વિભાગની બોટાદ જિલ્લા માહિતી કચેરી અને ગુજરાત પ્રેસ અકાદમીના સંયુક્ત ઉપક્રમે કવિશ્રી બોટાદકરની ૧૫૪મી જન્મજયંતી નિમિત્તે "સર્જક સાથે સંવાદ" કાર્યક્રમનું આયોજન કવિશ્રી બોટાદકર કોલેજ ખાતે કરવામાં આવ્યું હતું.જેમાં મુખ્ય વક્તા તરીકે ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે અનેરૂં પ્રદાન આપનારા કવિશ્રી વિનોદ જોશી ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં શ્રી પિનાકીભાઈ મેઘાણી અને શ્રી અભેસિંહ રાઠોડ પણ સવિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં કવિશ્રી વિનોદ જોશીએ બોટાદ સાથે સંકળાયેલા તેમના યાદગાર સંભારણાઓ વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો અને વિદ્યાર્થીઓ સાથે પોતાનો વિદ્યાર્થીકાળ યાદ કરતા શ્રી વિનોદ જોશીએ જણાવ્યું હતું કે, "બોટાદ માહિતી કચેરી દ્વારા આયોજિત "સર્જક સાથે સંવાદ" કાર્યક્રમ થકી મને ફરી જૂના દિવસો યાદ કરવાનો અવસર મળ્યો છે. યુવા મહોત્સવોમાં નાટકો, ગીતો, કવિતાઓનું સર્જન કરીને કવિ માનસનું ઘડતર થાય છે. બોટાદની સરકારી હાઈસ્કૂલ અને બોટાદકર કોલેજમાં મેં અભ્યાસ કર્યો હતો, અને અહીં મારી અનેક યાદો જોડાયેલી છે. નવી પેઢી પણ સાહિત્ય સર્જન તરફ વળે અને સાહિત્યની વિરાસત ને આગળ ધપાવે તેવી અપેક્ષા છે." કવિશ્રી વિનોદ જોશીએ તેમની સર્જન યાત્રાના અનુભવો અને પ્રેરણા અંગે વાત કરતા જણાવ્યું હતુ કે, "અભિવ્યક્તિમાં ભાવ એ જ સત્ય છે, નાનું બાળક પણ માતાનો ભાવ સમજી શકે છે તે માટે ભાષાની જરૂર નથી રહેતી. મારો હંમેશા પ્રયાસ રહે છે કે મારા તમામ કાવ્યો ભાવ આધારિત હોય. આ ક્ષણે હું મારા શિક્ષકોને પ્રણામ કરૂં છું. જો મારા શિક્ષકોએ મને "ક" ન શીખવ્યો હોત તો હું કક્કો ન શીખ્યો હોત. જગતની કવિતામાં કક્કો અને બારાક્ષરી અને તેનું સંયોજન જ છે. આ પળે કવિ બોટાદકર અને શ્રી ઝવેરચંદ મેઘાણીની વંદના કરૂં છું. બોટાદની સમગ્ર ભૂમિ ભાષાનો ઉત્કર્ષ કરનારી ભૂમિ છે. માહિતી ખાતું એ રાજ્ય સરકારનું ખૂબ જ મહત્વપૂર્ણ ખાતું છે. માહિતી, મનોરંજન અને શિક્ષણ એમ ત્રણેય ક્ષેત્રોને માહિતી ખાતું આવરી લે છે." તેમ જણાવી કવિશ્રી વિનોદ જોશીએ બોટાદ જિલ્લા માહિતી કચેરીનો આભાર વ્યક્ત કર્યો હતો. કવિશ્રીના વક્તવ્ય બાદ તેમણે ઉપસ્થિત મહેમાનો અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો. કવિશ્રીએ પોતાના કંઠે તેમની સુપ્રસિદ્ધ રચનાઓનું પઠણ કરી ઉપસ્થિતોને મંત્રમુગ્ધ કર્યા હતા. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના સાહિત્યના વારસાને જન-જન સુધી પહોંચાડવાનું કાર્ય કરતા અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક શ્રી પિનાકીભાઈ મેઘાણીએ પ્રસંગ અનુરૂપ પ્રવચન કર્યું હતું. તેમણે કવિશ્રી બોટાદકર સાથે શ્રી મેઘાણીના સંભારણાં વ્યક્ત કર્યા હતા તેમજ 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવા બદલ બોટાદ જિલ્લા માહિતી કચેરીનો આભાર માન્યો હતો ભવિષ્યમાં પણ આવા કાર્યક્રમોનું આયોજન થાય અને ગુજરાતી સાહિત્ય સર્જનમાં નવા સર્જકો ઉમેરાય એવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

આ તકે શ્રી અભેસિંહ રાઠોડ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમના દ્વારા પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. અભેસિંહ રાઠોડે સુપ્રસિદ્ધ જનનીની જોડ સખી નહીં જડે રે લોલ ગાઈને અને તેની અર્થસભર પ્રસ્તુતિ કરીને કવિશ્રી બોટાદકરને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. કાર્યક્રમમાં બોટાદના યુવાવક્તા શ્રી પ્રવિણભાઈ ખાચરે કવિશ્રી બોટાદકરના જીવન કવનને રજૂ કર્યું હતું. કાર્યક્રમમાં સંયુક્ત માહિતી નિયામક શ્રી જયેશ દવે તેમજ કવિશ્રી બોટાદકર કોલેજના આચાર્યશ્રી અનિરૂદ્ધસિંહ મકવાણા દ્વારા પ્રસંગને અનુરૂપ પ્રવચન આપ્યું હતું. સર્જક સાથે સંવાદ કાર્યક્રમની સ્વાગત વિધિ સહાયક માહિતી નિયામક અને બોટાદ જિલ્લા માહિતી કચેરીના વડાશ્રી સપનાબેન ભટ્ટી દ્વારા કરવામાં આવી હતી જ્યારે આભાર વિધિ બોટાદ બોટાદ જિલ્લા માહિતી કચેરીના સિનિયર ક્લાર્કશ્રી ભરતભાઈ દેત્રોજા દ્વારા કરવામાં આવી હતી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન માહિતી મદદનીશશ્રી હેમાલી ભટ્ટ દ્વારા કરવાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદ અને ભાવનગર જિલ્લા માહિતી કચેરીના અધિકારીઓ અને કર્મયોગીઓ, બોટાદ જિલ્લા સંકલનના અધિકારીશ્રીઓ, વિદ્યાભારતી ટ્રસ્ટના મંત્રીશ્રી નિકુંજભાઈ, સાહિત્ય પ્રેમી જનતા તેમજ બોટાદકર કોલેજના વિદ્યાર્થીઓ અને પ્રોફેસરશ્રીઓ અને પ્રેસ-મીડિયાના મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.


### શહેર પોલીસે મેગા કોમ્બિંગ કર્યા બાદ

# બીજા દિવસે પણ અડધી રાત સુધી રોડ પર રહીને ૧૩ હજારથી વધુ વાહનો ચેક કર્યા









**અડધી રાત સુધી પોલીસે કામગીરીના નામે ૯૬૦ વાહનો ડિટેઇન કરીને સંતોષ માન્યો ૧૩ હજારથી વધુ વાહનો ચેક કરીને ૧૦.૫૮ લાખનો દંડ વસૂલાયો**

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

સરકારે શહેર પોલીસના અધિકારીઓને ઠપકો આપ્યા બાદ ઉચ્ચ પોલીસ અધિકારીઓએ સરકાર સુધી પોતાની કામગીરી બતાવવા નિર્દોષ લોકો પર નિયમોની આડમાં દંડો ઉગામ્યો છે. શહેર પોલીસે મેગા કોમ્બિંગ કર્યા બાદ બીજા દિવસે પણ અડધી રાત સુધી રોડ પર રહીને ૧૩ હજારથી વધુ વાહનો ચેક કર્યા હતા. જેમાં રૂ. ૧૦.૫૮ લાખનો દંડ વસૂલતા પ્રજામાં રોષ અને નારાજગી વ્યાપી છે.

બીજી બાજુ પોલીસે અડધી રાતમાં ૯૬૦ વાહનો ડિટેઈન કરી સંતોષ માન્યો હતો. પોલીસને મળેલા ઠપકાનો નિર્દોષ નાગરિકો ભોગ બનતા હોય તેવી સ્થિતિનો અનુભવ નાગરિકોને થયો હતો અને પોલીસ સામે લોકોએ ભારોભાર નારાજગી દર્શાવી હતી. રાત્રે પરિવાર કે મિત્રો સાથે ટહેલવા નીકળેલા અનેક નિર્દોષ લોકોના વાહનો જપ્ત કરીને સરકારને મોટી કામગીરીનો આંકડો બતાવીને પોલીસે સંતોષ માન્યો છે.

અમદાવાદ શહેરમાં ગુનાખોરીનું પ્રમાણ વધતા પોલીસને અચાનક જ એવું શૂરાતન ચડ્યું કે જાણે કે દરેક સામાન્ય નાગરિક ગુનેગાર હોય તે પ્રકારે વર્તન કરવામાં આવી રહ્યું છે. સરકારે રોડ પર ઉતરીને ગુનેગારો પર લાલ આંખ કરવા માટે સૂચના આપતા પોલીસ અધિકારીઓ ઠપકો સહન કરી શક્યા નથી. સરકારના ઠપકાનો રોષ અધિકારીઓએ સામાન્ય પ્રજા પર ઠાલવ્યો છે. જેથી ગુનેગારો હાથ ન લાગતા પોલીસે નિર્દોષ લોકો સામે કાર્યવાહીનો દંડો ઉગામ્યો છે. મંગળવારે રાત્રે પણ ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ઝોન પ્રમાણે વાહન ચેકિંગ, વાહન ડિટેઈન અને પ્રોહિબિશનના કેસ માટે ચોક્કસ ટાર્ગેટ આપતા શહેર પોલીસનો કાફલો અડધી રાત સુધી રોડ પર ઉતરી ગયો હતો.

જેમાં પોલીસે માત્રને માત્ર નિર્દોષ લોકોને રોકીને રસ્તા જામ કરીને વાહનો ડિટેઈનની કામગીરી કરીને સંતોષ માન્યો હતો. પોલીસે મોટા મોટા આંકડા બતાવીને પણ સરકારને મનાવવા પ્રયાસ કર્યો હતો. શહેર પોલીસે મંગળવારે રાત્રે ૧૩ હજારથી વધુ વાહનો ચેક કર્યા હતા. જેમાં પોલીસે ૧૩૯૬ મેમો આપીને ૧૦.૫૮ લાખનો દંડ વસૂલ્યો હતો. તો બીજી બાજુ પોલીસે ૯૬૦ વાહનો ડિટેઈન કર્યા હતા. જોકે, એક રાતમાં માત્ર ૯૩ લોકો છરી કે ગુપ્તી જેવા હથિયારો સાથે મળી આવ્યા હતા ત્યારે ગુનેગારોને કાબૂમાં ન રાખી શકનારી પોલીસના કારણે નિર્દોષ લોકો અડધી રાત્રે હેરાન પરેશાન થઈ જતા લોકોએ રોષ ઠાલવ્યો છે.

શહેર પોલીસે રાતભર માત્ર ને માત્ર સરકારને આંકડાની માયાજાળમાં ભરમાવીને આંખોમાં ધૂળ નાખવા સમાન કામગીરી કરી હતી. પોલીસે બે દિવસમાં માત્ર ને માત્ર વાહનો ડિટેઈન કરવા અને દંડ વસૂલવા પર ભાર આપ્યો હતો. જ્યારે એજન્સીઓ સહિતની પોલીસે છરી અને ગુપ્તી જેવા હથિયાર કબજે કરીને સંતોષ માન્યો હતો. શહેરમાં ખુલ્લેઆમ ડ્રગ્સ, હથિયારનું વેચાણ અને વપરાશ વધ્યો હોવા છતાં પોલીસ એક પણ કેસ કરી શકી નથી. આટલું જ નહીં કોઈ મોટા ગુંડાઓ કે નામચીન ક્રિમિનલો પણ ન ઝડપાતા સામાન્ય નાગરિકો જ જાણે ગુનેગાર હોય તેવું ચિત્ર ઉપસ્યું હોવાની ચર્ચા છે.

## નિર્દોષ નાગરિકોમાં આક્રોશ






સરકારના ઠપકાનો રોષ અધિકારીઓએ સામાન્ય પ્રજા પર ઠાલવ્યો છે. જેથી ગુનેગારો હાથ ન લાગતા પોલીસે નિર્દોષ લોકો સામે કાર્યવાહીનો દંડો ઉગામ્યો છે. મંગળવારે રાત્રે પણ ઉચ્ચ પોલીસ અધિકારીઓએ ઝોન પ્રમાણે વાહન ચેકિંગ, વાહન ડિટેઈન અને પ્રોહિબિશનના કેસ માટે ચોક્કસ ટાર્ગેટ આપતા શહેર પોલીસનો કાફલો અડધી રાત સુધી રોડ પર ઉતરી ગયો હતો.

## ખોખરામાં પુત્રની શિક્ષિકા પર પિતાએ બળાત્કાર ગુજારી વીડિયો ઉતારી લીધો

**શિક્ષિકાનો પતિ અન્ય રાજ્યમાં નોકરી કરતો હોવાથી તે ત્યાં જ રહેતો હતો અને ક્યારેક અમદાવાદ આવ જાવ કરતો હતો**

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

ખોખરા વિસ્તારમાં પુત્રની શિક્ષિકા પર પિતાએ બળાત્કાર ગુજારી વીડિયો-ફોટોગ્રાફ પાડી લીધા હતા અને ત્યારબાદ અવાર નવાર ધમકી આપી બળાત્કાર ગુજાર્યો હતો અને ૩૦ લાખ રૂપિયા તથા ૩૦ તોલા સોનું પડાવી લીધું હતું. આ મામલે શિક્ષિકાએ ખોખરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ આદરી છે. નોંધનીય છે કે, શિક્ષિકાનો પતિ અન્ય રાજ્યમાં નોકરી કરતો હોવાથી તે ત્યાં જ રહેતો હતો અને ક્યારેક અમદાવાદ આવ જાવ કરતો હતો. ખોખરા વિસ્તારમાં ૪૩ વર્ષિય મોનિકા (ઓળખ છૂપાવવા નામ બદલ્યું છે) તેના દીકરા અને દીકરી સાથે રહે છે. થોડા વર્ષો પહેલાં મોનિકા ખાનગી સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતી હતી. ત્યારબાદ નોકરી છોડી એક પ્રાઈવેટ ગ્રૂપ ટ્યૂશન શરૂ કર્યું હતું. ૨૦૧૯-૨૦માં કોરોના હોવાથી મોનિકાના ક્લાસમાં ધોરણ-૩માં અભ્યાસ કરતો એક બાળક પણ હતો. કોરોના સમયે સ્કૂલો બંધ થઈ જતા ઓનલાઈન ભણાવવાનું શરૂ કર્યું હતું. જેથી આ બાળકે પણ ઓનલાઈન ભણવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ મોનિકાએ તમામ વિદ્યાર્થીઓના માતા-પિતાનું એક વોટ્સએપ ગ્રૂપ બનાવ્યું હતું. જેમાં બાળકોને અભ્યાસને લગતા પ્રશ્નો બાબતે ચર્ચા થતી હતી. આ દરમિયાન બાળકના પિતા અશોક નિસાદ અવાર નવાર કોઈને કોઈ કારણે મોનિકા સાથે વાત કરતા હતા. અશોકની પત્ની પણ કામ હોય ત્યારે મેસેજ કે કોલ કરતી હતી. અશોક સારી ભાવનાથી વાત ન કરતો હોવાની જાણ મોનિકાને થઈ જતા તેને વાત કરવાનું ટાળ્યું હતું. આ દરમિયાન જુલાઈ ૨૦૨૦માં અશોક મોનિકાના ઘરે પહોંચી ગયો હતો અને તેને પકડી રૂમમાં લઈ ગયો હતો અને તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. આ સમયે અશોકે તેનો વીડિયો અને ફોટોગ્રાફ પણ લઈ લીધા હતા. અશોકે મોનિકાને ધમકી આપી હતી કે, તું આ વાત કોઈને કહીશ તો હું તને બદનામ કરી દઈશ અને ત્યારબાદ અવાર નવાર ધમકી આપી તે શરીર સંબંધ બાંધતો હતો. થોડા દિવસો બાદ અશોકે મોનિકાને તેના અશ્લીલ ફોટા અને વીડિયો બતાવી ધમકી આપી હતી કે, તું પૈસા નહીં આપે અને શરીર સંબંધ નહીં બાંધે તો બધું વાઈરલ કરી દઈશ. મોનિકા પોતાનું ઘર ન તૂટે માટે પૈસા આપવા લાગી હતી. ટુકડે ટુકડે તેણે ૨૫થી ૩૦ લાખ રૂપિયા લઈ લીધા હતા. જેમાં કેટલાક રોકડ અને કેટલાક બેંક મારફતે લીધા હતા. આ ઉપરાંત ત્રીસ તોલા સોનાના દાગીના પણ તેણે લઈ લીધા હતા. પરંતુ બદનામીના ડરે મોનિકા મૂંગા મોઢે બધું સહન કરતી હતી. આ દરમિયાન ઓગસ્ટ ૨૦૨૪માં અશોક મોનિકાના ઘરે આવ્યો હતો અને શરીર સંબંધ બાંધી પૈસાની માગણી કરી હતી. પરંતુ મોનિકાએ પૈસા આપવાનો ઈનકાર કર્યો હતો. જેથી બન્ને વચ્ચે ઝઘડો થયો હતો. ૧૫ ઓક્ટોબરે સવારે મોનિકા સાથે અશોક અને તેની પત્નીએ ઝઘડો કર્યો હતો. આમ વારંવાર અશોકના ત્રાસના કારણે મોનિકાએ અશોક સામે બળાત્કાર સહિતની કલમ હેઠળ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

### આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભારતના ટીમ દોજી સમગ્ર વિશ્વભરના ટોચની ૧૫૦ ટીમોમાં એકમાત્ર ભારતીય યુનિવર્સિટી તરીકે ઉભરી આવી છે

# અમદાવાદના સોનિત રાજપુરોહિતે ગ્લોબલ ટ્રેડિંગ ચેલેન્જર્સની ટીમનું નેતૃત્વ કરીને રાષ્ટ્રનું નામ રોશન કર્યું

। અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદના સોનિત રાજપુરોહિત જે રોટેરિયન શૈલેન્દ્ર પુરોહિત અને રોટેરિયન નિધિ પુરોહિતના પુત્ર છે એમને તાજેતરમાં ૨૦૨૪ બ્લૂમબર્ગ ગ્લોબલ ટ્રેડિંગ ચેલેન્જમાં ભારતના ક્રાઈસ્ટ યુનિવર્સિટી - બેંગ્લોરમાંથી ટીમ ડોજીની કેપ્ટનશીપ કરી હતી અને વૈશ્વિક સ્તરે ૪૬ દેશોની ૨,૪૫૩ ટીમો સામે સ્પર્ધા કર્યા બાદ, વૈશ્વિક સ્તરે ૪થી, એશિયામાં ૨જી અને ભારત દેશમાં ૧લી ટીમનું ખિતાબ જીત્યા હતા. ટીમ દોજીમાં થી સોનિત રાજપુરોહિત (કેપ્ટન), યુવરાજ સુરેકા, ખિતિશ પરિદા, ક્રિશ કોઠારી, ઈશાન કેડિયા અને ફેકલ્ટી એડવાઈઝર શ્રી યુગાંતર સિંહના આ ભારતીય ટીમે સ્પર્ધા દરમિયાન $727,768 નો અકલ્પનીય અંતિમ નફો અને ૭૨.૭% વળતર મેળવ્યું અને વૈશ્વિક સ્તરે ૪થું સ્થાન મેળવ્યો. દેશભરમાંથી ખ્યાતનામ કોલેજો જેવા કે આઈઆઈએમ અને IIT ના ઘણા વિદ્યાર્થીઓ એ પણ આ સ્પર્ધામાં જોડાયા હતા પણ ટોપ ૧૫૦ યુનિવર્સીટીમાં ખાલી આ ટીમ એ ભારત ને ગૌરવ અપાયું હતું જે આ ટીમના કૌશલ્ય, સમર્પણ અને શ્રેષ્ઠતાનું પ્રમાણપત્ર છે. અમદાવાદના સોનિત શૈલેન્દ્ર રાજપુરોહિત (ટીમ કેપ્ટન) જે નાનપણ થી શ્રી શ્રી રવિશંકર વિદ્યા મંદિર, ગોદાવી, અમદાવાદના વિદ્યાર્થી પણ હતા એમને શેર કર્યું, "બ્લૂમબર્ગ સ્પર્ધામાં ચોથો વૈશ્વિક રેંક ઘરે લાવવા માટે ટીમના યોગ્ય સંચાલન અને સરળ કાર્યની ખાતરી કરવાની મારી જવાબદારી હતી. મારે ખાતરી કરવી હતી કે ટીમનો સહકાર ચરમસીમાએ હતો અને મુશ્કેલ બજારની પરિસ્થિતિઓમાં, અમારું જહાજ શાંતિથી ચાલી શકે."




**પ્રતિષ્ઠિત ૨૦૨૪ બ્લૂમબર્ગ ગ્લોબલ ટ્રેડિંગ ચેલેન્જમાં ભારતના ક્રાઇસ્ટ યુનિવર્સિટી બેંગ્લોરની ટીમ ડોજી ભારતની પ્રથમ, એશિયામાં બીજી અને વૈશ્વિક સ્તરે ચોથી વિજેતા ટીમ બની**

ટીમના માર્ગદર્શક તરીકે શ્રી યુગાંતર સિંહ રાઠોડે ખાતરી કરી કે દરેક વસ્તુ સારી રીતે વાકેફ રહે અને ટીમમાં પ્રેરણાનું સ્તર હંમેશા ઊંચું રહે. ટીમના સાથી યુવરાજ સુરેકા એક વ્યૂહરચનાકાર હતા જેમણે ટીમના ટ્રેકમાં કોઈ અડચણ ન આવે એવા વ્યૂહરચના ઘડી અને ખાતરી કરી કે બજારની પરિસ્થિતિઓનો યોગ્ય રીતે સામનો કરવામાં આવે.

"બાળપણથી નેતૃત્વ એ મારી સફરનો પાયો રહ્યો છે. સતત ચાર વર્ષ સુધી હેડ બોય તરીકે સેવા આપીને, મેં મજબૂત આંતરવ્યક્તિત્વ કૌશલ્યો કેળવ્યાં અને સહયોગી વાતાવરણને ઉત્તેજન આપ વાનું મૂલ્ય શીખ્યું. વ્યવસાયિક કામગીરીમાં બે વર્ષના અનુભવના આધારે, મેં ક્રાઈસ્ટ યુનિવર્સિટીમાં મારા સમય દરમિયાન અન્યને સશક્ત બનાવવાની તકો મેળવવા માટે પ્રયત્નશીલ રહ્યું. 2MCOMIF માટે વર્ગના પ્રતિનિધિ તરીકે, મેં ઈવેન્ટમાં ભાગ લેવો, કૌશલ્ય વિકાસ કાર્યશાળાઓનું આયોજન કર્યું અને એક સહાયક વર્ગખંડ વાતાવરણને પ્રોત્સાહન આપ્યું જ્યાં દરેક અવાજની કિંમત હતી. નેતૃત્વ પ્રત્યેની આ પ્રતિબદ્ધતા મારા બીજા વર્ષમાં વિસ્તરી જ્યારે હું પ્રોફેશનલ સ્ટડીઝ વિભાગ હેઠળના તમામ પીજી કાર્યક્રમો માટે યુનિવર્સિટી વિદ્યાર્થી પરિષદના પ્રતિનિધિ તરીકે ચૂંટાયો. નેતૃત્વ ઉપરાંત, કવિતા પ્રત્યેના મારા પ્રેમે મારી સહાનુભૂતિ અને સંચાર કૌશલ્યોને સુધાર્યા છે જે લોકો સાથે જોડાવા અને સમસ્યાઓને અસરકારક રીતે ઉકેલવા માટેના મુખ્ય લક્ષણો છે.નાણાકીય બજારો પ્રત્યેનો મારો જુસ્સો મારા ઉછેરમાં ઊંડે ઊંડે છે. ગુજરાતના અમદાવાદમાં ઉછર્યા - એક શહેર જે શેર બજારની ભાવનાને શ્વાસ લે છે - મેં મારી જાતને મારા પરિવારના નાણાકીય સલાહકાર વ્યવસાયમાં બે વર્ષ માટે લીન કરી દીધી. શહેરની વાઈબ્રન્ટ ટ્રેડિંગ કલ્ચર સાથે જોડાયેલા આ હેન્ડ-ઓન અનુભવે મારા પાયાના જ્ઞાનને મજબૂત બનાવ્યું અને ફાઈનાન્સમાં મારી કુશળતાને વધુ તીવ્ર બનાવી.ટીમ ડોજીના કપ્તાન તરીકે, મેં મારી ટીમને સફળતા માટે માર્ગદર્શન આપવા માટે નાણાકીય બજારો, વ્યૂહાત્મક નેતૃત્વ અને મોટા પાયે સંચાલનના અનુભવની મારી ઊંડી સમજણનો લાભ લીધો. આ સિદ્ધિઓ ફાઈનાન્સ, નેતૃત્વ અને શિક્ષણ અને વૃદ્ધિ માટે સમૃદ્ધ સમુદાયને પ્રોત્સાહન આપવા માટેના મારા સમર્પણને રેખાંકિત કરે છે," સોનિત રાજપુરોહિતે રાષ્ટ્રને આ ગૌરવ અપાવવાની તેમની સફર વિશે શેર કર્યું..

૪૬ દેશો, ૩૯૬ યુનિવર્સિટીઓ અને ૧૦,૨૪૦ સહભાગીઓમાં વૈશ્વિક સ્તરે આયોજિત આ BLOOMBERG ટ્રેડિંગ ચેલેન્જમાં , ક્રાઈસ્ટ યુનિવર્સિટી બેંગ્લોર, કર્ણાટકની ટીમ DOJI વૈશ્વિક સ્તરે ચોથા સ્થાને હતી. અગ્રણી ટીમો રોચેસ્ટર ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, યુએસએની ટીમ ટાઈગર્સ ટ્રેડિંગ, ત્યારબાદ GWNB - યુનિવર્સિટી ઑફ વૉટરલૂ, કેનેડા અને HML યુનિવર્સિટી ઑફ નોટિંગહામ નિંગબો સીએન, ચીન ની હતી.

## પેન્શનધારકો ઘરે બેઠાં જીવન પ્રમાણપત્ર મેળવી શકશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૮ ।

રાજ્યના પેન્શન-ધારકોને હવેથી જીવન પ્રમાણપત્ર મેળવવા માટે કોઈ ટ્રેઝરી, બેંક કે અન્ય કોઈ વિભાગમાં જવાની જરૂર નથી પરંતુ તેઓ તેમની નજીકની પોસ્ટ ઓફિસના પોસ્ટમેન અથવા ગ્રામીણ ડાકસેવકની મદદથી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ મેળવી શકશે. તેઓ પોસ્ટમેન અથવા પોસ્ટ ઈન્ફો મોબાઈલ એપ દ્વારા આ સુવિધા મેળવી શકશે. સામાન્ય રીતે પેન્શન-ધારકોએ દર વર્ષે સામાન્ય રીતે નવેમ્બર-ડિસેમ્બરમાં ટ્રેઝરી, બેંક અથવા સંબધિત વિભાગમાં જીવન પ્રમાણપત્ર રજૂ કરવાનું હોય છે. જેના માટે દૂર-દૂરના વિસ્તારમાં રહેતા પેન્શનરોને ટ્રેઝરીમાં જવા ઘણી વખત મુશ્કેલીનો સામનો કરવો પડે છે અને મુસાફરીમાં પણ ખર્ચ થતો હોય છે પરંતુ હવે ભારતીય ડાક વિભાગ દ્વારા તમામ વિભાગના પેન્શનધારકોને ઘરે બેઠા ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ પ્રદાન કરવાની સુવિધા અપાઈ રહી છે. આ માટે રૂપિયા ૭૦ની ફી નિર્ધારીત કરાઈ છે. આ પ્રમાણપત્ર આપમેળે સંબધિત વિભાગને ઓનલાઈન પહોંચી જશે અને પેન્શન મળવામાં કોઈ અડચણ નહીં થાય. પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્કે ૨૦૨૦માં કેન્દ્રિય, રાજ્ય અને કર્મચારી ભવિષ્ય નિધિ સંસ્થાના પેન્શનધારકો માટે જીવન પ્રમાણ પત્ર શરૂ કરવા ડિજિટલ લાઈફ સર્ટિફિકેટની ડોર સ્ટેપ સેવા શરૂ કરી હતી. જે પેન્શન અને પેન્શનરોના કલ્યાણ વિભાગ અને નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટરના સમન્વયમાં છે. આ સુવિધાનો લાભ મેળવવા પેન્શનધારકો પોતાના વિસ્તારના પોસ્ટમેન સાથે તેમજ પોસ્ટ ઈન્ફો મોબાઈલ એપ દ્વારા ઓનલાઈન અનુરોધ કરી શકે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રીએ વિરાટ કોહલીની કરી પ્રશંસા

## ઓસ્ટ્રેલિયાના પ્રધાનંત્રી એન્થોની અલ્બાનીઝે ભારતીય ટીમ સાથે કરી મુલાકાત અને વિરાટ કોહલીની પ્રશંસા કરી હતી



। (એજન્સી) પર્થ, તા.૨૮ ।

ટીમ ઈન્ડિયા આ સમયે ઓસ્ટ્રેલિયાના પ્રવાસે છે, જ્યાં બંને દેશો વચ્ચે પાંચ મેચની ટેસ્ટ સિરીઝ રમાઈ રહી છે. બોર્ડર-ગાવસ્કર ટ્રોફી ૨૦૨૪-૨૦૨૫નો પ્રથમ મુકાબલો પર્થમાં રમાયો હતો. બીજી મેચ ૬ ડિસેમ્બરથી રમાવાની છે. આ પહેલા બંને ટીમો પિંક બોલ ટેસ્ટની તૈયારી કરશે. પરંતુ તે પહેલા ભારતીય ખેલાડી ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બાનીઝને મળ્યા હતા. ઓસ્ટ્રેલિયન પ્રધાનમંત્રીએ વિરાટ કોહલીની પ્રશંસા કરી. તેમણે વિરાટ કોહલીની સદીની પ્રશંસા કરી, જે તેણે પર્થ ટેસ્ટમાં ફટકારી હતી. પરંતુ વિરાટે કહ્યું કે તમે તેમાં મસાલો લગાવી રહ્યાં છો. હંમેશા જ્યારે ભારતીય ટીમ વિદેશી પ્રવાસે જાય છે તો



ત્યાંના હાઈ કમિશન કે સરકાર સાથે જોડાયેલા લોકોને મળે છે. આ વખતે ભારતીય ટીમે પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી છે. આ વાત મોટી નથી, મુદ્દો છે કે પ્રધાનમંત્રી અલ્બાનીઝે ભારતીય ખેલાડીઓની પ્રશંસા કરી અને તેની સાથે વાતચીત કરી. એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ છે જેમાં પીએમ એન્થોની ભારતીય બોલર જસપ્રીત બુમરાહ, વિરાટ કોહલી અને અન્ય ખેલાડીઓને મળી રહ્યાં છે. આ દરમિયાન વિરાટ અને પ્રધાનમંત્રી વચ્ચે જે વાતચીત થઈ તે ખુબ રસપ્રદ છે. જ્યારે પ્રધાનમંત્રી એન્થોનીએ વિરાટને જોયો તો હાથ મિલાવ્યો અને હાલચાલ પૂછ્યા. ત્યારબાદ ઓસ્ટ્રેલિયન પીએમ બોલ્યા- પર્થમાં તમે શાનદાર સદી ફટકારી. માનો તે સમયે અમે આ કષ્ટ સહન કરી શકતા નહોતા. તે ખરેખર શાનદાર હતી. તેના પર વિરાટે કહ્યું કે તમે તેમાં મસાલો લગાવી રહ્યાં છો. વિરાટ કોહલીએ પર્થમાં પોતાના ટેસ્ટ કરિયરની ૩૦મી સદી અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૮૧મી સદી ફટકારી હતી. તો પ્રોફેશનલ ક્રિકેટમાં તેની સદીની સંખ્યા ૧૦૦ થઈ ગઈ છે. તે એવો બીજો બેટર છે જેણે આ સિદ્ધિ મેળવી છે.

**ન્યૂઝ બ્રિફ**

### IPLમાં CSK માટે અમ્પાયર ફિક્સ કરવામાં આવતા હતા



। (એજન્સી) મુંબઈ, તા.૨૮ ।

IPLના પૂર્વ અધ્યક્ષ લલિત મોદીએ બીસીસીઆઈના પૂર્વ અધ્યક્ષ, પૂર્વ સચિવ અને ચેન્નાઈ સુપર કિંગ્સના માલિક એન શ્રીનિવાસન પર ગંભીર આરોપ લગાવ્યા છે. એક પોડકાસ્ટમાં લલિત મોદીએ ખુલાસો કર્યો છે કે એન શ્રીનિવાસન IPLમાં અમ્પાયર ફિક્સિંગ અને ઑક્શનમાં હેરાફેરી કરતા હતા. આ વાયરલ વીડિયોમાં લલિત મોદીએ જણાવ્યું કે એન શ્રીનિવાસન CSK મેચોમાં અમ્પાયરોની અદલાબદલી કરતા હતા. તેમણે કહ્યું, 'શ્રીનિવાસને અમ્પયરો બદલવાનું કામ પણ કર્યું હતું, તે CSKની મેચોમાં ચેન્નાઈ સુપર કિંગ્સના જ અમ્પાયરોને કામ આપતા હતા. મને આ બધું ગમતું નહોતું કારણ કે તે ખુલ્લેઆમ ફિક્સિંગ કરતા હતા. જ્યારે મેં તેની સામે અવાજ ઉઠાવવાનો પ્રયત્ન કર્યો તો તેઓ મારી વિરુદ્ધ થઈ ગયા.' એન્ડ્રૂ ફ્લિન્ટોફના વિવાદ પર લલિત મોદીએ ફરી એકવાર મોટું નિવેદન આપ્યું છે. વાસ્તવમાં, ચેન્નઈ સુપર કિંગ્સના માલિક એન. શ્રીનિવાસન પર IPL 2009ના ઑક્શનમાં એન્ડ્રૂ ફ્લિન્ટોફને ખરીદવા માટે ઑક્શન ફિક્સ કરવાનો આરોપ હતો. આ મુદ્દો લલિત મોદીએ ફરી ઉઠાવતા કહ્યું હતું કે, શ્રીનિવાસન ફ્લિન્ટોફને ખરીદવાનું મન બનાવી ચૂક્યા હતા. તેમજ દરેક ફ્રેન્ચાઈઝી તેમના દ્વારા કરવામાં આવેલા ફિક્સિંગથી વાકેફ હતી. લલિત મોદીએ વધુમાં કહ્યું કે, હા, અમે ઑક્શનમાં ફિક્સિંગ કરી છે.

### વરનો સવા લાખ પગાર છતાં લાડીને સરકારી નોકરીનો મોહ



। (એજન્સી) ફારુખાબાદ, તા.૨૮ ।

લગ્ન અને સરકારી નોકરીને સીધો સંબંધ ઉત્તર પ્રદેશના ફારુખાબાદમાં જોવા મળ્યો હતો. વરે કન્યાના ગળામાં વરમાળા તો પહેરાવી પરંતુ, સરકારી નોકરી ન હોવાને કારણે કન્યા પક્ષે લગ્નનો ઈનકાર કરી દેતાં જાન કન્યા વગર પરત ફરવા માટે મજબૂર બની હતી. આમ, કન્યાની પ્રાઈવેટ નોકરી વાળા સાથે લગ્ન ન કરવાની જીદ અને વરનો સવા લાખ પગાર છતાં લાડીને સરકારી નોકરીનો મોહ એન્જિનિયરને ભારે પડ્યો હતો. પ્રાપ્ત માહિતી પ્રમાણે ફારુખાબાદમાં સરકારી કલાર્કના દીકરાની જાન આવી હતી. ગેસ્ટ હાઉસમાં કન્યા પક્ષ દ્વારા તેનું ધમાકેદાર સ્વાગત પણ કરવામાં આવ્યું હતું. વરમાળા સહિતના રીતિરિવાજો મુજબ લગ્ન પણ કરાવી દેવામાં આવ્યા હતા. પરંતુ આ દરમિયાન એક વ્યક્તિએ વરરાજાની નોકરી વિશે પૂછ્યું અને વાત મારામારી પર આવી ગઈ હતી. વરરાજાના પરિવારને કન્યા પક્ષે નોકરી વિશે કહ્યું ત્યારે તેમણે જવાબ આપ્યો કે, તેમનો દીકરો સિવિલ એન્જિનિયર છે.



રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ડિફેન્સ સર્વિસીસ સ્ટાફ કોલેજ, વેલિંગ્ટન ખાતે યુદ્ધ સ્મારક પર અને માતૃભૂમિની સેવામાં પોતાના જીવનનું બલિદાન આપનારા તમામ સૈનિકોને પુષ્પાંજલિ અર્પણ કરી.

### એર ઇન્ડિયાની પાયલોટ સૃષ્ટિએ આત્મહત્યા કરી લીધી

## પોલીસે એના મિત્ર આદિત્ય પંડિતની ધરપકડ કરી લીધી

### પ્રેમી આદિત્ય પર સૃષ્ટિને પરેશાન કરવા, ગાળ આપવા અને ચિકન છોડવ માટે મજબુર કરવાનો આરોપ છે

। (એજન્સી) મુંબઈ, તા.૨૮ ।

મુંબઈમાં એક ફિમેલ પાયલોટએ આત્મહત્યા કરી લીધી છે. કારણ છે, પ્રેમીની ચિકન છોડવાની શરત. હા, એર ઈન્ડિયાની ૨૫ વર્ષીય ફિમેલ પાયલોટે મુંબઈમાં પોતાના ભાડાના મકાનમાં ડેટા કેબલથી ફાસો ખાઈ લીધો છે. પોલીસે એના મિત્ર આદિત્ય પંડિતની ધરપકડ કરી લીધી છે. એના પર પાયલોટને આત્મહત્યા માટે ઉકસાવવાનો આરોપ છે. પોલીસ અનુસાર, બંને દિલ્હીના રહેવાસી છે અને થોડા દિવસથી એક સાથે દિલ્હીમાં રહે છે. મૃતક પાયલોટનું નામ સૃષ્ટિ તુલી છે. સૃષ્ટિ મુંબઈના મરોલ વિસ્તારમાં કનકિયા રેન ફોરેસ્ટ બિલ્ડીંગમાં રહેતી હતી. પોલીસે સૃષ્ટિના એક સબંધીની ફરિયાદના આધારે પ્રેમી આદિત્ય પંડિત(૨૭)ની ધરપકડ કરી છે. પોલીસ અનુસાર, પ્રેમી આદિત્ય પર સૃષ્ટિને પરેશાન કરવા, ગાળ આપવા અને ચિકન છોડવા(માંસાહાર) ખાવાથી રોકવા માટે મજબુર કરવાનો આરોપ છે. આદિત્ય એને નોનવેજ ખાવાથી રોકતો હતો. એનાથી સૃષ્ટિ ઘણી પરેશાન હતી.



પવઈ પોલીસ થાણાના અધિકારી અનુસાર, સૃષ્ટિ ઉત્તર પ્રદેશની રહેવાસી હતી અને ગયા વર્ષે જૂનથી કામ માટે મુંબઈ આવી હતી. સૃષ્ટિ અને આદિત્ય બે વર્ષ પહેલા દિલ્હીમાં કમર્શિયલ પાયલોટનો કોર્સ કરતી સમયે મળી હતી અને બંને વચ્ચે પ્રેમ થઈ ગયો હતો. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર આત્મહત્યાનો મામલો ત્યારે સામે આવ્યો જ્યારે આદિત્ય કારમાં દિલ્હી જવા નીકળ્યો. સફર દરમિયાન સૃષ્ટિએ આદિત્યને ફોન કર્યો અને કહ્યું કે તે આત્મહત્યા કરી લેશે, જેના પછી તરત જ આદિત્ય મુંબઈ પહોંચ્યો અને જોયું કે સૃષ્ટિના ફ્લેટનો દરવાજો અંદરથી બંધ હતો. તેણે જણાવ્યું કે આદિત્યએ ચાવી બનાવનારની મદદથી દરવાજો ખોલ્યો અને જોયું કે સૃષ્ટિ ડેટા કેબલથી લટકતી હતી.

### ફૂલોથી શરૂ થયેલ લવ સ્ટોરીનો થયો અંત

## ધનુષ-ઐશ્વર્યા રજનીકાંતના છૂટાછેડાની કોર્ટે આપી મંજૂરી

### ધનુષ-ઐશ્વર્યા રજનીકાંતના ફેન્સ માટે ખરાબ સમાચાર

। (એજન્સી) મુંબઈ, તા.૨૮ ।

રજનીકાંતની પુત્રી ઐશ્વર્યા અને તમિલ અભિનેતા ધનુષ કાયમ માટે અલગ થઈ ગયા છે. બન્નેએ વર્ષ ૨૦૨૨માં એકબીજાથી અલગ થવાની જાહેરાત કરી હતી. જે બાદ બન્ને લાંબા સમયથી એકબીજાથી અલગ રહેતા હતા. તેમના છૂટાછેડાની છેલ્લી સુનાવણી ૨૭મી નવેમ્બરે થઈ હતી. જેમાં ચેન્નાઈ ફેમિલી વેલ્ફેર કોર્ટે બન્નેને છૂટાછેડા આપી દીધા છે. જે પછી બન્ને હવે સત્તાવાર રીતે પતિ-પત્ની નથી રહ્યા. લગ્નના ૨૦ વર્ષ બાદ બન્નેએ આ છૂટાછેડા લીધા છે. સન ટીવી અને ન્યૂઝ ૧૮ના અહેવાલો અનુસાર ફેમિલી વેલ્ફેર કોર્ટે આ બન્નેના છૂટાછેડાને મંજૂરી આપી છે અને કહ્યું છે કે, 'તે બન્ને હવે એક સાથે રહી શકશે નહીં.' આ કેસની સુનાવણી ત્રણ વખત થઈ ચૂકી છે. પરંતુ ધનુષ અને ઐશ્વર્યા કોર્ટમાં હાજર રહી શક્યા ન હતા. જો કે, ઐશ્વર્યા ગુરુવારે કોર્ટમાં હાજર થઈ હતી. જે બાદ ન્યાયાધીશે કેસની આગામી સુનાવણીની તારીખ ૨૭મી નવેમ્બર આપી છે. ધનુષ અને ઐશ્વર્યાએ



વર્ષ ૨૦૦૪માં લગ્ન કર્યા હતા. બન્નેને બે બાળકો છે - લિંગા અને યાત્રા. રિપોર્ટ્સનું માનીએ તો બન્ને આસપાસના વિસ્તારમાં રહે છે અને બાળકો બન્ને માતા-પિતા સાથે સમય વિતાવે છે. બન્ને અવારનવાર બાળકો સાથેના ફોટા સોશિયલ મીડિયા પર શેર કરે છે. ધનુષ અને ઐશ્વર્યાએ ૧૭ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ એકબીજાથી અલગ થવાની જાહેરાત કરી હતી. તે સમયે લખ્યું હતું કે, '૧૮ વર્ષ સુધી એકબીજા સાથે મિત્ર, કપલ, માતાપિતા અને એકબીજાના શુભેચ્છકો તરીકે રહ્યા. આ સફળ ગ્રોથ, અન્ડરસ્ટેન્ડિંગ અને અડ્જસ્ટમન્ટની હતી. આજે અમે લોકો એવા મુકામ પર છીએ જ્યાં અમારા રસ્તાઓ અલગ થઈ ગયા છે.' આ પાવરફુલ કપલની લવ સ્ટોરી વર્ષ ૨૦૦૩માં શરૂ થઈ હતી.

### ભારતીય સૈનિકો બની જશે મિસ્ટર ઈન્ડિયા

## IIT કાનપુરે તૈયાર કર્યું અદભૂત મટીરિયલ, વિમાન પણ નહીં દેખાય

। (એજન્સી) કાનપુર, તા.૨૮ ।

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ એન્જિનિયરિંગ-IIT કાનપુરે એક અદભૂત મટીરિયલ તૈયાર કર્યું છે. આ મટીરિયલના ઉપયોગથી ન તો સૈનિક દેખાશે કે ન તો વાયુસેનાનું ફાઈટર જેટ. દુશ્મનની રડાર પણ તેને પકડી નહીં શકશે. જો ભારતીય સેના આ ટેક્નોલોજીનો ઉપયોગ કરવાનું શરૂ કરશે તો દુશ્મન શોધતા રહેશે અને આપણા સૈનિકો 'મિસ્ટર ઈન્ડિયા' બની જશે. આ એક મેટામટીરિયલ સરફેસ ક્લોકિંગ સિસ્ટમ છે. જે આપણા સૈનિકો, વિમાનો અને ડ્રોનને દુશ્મનોથી બચાવી શકે છે. આ કાપડનો ફાયદો એ છે કે તે ન તો દુશ્મનના રડારની પકડમાં આવે છે અને ન તો સેટેલાઈટની પકડમાં આવે છે. તેને ઈન્ફ્રારેડ કેમેરા, વૂંડ સેન્સર્સ અને થર્મલ ઈમેજરથી પણ નથી જોઈ શકાતું. એટલે કે આ મટીરિયલની પાછળ શું છે તે કોઈને ખબર જ નહીં પડશે. આ મટીરિયલથી લશ્કરી વાહનોના કવર,



સૈનિકોના યુનિફોર્મ અથવા એરક્રાફ્ટ કવર બનાવી શકાય છે. આ કાપડ સંપૂર્ણપણે સ્વદેશી છે. આ સાથે જ તે વિદેશમાંથી આયાત કરવામાં આવતી સરફેસ ક્લોકિંગ સિસ્ટમ કરતાં ૬-૭ ગણી સસ્તી પણ છે. IIT કાનપુરના ડાયરેક્ટર પ્રો. મનિન્દ્ર અગ્રવાલે આ મેટામટિરીયલનું ઉદ્ઘાટન કર્યું છે. IIT કાનપુર ખાતે યોજાયેલા ડિફેન્સ સ્ટાર્ટઅપ એક્ઝિબિશનમાં પણ આ કાપડનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જ્યાં તેની ખૂબ પ્રશંસા કરવામાં આવી હતી. જો આ કાપડને આર્મીની ગાડીઓની ચારેય બાજુ લગાવી દેવામાં આવે અને જો સૈનિકોને આ યુનિફોર્મ આપવામાં આવે તો તે દુશ્મનના કોઈપણ પ્રકારના કેમેરામાં ટ્રેક નહીં થશે. ન તો કોઈ ઈમેજિંગ સિસ્ટમમાં કે ન તો કોઈ સેન્સરમાં. આનાથી દુશ્મનની અનેત તકનીકને નિષ્ફળ બનાવી શકાય છે. IITના ત્રણ વિજ્ઞાનીઓ પ્રો. કુમાર વૈભવ શ્રીવાસ્તવ, પ્રો. એસ. અનંત રામકૃષ્ણન અને પ્રો. જે. રામકુમારે મળીને આ મેટામટીરિયલ તૈયાર કર્યું છે. તેની પેટન્ટ માટેની અરજી ૨૦૧૮માં આપવામાં આવી હતી. જે તેમને હવે મળી ચૂકી છે. આ ટેક્નોલોજીનું પરીક્ષણ ભારતીય સેના સાથે છ વર્ષથી કરવામાં આવી રહ્યું છે. પ્રો. કુમાર વૈભવે ૨૦૧૦થી તેના પર કામ કરવાનું શરૂ કરી દીધું હતું. ત્યારબાદ બંને પ્રોફેસરો તેમની સાથે જોડાઈ ગયા હતા. ત્યારબાદ આ પ્રોડક્ટ તૈયાર થયું. ૨૦૧૯માં ભારતીય સેના એવી ટેક્નોલોજીની તલાશ કરી રહી હતી જેના દ્વારા દુશ્મનના રડારને ચકમો આપી શકાય. પછી આને તૈયાર કરવામાં આવ્યું. આ મટીરિયલ દુશ્મનના રડાર, સેટેલાઈટ, ઈન્ફ્રારેડ કેમેરા, ગ્રાઉન્ડ સેન્સર અને થર્મલ ઈમેજરને ધોખો આપી શકે છે. મેટાતત્વ કંપનીના એમડી અને પૂર્વ એર વાઈસ માર્શલ પ્રવીણ ભટ્ટે કહ્યું કે, જો અમને અપ્રૂવલ મળે તો અમે એક વર્ષમાં આ મટીરિયલ ભારતીય સેનાને આપી શકીએ છીએ.

**દિલ્હીમાં EDની ટીમ પર હુમલો**

## અધિકારીઓએ સાયબર ફ્રોડના કેસમાં દરોડા પાડ્યા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

દિલ્હીમાં ગુરુવારે EDની ટીમ પર હુમલો કરવામાં આવ્યો છે. EDના અધિકારીઓ બિજવાસન વિસ્તારમાં સાયબર ફ્રોડ સંબંધિત કેસમાં દરોડો પાડવા માટે ગયા હતા. મળતી માહિતી મુજબ, આરોપીઓએ ટીમના સભ્યો પર હુમલો કર્યો હતો. જોકે, કોઈને ગંભીર ઈજા થઈ નથી. EDની ટીમ PPPYL સાયબર એપ ફ્રોડ કેસના સંબંધમાં અશોક શર્મા અને તેના ભાઈના ઠેકાણા પર દરોડા પાડવા ગઈ હતી. આ મામલે FIR નોંધવામાં આવી છે અને મામલો હવે નિયંત્રણમાં છે. ED સૂત્રોના જણાવ્યા મુજબ, તેઓ PPPYL સાયબર એપ ફ્રોડ કેસની તપાસમાં ગુનેગારો પર દરોડા પાડવા ગયા હતા. આ દરમિયાન સાયબર ગુનેગારો અશોક શર્મા અને તેના ભાઈએ ટીમના સભ્યો પર હુમલો કરી દીધો હતો. FIR મુજબ, જ્યારે અધિકારીઓ દરોડા પાડી રહ્યા હતા ત્યારે તેમના પર હુમલો કરવામાં આવ્યો હતા. EDના સૂત્રો મુજબ, જે કેસમાં EDની ટીમ દરોડા માટે પહોંચી હતી, તેમાં દેશભરમાં ફિશિંગ કૌભાંડ, ઊઈ કોડ છેતરપિંડી, પાર્ટ ટાઈમ જોબ કૌભાંડ જેવા હજારો સાયબર ગુનાઓ નોંધાયા છે. i4C અને FIU-INDની મદદથી, હજારો નોંધાયેલા ગુનાના કેસોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ગુનાની રકમ ૧૫,૦૦૦ જુદા જુદા ખાતામાં ટ્રાન્સફર થતી હોવાનું જાણવા મળ્યું હતું. પછી ડેબિટ/ક્રેડિટ કાર્ડ મેળવવામાં આવ્યા. એજન્સીના સૂત્રોનું કહેવું છે કે, આ કાર્ડનો ઉપયોગ કરીને UAE સ્થિત Pyypl પેમેન્ટ એગ્રીગેટર પર વર્ચ્યુઅલ ખાતાઓને ટોપ અપ કરવા માટે પૈસા મોકલવામાં આવ્યા હતા. ત્યારબાદ ભંડોળનો ઉપયોગ Pyypl પાસેથી ક્રિપ્ટો-ચલણ ખરીદવા માટે કરવામાં આવ્યો હતો. આખું નેટવર્ક એક શંકાસ્પદ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા ચલાવવામાં આવી રહ્યું હતું. ઉદાહરણ તરીકે, આજે EDએ HIU દ્વારા આ રેકેટમાં સંડોવાયેલા ટોચના CAની તપાસ કરી છે.

**પિતા એકનાથ શિંદે પર ગર્વ : શ્રીકાંત શિંદે**

## શિવસેના સાંસદ શ્રીકાંત શિંદેએ તેમના પિતાના વખાણ કર્યા



। (એજન્સી) મુંબઈ, તા.૨૮ ।

મહારાષ્ટ્રમાં ભાજપના નેતૃત્વવાળી સરકારની રચનાનો રસ્તો હવે સાફ થઈ ગયો છે. કાર્યવાહક સીએમ એકનાથ શિંદેએ લીલી ઝંડી આપ્યા બાદ હવે તેમના પુત્ર અને શિવસેના સાંસદ શ્રીકાંત શિંદેએ તેમના પિતાના વખાણ કરતા તેમને મરાઠી સમુદાય અને સમસ્ત મહારાષ્ટ્રીયન લોકોના સેવક ગણાવ્યા છે. શ્રીકાંત શિંદેએ કહ્યું કે તેમને તેમના પિતા એકનાથ શિંદે પર ગર્વ છે. જેમણે વ્યક્તિગત મહત્વકાંક્ષાને બાજૂ પર મૂકીને 'ગઠબંધન ધર્મ'નું પાલન કરવાનું ઉદાહરણ રજૂ કર્યું છે. એકનાથ શિંદે હાલ મહારાષ્ટ્રમાં કાર્યવાહક મુખ્યમંત્રી છે. સાંસદ શ્રીકાંત શિંદેએ કહ્યું કે તેમના પિતાનો મહારાષ્ટ્રના લોકો સાથે અતૂટ સંબંધ છે. તેમણે સમાજના દરેક વર્ગ માટે દિવસ રાત મહેનત કરી છે. શિવસેના, ભારતીય જનતા પાર્ટી અને એનસીપીની સહયોગી છે. અત્રે જણાવવાનું કે તેમનું આ નિવેદન એકનાથ શિંદે દ્વારા બુધવારે કરાયેલી જાહેરાત બાદ આવ્યું છે. જેમાં તેમણે કહ્યું હતું કે શિવસેના મહારાષ્ટ્રના અગામી મુખ્યમંત્રીના નામ માટે પીએમ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિર્ણયનું સમર્થન કરશે, જેનાથી ભાજપ માટે નવી સરકારનું નેતૃત્વ કરવાનો રસ્તો સાફ થઈ ગયો છે. કલ્યાણથી સાંસદ શ્રીકાંત શિંદેએ એમ પણ કહ્યું કે એવી માન્યતા છે કે સત્તા બધાને ગમે છે પરંતુ એકનાથ શિંદે તેમા અપવાદ છે.

## તંત્રી લેખ...

# ભારતના રિટેલ બજારનું સ્વરૂપ અને પ્રસારમાં પરિવર્તન

ભારતની ઘરેલુ બજાર વ્યવસ્થા કેટલી તેજી સાથે બદલાઈ રહી છે, તે એ વાતે સમજી શકાય છે કે છેલ્લા એક વર્ષમાં ઓછામાં ઓછા બે લાખ કિરાણા સ્ટોર કે પડોશના નાના રિટેલ આઉટલેટ બંધ થઈ ચૂક્યા છે. એ તથ્ય આ મહિને ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ ડિસ્ટ્રીબ્યુટર્સ ફેડરેશન (એઆઈસીપીડીએફ)ના અધ્યયનમાં સામે આવ્યું છે. તેના અનુસાર, ભારતીય ગ્રાહકો ઝડપથી બ્લિંકિટ, ઓટીપી અને ઝેપ્ટો જેવા ઓનલાઈન ડિલીવરી પ્લેટફોર્મ તરફ વળી રહ્યા છે. આ અધ્યયન દેશના લગભગ ૧.૩ કરોડ એવા સ્ટોર સાથે કરવામાં આવ્યું છે, જે કિરાણા અને પર્સનલ કેરના સામાન વેચે છે. અધ્યયન દર્શાવે છે કે બંધ થનારા સ્ટોર્સમાં ૪૫ ટકા મહાનગરોના છે. ટિયર-૧ શહેરોના ૩૦ અને ટિયર-૨ અને ૩ શહેરોના ૨૫ ટકા સ્ટોર બંધ થયા છે. ક્વિક કોમર્સ કંપનીઓ ગ્રાહકને લોભાવા માટે પ્રીડેટરી પ્રાઈસિંગ એટલે કે ભારે છૂટ પણ આપી રહી છે અને પડતર કરતાં ઓછા ભાવે વેચી રહી છે. તેણે એક અનફેર પ્લેઈંગ ફીલ્ડ બનાવી દીધું છે, જેનાથી ગ્રાહક બેઝ અને કરિયાણા સ્ટોરોની નફાની ક્ષમતા ઘટી રહી છે. ભારતમાં બજાર અને સમાજનું એક સહિયારું ચરિત્ર પણ છે, જે આપણા રોજિંદા જિંદગીમાં સ્પષ્ટ રીતે ઉભરે છે. કસ્બા-મહોલ્લાથી માંડીને આસપડોશની કરિયાણા દુકાનોની સૌથી મોટી તાકાત તેમની સામાજિક વિશ્વસનીયતા અને આત્મીય વ્યવહાર રહ્યો છે. પરંતુ આ બધું નફા અને બચતની નવી બજાર વ્યવસ્થામાં ઊંધા મોંએ પછડાય છે. નવી બની રહેલી સ્થિતિએ આપણા ઘર-પરિવાર અને સમાજને નવા પ્રકારે ઘડવાનું શરૂ કરી દીધું છે. આ સ્થિતિનું વધુ ઊંડાણથી અધ્યયન કરવું જોઈએ કે બજાર સાથે જોડાયેલા આપણા સામાજિક સંબંધ જો કમજોર પડે છે તો તેની અસર આપણા વિચાર અને સ્વભાવમાં કેવી પડશે.

# સતત કમજોર થતી કોંગ્રેસની રાષ્ટ્રીય-રાજકીય સંભાવનાઓ

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીઓનાં પરિણામોનું વિભિન્ન દૃષ્ટિકોણોથી વિશ્લેષણ ચાલુ છે. આ પરિણામોને લઈને એ અવશ્ય કહી શકાય કે તે ઘણાં અણધાર્યાં રહ્યાં. બંને રાજ્યમાં સત્તારૂઢ ગઠબંધનોએ માત્ર સત્તામાં વાપસી જ નથી કરી, બલ્કે તેમની જીત પહેલાં કરતાં પણ વધુ દમદાર રહી. આ ચૂંટણી એ જોતાં પણ અનપેક્ષિત કહી શકાય કે બંને રાજ્યોએ લગભગ છ મહિના પહેલાં ચૂંટણીઓનાં વલણ પલટવાનું કામ કર્યું. લોકસભા સીટોની દૃષ્ટિએ ઉત્તર પ્રદેશ બાદ સૌથી મોટા રાજ્ય મહારાષ્ટ્રમાં ભાજપને ભારે ઝાટકો લાગ્યો હતો, જ્યારે ઝારખંડમાં તેની સ્થિતિ સારી રહી હતી. લોકસભામાં ભાજપે પોતાના દમ પર પૂર્ણ બહુમત હાંસલ ન થવાનું એક મોટું કારણ મહારાષ્ટ્રમાં તેનું કમજોર પ્રદર્શન પણ માનવામાં આવ્યું. મહારાષ્ટ્રમાં છેલ્લા દસ વર્ષો દરમ્યાન વચ્ચેના થોડા અંતરાલને છોડીને ભાજપ સત્તા પર રહી હતી તો કેટલાક સત્તાવિરોધી વલણનો પણ તેણે સામનો કરવો પડી રહ્યો હતો. એકનાથ શિંદે અને અજિત પવાર જેવા સહયોગીઓ સાથે તાલમેલને લઈને પણ જાતજાતના સમાચારો આવી રહ્યા હતા. મરાઠા અનામત આંદોલનને લઈને ચાલતા અભિયાન અને ગ્રામીણ ક્ષેત્રોમાં અસંતોષ અને કૃષિ સંકટ પણ સરકારની મુશ્કેલીઓ વધારી રહ્યા હતા. તેમ છતાં સત્તારૂઢ ગઠબંધન મહાયુતિનો એવો પ્રચંડ વિજય થયો કે વિપક્ષી દળોને વિરોધ પક્ષના નેતા બનવા લાયક પણ સીટો નથી મળી. બીજી તરફ, ઝારખંડમાં ભાજપની હાર રાજકીય વિશ્લેષકોને નવેસરથી વિચારવા મજબૂર કરનારી છે.

ઝારખંડની રાજકીય પ્રકૃતિ એવી રહી કે સતત બે વખત કોઈ પક્ષ ચૂંટણી નથી જીત્યો અને વારાફરતી સરકાર બનાવવાનો રિવાજ ચાલ્યો આવે છે. હંમેશાં રાજ્યની જનતાએ ખંડિત જનાદેશ જ આપ્યો, જેનાથી ત્યાં તડજોડની રાજનીતિ ખૂબ ચાલતી હતી. એવા વલણોને પલટતાં રાજ્યની જનતાએ ઝારખંડ મુક્તિ મોરચા એટલેકે ઝામુમોના નેતૃત્વમાં ઈન્ડી ગઠબંધને જોરદાર જીત નોંધાવી છે. ભાજપ અહીં બાંગ્લાદેશી ઘૂસણખોરોનો મુદ્દો જોરશોરથી ઉઠાવવાની સાથે જ તેને આદિવાસી અસ્મિતા પર સંકટ સાથે જોડી રહી હતી. સાથે જ બાબુલાલ મરાંડીની વાપસી અને સુદેશ મહતો સાથે અનુકૂળ ગઠબંધન કરીને ચંપાઈ સોરેન જેવા ઝામુમોના દિગ્ગજને પોતાના પક્ષમાં ખેંચી લાવીને ભાજપ જીત પ્રત્યે આશ્વસ્ત દેખાતી હતી. પરિણામોએ આ તમામ પાસાંને અપ્રભાવી કરી દીધા અને ઝામુમો સત્તાવિરોધી લહેરને પલટવામાં સફળ રહી.

બંને રાજ્યોમાં સત્તારૂઢ ગઠબંધનની જીતમાં મહિલાઓ માટે ચલાવવામાં આવી રહેલી યોજનાઓના યોગદાનને સૌથી મુખ્ય કારક ગણાવાય છે. મહારાષ્ટ્રની મહાયુતિ સરકારે જ્યાં લાડકી બહિન યોજના તો ઝામુમો સરકારે મંઈયાં સન્માન યોજના પર મોટો દાવ લગાવ્યો. આ દાવ કારગત પણ રહ્યો. બંને રાજ્યોમાં વિપક્ષી દળોએ પણ એવી જ ભળતી કે કેટલાક અર્થમાં તેનાથી પણ આકર્ષક યોજનાઓનો વાયદો કર્યો, પરંતુ મતદારોએ હાલની યોજનાઓમાં જ પોતાનો ભરસો વ્યક્ત કર્યો, જેનો તેમને લાભ મળી રહ્યો હતો. નિઃસંદેહ બંને રાજ્યોના વિજયી ગઠબંધનોમાં યોજનાઓની મોટી ભૂમિકા રહી છે, પરંતુ આટલી વ્યાપક જીતમાં માત્ર કોઈ એક કારક જ જવાબદાર નથી હોતું. આવી જીતમાં કેટલાંય કારક એક સાથે પ્રભાવી હોયછે. એવા જ એક કારક નરેટિવની વાત કરીએ તો વિરોધાભાસી વલણો સામે આવે છે. જ્યાં ઝારખંડમાં બાંગ્લાદેશી ઘૂસણખોરનો મુદ્દો ન ચાલી શક્યો, ત્યાં જ મહારાષ્ટ્રમાં 'બટેંગે તો કટેંગે' અને 'એક હૈ તો સેફ હૈ' જેવા નારા બખૂબી ચાલ્યા. વિપક્ષી જૂથના એક મોટા નેતા શરદ પવારે એ સ્વીકાર પણ કર્યું. એવામાં એના પર આશ્ચર્ય થાય છે કે જે પ્રકૃતિનું નરેટિવ એક રાજ્યમાં ચાલ્યું તે બીજા પ્રદેશમાં કેમ ન ચાલ્યું? આ ચૂંટણીઓ સાથે છેલ્લા કેટલાક ચૂંટણીઓનાં પરિણામોની પ્રકૃતિ પણ અનપેક્ષિત રહી છે. વધુ પાછળ ન જઈએ તો લોકસભા ચૂંટણી તેનું સૌથી મોટું ઉદાહરણ રહ્યું , જ્યાં મોદી સરકારની સત્તામાં વાપસીને લઈને એક પ્રકારની સર્વાનુમતિ હતી. તેની સંભવિત સીટોને લઈને જાતજાતની અટકળો લગાવવામાં આવતી હતી. પરંતુ ભાજપને પોતાના દમ પર પૂર્ણ બહુમતી હાંસલ કરવામાં કોઈને શંકા ન હતી. પરિણામ તેનાથી વિપરીત રહ્યાં. એ જ રીતે, ગત દિવસોમાં હરિયાણા ચૂંટણી દરમ્યાન લાગ્યું કે સત્તાનો ખેલ માત્ર કોંગ્રેસને થાળીમાં પીરસવાની ઔપચારિકતા માત્ર છે, પરંતુ પરિણામો બાદ મોટા મોટા ચૂંટણી પંડિતોને સંતાવું પડ્યું. આ જ કડીમાં હવે ઝારખંડ અને મહારાષ્ટ્રનું નામ પણ જોડાઈ ગયું છે. અનપેક્ષિત ચૂંટણી પરિણામોના સિલસિલામાં એક સંયુક્ત કારક એ પણ ઉભરતું દેખાય છે કે લગભગ દરેક ચૂંટણી પહેલાં એક પાર્ટી કે ગઠબંધનના પક્ષમાં જે માહોલ દેખાયછે.

**વેદ ઉપનિષદ રામાયણ-મહાભારતના કિસ્સાઓ વાર્તા સ્વરૂપે નાના બાળકોને સંભળાવવાથી એ આદર્શ ચરિત્રોના પાત્રો તેના માનસમાં અંકિત થાય છે**

# જીવન જ્યારે બોજરૂપ લાગે! ત્યારે યે દોલત ભી લે લો.. યે શોહરત ભી લે લો.. જેવો ભાવ થાય



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**કવિએ તો આ ગીતમાં બાળપણના પ્રસંગોને ટાંકીને એને શબ્દ ચિત્ર આપ્ય છે. એટલે કે એને એ સમયનું બધું એકાએક સ્મૃતિમાં આવે છે. બાળપણમાં કહેવાતી વાર્તા પણ જીવન ઘડતરમાં બહુ મહત્વનો ભાગ ભજવતી હોય છે, અને એટલે જ આપણે ત્યાં નાના બાળકોને વાર્તા દ્વારા સંસ્કાર શીખ આપવાની એક પ્રથા હતી.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં ૧૯/ ૧૧ નવેમ્બરના દિવસે ઈન્ટરનેશનલ મેન ડે તરીકે ઉજવાતો દિવસ ગયો, સ્ત્રી અને પુરુષ યુગોયુગોથી એકબીજાના પૂરક છે, અને બંને ઈશ્વરની શ્રેષ્ઠ કૃતિ છે. સમાજમાં બંને મા સારા-ખરાબ અપવાદો જોવા મળે છે, પરંતુ એક સ્ત્રી, મહિલા, કે નારી એને સતત એ યાદ રહે છે કે, પોતે પુત્રી છે, બહેન છે, પત્ની છે, પુત્રવધુ છે, અને માતા છે. જ્યારે પુરુષને પ્રમાણમાં આ સત્ય ઓછું યાદ રહે છે, અને તે હું એક પુરુષ છું એ સત્યને તે વધારે વળગી રહે છે, બસ તત્વતઃ આટલો તફાવત છે. નાગર જ્ઞાતિમાં તો સ્ત્રી દાક્ષિણ્ય ખૂબ જ જોવા મળે છે, અને પુરુષો સ્ત્રીને ખૂબ જ માન સન્માન આપતા હોય છે. એટલે જીવની આસપાસના પુરૂષ વર્ગમાં ઘણા શ્રેષ્ઠ અને આદર્શ પણ છે, એમાં પણ ખાસ કરીને પિતા, શ્રેષ્ઠ પુરુષ સાબિત થાય એ કક્ષાની તેમની વિચારધારા હતી, કારણ કે એ તો સાધુ ચરિત ધરાવતા હતા. પરંતુ સમાજમાં બધાં સ્ત્રી પુરુષ શ્રેષ્ઠ નથી હોતાં, એ સત્ય સ્વીકારવું જ પડે. સ્ત્રી હોય કે પુરુષ જ્યારે તે પોતાના અહમના અસ્તિત્વ ને પુરવાર કરવા માટે સાચા ખોટા આગ્રહોને જીવનમાં મહત્વ આપે, ત્યારે બહુ સ્વાભાવિક રીતે જ જાણે અજાણે નીતિ પ્રમાણિકતા અને ઈમાનદારી જીવનમાંથી ધીરે ધીરે લુપ્ત થતાં જાય છે, અને જીવન એવા મોડ પર આવીને ઊભું રહે છે કે જ્યાં તેને એકલતાનો અનુભવ થાય છે, બહુ જ થાક લાગે છે,જીવન બોજારૂપ લાગે, અને જીવ ફરી પાછો નિખાલસ બનવા માટે, નાનપણમાં એટલે કે બાળપણની એ મસ્તીમાં જવા માગે છે. તો આજે આપણે પણ તરાને કી તર્જ જીવન કા અર્ક માં, એવા એક ગીતનો સંદર્ભ લઈને ચિંતન કરીશું.

યે દૌલત ભી લે લો,
શોહરત ભી લે લો,
ભલે છીન લો મુઝસે મેરી જવાની,
મગર મુઝકો લૌટા દે,
બચપન કા સાવન,
વો કાગજ કી કશ્તી,
વો બારિશ કા પાની,
વો કાગજ કી કશ્તી,
વો બારિશ કા પાની.

૧૯૯૦ની સાલમાં બનેલી ''આજ'' ફિલ્મનાં ગીતમાં ચિત્રા સિંઘ અને જગજીતસિંઘ નો અવાજ છે, ફિલ્મમાં મુખ્ય કિરદાર કુમાર ગૌરવ અને અનામિકા પાલ રાજ બબ્બર માર્ક જુબેર અને રાજ કિરણ છે. શબ્દો છે સુદર્શન ફકીર ના અને મ્યુઝિક સારેગામાનું. ફિલ્મની સ્ટોરીથી હું પરિચિત નથી, પરંતુ આપણે ગીતના શબ્દો પકડી એ તો જીવનના કોઈ એવા મુકામે દરેકે દરેકને આ શું થઈ ગયું? એવો ભાવ થતો હોય, એટલે કે એને પોતાની જિંદગી બોજારૂપ લાગતી હોય છે, અને ક્યાંક ક્યાંક તો આપણા રચેલા સંસાર નામના જાળામાં, આપણે જ ફસાઈ ગયા હોઈએ, અને અત્યંતઉલ્ઝનભર્યાજીવનનુંકારણઆપણે જ હોઈએ, તેવું લાગે છે. દરેકના જીવન જુદીજુદી ગતિવિધિઓ માંથી પસાર થતા હોય છે, પરંતુ એકંદરે સૌનું બાળપણ કંઈ અંશે યાદ કરવા જેવું હોય છે, અને જ્યારે પણ યાદ કરીએ ત્યારે થોડો આનંદ આપનારું હોય છે, અને એનું કારણ માત્ર એ જ છે કે, બાળપણમાં નિખાલસતા અને નિર્દોષતા હોય છે. કારણકે જવાબદારીનો બોજો હોતો નથી, એટલે બહુ સાચું ખોટું કરવું પડતું નથી. આજકાલ તો હવે બાળપણ પણ એટલું નિર્દોષ રહ્યું નથી, કારણકે શિક્ષણને નામે સ્પર્ધા માં જોતર્યા હોય એવું લાગે! અને સ્પર્ધા માં હાર જીત હોય એટલે જીતવા ના ખેલ પણ થાય. પરંતુ એકંદરે જીવનના એક મુકામ પર સૌનાં જીવનનું આ સત્ય અકાટ્ય છે. એટલે કે સ્ત્રી હોય કે પુરુષ હોય, તેને પોતાના બાળપણમાં આજના પ્રમાણમાં થોડોક વધુ આનંદ મળ્યો હોય, અને એનું કારણ માત્ર ને માત્ર નિખાલસતા અને નિર્દોષતા છે, જે સાધુ હોવાનું બહુ જરૂરી લક્ષણ છે, અને એ વિશે આપણે કેટલીય વખત વાત કરી છે. કવિએ તો આ ગીતમાં બાળપણના પ્રસંગોને ટાંકીને એને શબ્દ ચિત્ર આપ્ય છે. એટલે કે એને એ સમયનું બધું એકાએક સ્મૃતિમાં આવે છે. બાળપણમાં કહેવાતી વાર્તા પણ જીવન ઘડતરમાં બહુ મહત્વનો ભાગ ભજવતી હોય છે, અને એટલે જ આપણે ત્યાં નાના બાળકોને વાર્તા દ્વારા સંસ્કાર શીખ આપવાની એક પ્રથા હતી. આજકાલ તો નાના નાના એટલે કે ચારથી પાંચ વર્ષના બાળકોને પણ મોબાઈલના વ્યસન થઈ ગયા છે, અને માતા-પિતા પોતાનું બાળક સ્માર્ટ છે, એવો ગર્વ પણ લેતાં હોય છે, જે ખરેખર ખોટું છે. વેદ ઉપનિષદ રામાયણ-મહાભારતના કિસ્સાઓ વાર્તા સ્વરૂપે નાના બાળકોને સંભળાવવાથી એ આદર્શ ચરિત્રોના પાત્રો તેના માનસમાં અંકિત થાય છે, અને આ વાતનો સંદર્ભ લઈને ઘણી બધી એ પ્રકારની સિરિયલો તેમજ કાર્ટુન સીરીયલ પણ બાળકો માટે બનાવવામાં આવી, કે જેથી કરીને એ લોકો મનોરંજનની સાથે સાથે શીખ અને સંસ્કાર પણ મેળવે. આપણે ત્યાં અકબર બીરબલ, પંચતંત્ર, અને વિક્રમ વેતાળની,તેમજ સદગુરુ ભગવાનની પણ બાળવાર્તા માટે ખૂબ જ પ્રચલિત છે. જેનું બાળપણ આ રીતનું ખૂબ જ સમૃદ્ધ ગયું હોય, એટલે કે માતા અને પિતાએ નાનપણથી જ આ રીતે સંસ્કાર ઘડતર કર્યું હોય, એના જીવન પ્રમાણમાં ઓછા દૂષિત હોય છે. પરંતુ આજકાલની આ સ્પર્ધાની દુનિયામાં લોકો ઘણું બધું છોડતા ગયાં, તેમાં સૌથી મોટી ભૂલ સંસ્કાર છોડવાની થઈ ગઈ. ઉંમરના અમુક મુકામે એ વાત સમજાય છે, અને ત્યારે આપણે કોઈપણ કાળે બચપણના એ દિવસોમાં પાછા જઈ શકીએ તેમ ન્હોય, એ નિખાલસતા મેળવી શકીએ તેમ ન્હોય, ત્યારે પછી ઈશ્વરને આ રીતે પ્રાર્થના કરવી પડે કે, તું મારી બધી જ દૌલત લઈ લે,શોહરત લઈ લે, પણ મને મારું બાળપણ પાછું આપી દે. તો આપણા સંસ્કારો છૂટી જવાથી કે આપણા અહમને પ્રબળ બનાવવાથી જીવનમાં ઘણી બધી સમસ્યાઓ વગર કારણે ઉદભવતી હોય છે, અને એનો જ થાક જો આપણને લાગતો હોય, તો સમય રહેતા આપણે આ ભૂલને સુધારી લઈએ, અને આપણાં સ્વભાવની મૂળ નિખાલસતા અને નિર્દોષતા ફરી પાછી જીવનમાં સ્થાન મેળવે એ રીતનું ચરિત્ર નિર્માણ કરીએ, કે જેનાથી જીવન અને જીવન આસપાસ રહેલા વ્યવહારો તેમજ સંબંધોમાં મધુરતા, અને સરળતા સ્થાપી શકાય. આપણા સૌનું જીવન બાળપણમાં હતી, એવી જ નિખાલસતા અને નિર્દોષતાથી હર્યું ભર્યું રહે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**ધ્રુવનું દૃષ્ટાંત એ સ્પષ્ટ કરે છે કે, દેવો મંત્રાધીન છે, નામ સ્વતંત્ર છે, રૂપ સ્વતંત્ર છે, તેથી સંતો નામ સ્વ રૂપને વધુ મહત્ત્વ આપે છે**

# જો આપણું મન શાંત નહી હોય તો હિમાલયની શાંતિ પણ આપણા જીવનને શાંતિ નહી આપી શકે



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**પરોપકારથી ઈશ્વર પ્રાપ્તિ થતી નથી, ઘણીવાર પરોપકાર ઈશ્વર પ્રાપ્તિમાં બાધક નીવડે છે, ભરત મુનિની જેમ, મનુષ્યના દુઃખનું કારણ તેનો સ્વભાવ છે, સ્વભાવને સુધારવો કઠણ છે, તીર્થ સ્થાનથી વિષ્ણુયોગ કરવાથી સ્વભાવ સુધરતો નથી, પણ પરમાત્માનાં ધ્યાન, જપથી સ્વભાવ સુધરે છે, પાપની આદત ભગવાનના નામના જપથી અને આખરે ભાગવત્ કૃપા થવાથી છૂટે છે, પ્રચેતાઓના ચરિત્રમાં ગૃહસ્થોને બોધ આપ્યો છે.**

આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભગવાન તમારી પાસે સંપત્તિ માગતા નથી, પણ સમય માગે છે. તેમને માટે સમય કાઢવો જોઈએ. પાપ કરતાં મનને ખટકો લાગે, તો સમજવું કે પ્રભુની પૂર્ણ કૃપા થઈ છે. પાપ ન કરો એ જ મહાન પુણ્ય છે. પાપની મા છે મમતા અને બાપ છે લોભ. તેનો ત્યાગ કરજો. પ્રભુસેવામાં જગત સેવા છે. પ્રભુસેવા વગર દેશસેવા પણ સફળ થશે નહીં. માટે રઘુ નાથની કૃપા મેળવવા હંમેશા પ્રયત્ન કરવો, કારણ આકાશમાં જેટલા તારા છે એટલા દુશ્મનો હશે તો પણ રામજીની કૃપાથી મારો વાળ વાંકો નહીં થાય. ગૃહસ્થાશ્રમનું વાતાવરણ એવું છે કે, વિષમતા કર્યા વગર ચાલતું નથી. જે એક આસને બેસીને રોજ ત્રણ કલાક ભાગવત સ્મરણ કરે તેને ભગવાન પાપ કરતાં અટકાવે છે. પરોપકારથી ઈશ્વર પ્રાપ્તિ થતી નથી. ઘણીવાર પરોપકાર ઈશ્વર પ્રાપ્તિમાં બાધક નીવડે છે. ભરત મુનિની જેમ. મનુષ્યના દુઃખનું કારણ તેનો સ્વભાવ છે. સ્વભાવને સુધારવો કઠણ છે. તીર્થ સ્થાનથી વિષ્ણુયોગ કરવાથી સ્વભાવ સુધરતો નથી. પણ પરમાત્માનાં ધ્યાન, જપથી સ્વભાવ સુધરે છે. પાપની આદત ભગવાનના નામના જપથી અને આખરે ભાગવત્ કૃપા થવાથી છૂટે છે. પ્રચેતાઓના ચરિત્રમાં ગૃહસ્થોને બોધ આપ્યો છે. ભગવાન કહે છે, ત્રણ કલાક તમે મારી પાછળઆપો તો બાકીના એકવીસ કલાક હું તમારું ધ્યાન રાખીશ. જે પુરુષો સમપ ર્ણ બુદ્ધિથી કર્મો કરે છે અને જેઓનો સમય મારી કથા વાર્તા ઓ કરવામાં પસાર થાય છે, તેઓ ગૃહસ્થાશ્રમમાં રહે તો પણ ઘર તેમને બંધનરૂપ થતું નથી. એનો અર્થ એ કે બાકીના ને ઘર બંધન રૂપ થાય છે. સંતતિ અને સંપત્તિ દરેકને પૂર્વના પ્રારબ્ધ કર્મ અનુસાર મળે છે, તેથી તેમાં મનુષ્યે હર્ષો કરવો નહીં. તેની ચિંતા છોડી ભાગવત ભજન માં લાગી જવું. મન શુદ્ધ થાય ત્યારે જાણજો કે, ઈશ્વર કૃપા થઈ. બાકી મનુષ્યવૃત્તિ એરણની ચોરી કરી સોય-દાન કરવાની હોય છે. એવી વૃત્તિ છોડવી જોઈએ અને માટી, પથ્થર અને સોનું સરખાં ગણવાની દૃષ્ટિ કેળવવી જોઈએ. રાંકા બાંકા જેવી અનાસક્તિ કેળવવીજોઈએ એક સમય રાંકા અને બાંકા નામના પતિ-પત્ની રસ્તેથી પસાર થઈ રહ્યાં હતાં. રાંકા આગળ બાંકા તેની પાછળ. રસ્તામાં રાંકાએ સોનાનો હાર જોયો. તેને થયું કે આ બાંકાની દૃષ્ટિ આ સોનાનો હાર જોઈ બગડશે. તેથી તેણે હાર ઉપર ધૂળ વાળવા માંડી. તેને તેમ કરતો જોઈ બાંકાએ કહ્યું, અરે, તમે ધૂળ ઉપર ધૂળ શું કરવાવાળો છો? એનો અર્થએ કે રાંકાના મન માં આ સોનું છે, આ ધૂળ છે, એવી ભાવના હતી. બાંકામાં ન હતી. તું મારા કરતાં વધી, તારો વૈરાગ્ય આવો બાંકો છે. કરેલા સત્કર્મને-પુણ્યને ભૂલી જાવ. પુણ્યનો અહંકાર સારો નથી આ અહંકાર ગયા વિના ચિત્તશુદ્ધિ શક્ય નથી. માટે પુણ્ય ભૂલી જાવ, પરંતુ કરેલાં પાપ યાદ રાખો. આ વિશે યયાતિ રાજાનું દૃષ્ટાંત છે. યયાતિ રાજા કરેલાં પુણ્યોને આધારે સદેહે સ્વર્ગમાં ગયા,ને ત્યાં ઈન્દ્રાસન ઉપર બેસવા ગયા. ઈન્દ્ર ગભરાયા. તે બૃહસ્પતિ પાસે દોડી ગયો. બૃહસ્પતિએ ઈન્દ્રને સલાહ આપી કે,તું યયાતિ રાજાને પૂછી જો કે,તેણે પૃથ્વી ઉપર કયાં કયાં પુણ્યો કર્યાં છે કે જેથી તેઓ ઈન્દ્રાસન ઉપર બેસવા માગે છે.જવાબમાં તે પોતાના પુણ્યોનું વર્ણન કરશે એટલે તેનાં પુણ્યોનો ક્ષય થશે. ઈન્દ્ર તે પ્રમાણે કર્યું. યયાતિએ પોતાનાં પુણ્યો સ્વમુખે ગાયાં. પુણ્યો આમ ગવાયાં, એટલે તેનો ક્ષય થયો અને તેનું સ્વર્ગમાં થી પતન થયું. માટે યાદ રાખજો, કરેલાં સત્કર્મો વિશે કોઈને કહેશો નહીં.ખરી મુદ્દા ની વાત એ છે કે, વેદવેદાંગનું જ્ઞાન હોય અને શાસ્ત્ર ની બધી વિદ્યા મોઢે હોય,કવિત્વ મય વાણીમાં સુંદર ગદ્ય અને પદ્ય કરવાની શક્તિ હોય, તેમ છતાં જો હરિ ચરણોમાં ચિત ન લાગેલું હોય તો આ બધું શા ખપનું છે?પ્રચેતાઓનેભગવાને લગ્ન કરવાની આજ્ઞા કરી. પ્રચેતા ઓ ઘરે ગયા. લગ્ન થયાં.એકએક પુત્ર થયા પછી ફરીથી પ્રચેતાઓ નારાયણ સરોવરના કિનારે આવ્યા તેઓએ નારદને કહ્યું, ગૃહસ્થાશ્રમના વિલાસી અને વિષમ વાતાવરણ માં અમે અમારું સર્વ જ્ઞાન ભૂલી ગયા છીએ, અમારું લક્ષ્ય પણ ભૂલી ગયા છીએ. અમને ફરી ઉપદેશ આપો. જગતમાં કેટલાક તો તમે એમને માટે ઘણું કરશો તો પણ તમારું ખરાબ બોલવાના જ એટલે જગતને અને જગતના લોકોને સાંભળવાની કદી ઈચ્છા રાખશો નહીં,નહીં તો દુઃખી થશો. આ નિંદા પચાવી શકે તેમ નથી. સ્તુતિ પણ પચાવી શકે તેમ નથી. આખા જગતને કોઈ રાજી કરી શક્યું નથી, તેમ કરવું કઠણ છે. એક સમયે એક બાપ-દીકરો ઘોડા ને લઈ જતા હતા. દીકરાએ કહ્યું કે,બાપા,તમે ઘોડા ઉપર બેસો હું ચાલીશ. બાપ ઘોડા ઉપર બેઠો. આગળ જતાં રસ્તામાં કેટલાક માણસો મળ્યા. કહે,બાપ કેવો નિર્દય છે! નાનો છોકરો તાપ માં ચાલે છે અને પોતે ઘોડા ઉપર બેઠા છે. આ સાંભળી પિતા એ પુત્રને કહ્યું, બેટા,તું ઘોડા ઉપર બેસ, હવે હું ચાલીશ. આગળ જતાં રસ્તામાં બીજા માણસો મળ્યા. તેઓ કહે,આ છોકરો નિર્લજ્જ છે! જુવાનજોધ થઈ પોતે ઘોડા ઉપર બેઠો છે અને પોતાના બુઢ્ઢા બાપને ચલાવે છે! આ સાંભળી પિતા-પુત્ર બંને ઘોડા ઉપર સાથે બેઠા. આગળ જતાં રસ્તામાં બીજા માણસો મળ્યા. તેઓ કહે, આ લોકો કેવા નિર્દય છે! બે પાડા જેવા આ બિચારા નાના ટટ્ટુ ઉપર ચડી બેઠા છે.

હવે બાપ- દીકરો બંને ટટ્ટુ ઉપરથી નીચે ઊતરી ગયા. હવે તેઓ ઘોડા ને દોરીને લઈ જતા હતા.આગળ જતાં રસ્તામાં બીજા માણસો મળ્યા. તેઓ કહે, આ લોકો કેવા મૂર્ખ છે?સાથે ઘોડો છે, પણ ચાલતા જાય છે. એક બેઠો તોય નિંદા,બે બેઠા તોય નિંદા! જગતમાં કેવું વર્તન રાખવું તે જ સમજ પડતી નથી.ત્યારે પરમાત્મા ને પ્રસન્ન કરવા એટલું કઠણ નથી. પરમાત્માને જે પ્રસન્ન કરી શકે તે જગતને પ્રસન્ન કરી શકે છે. કારણ ભગવાન જગતના ઉપાદાન કારણ છે.રામચંદ્રજી કુટિલ સાથે પણ સરળ વ્યવહાર કરે છે ત્યારે શ્રી કૃષ્ણ સરળ સાથે સરળ અને કુટિલ સાથે કુટિલ વ્યવહાર રાખે છે. સમાજને રાજા સુધારી શકે નહીં. સમાજને સંત સુધારી શકે. માટે જગતને ખુશ કરવાની વૃત્તિ છોડી ઈશ્વરને ખુશ કરો,પ્રસન્ન કરો પ્રભુ ને પ્રસન્ન કરવાના ત્રણ માર્ગો નારદજીએ ચોથા સ્કંધમાં બતાવ્યા છે. સર્વ જીવો ઉપર દયા રાખવી,જે કાંઈ મળે તેનાથી સંતોષ માનવો અને ઈન્દ્રિયો ઉપર સંયમ કરવો. આથી ભગવાન તરત પ્રસન્ન થાય છે. આ ત્રણ ઉપાય જે કરે તેના ઉપર ભગવાન કૃપા કરે છે.એક રાજા પોતાની વીરતા અને સુશાસનના માટે પ્રસિદ્ધ હતો. એકવાર તે પોતાના ગુરૂજી સાથે નગર ભ્રમણ કરી રહ્યા હતા. રાજ્યની સમૃદ્ધિ અને ખુશહાલી જોઈને તેનામાં ઘમંડનો ભાવ આવી ગયો હતો અને મનમાં વિચારતો હતો કે ખરેખર હું એક મહાનરાજા છું,હું ઘણી સારી રીતે મારી પ્રજાની દેખભાળ કરું છું. ગુરૂજી સર્વજ્ઞાની હતા તે તરત જ શિષ્યના મનના ભાવને સમજી ગયા અનેતાત્કાલિક તેના સુધાર માટે નિર્ણય કર્યો. રસ્તામાં એક મોટો પત્થર પડયો હતો.ગુરૂજીએ તેને તોડવા માટે સૈનિકોને નિર્દેશ આપ્યો.સૈનિકોએ પત્થરના બે ટુકડા કર્યાતો એક અવિશ્વનીય દ્રશ્ય જોયું. પત્થરની વચ્ચે પાણી ભરાયેલું હતુંઅને તેમાં એક દેડકો બેઠો હતો.પત્થર તૂટતાં જ દેડકો કૂદીને બહાર આવી ગયો. બધાને ઘણી જ નવાઈ લાગી કે આ પત્થરમાં દેડકો આવ્યો કેવી રીતે અને જીવિત કેવી રીતે રહ્યો? ત્યારે ગુરૂજીએ રાજાની તરફ જોઈને પુછ્યું કે જો આપ એવું વિચારતા હો કે મારા રાજ્યના તમામનું હું ધ્યાન રાખું છું, તમામનું પાલન-પોષણ કરૂં છું તો બતાવો કે આ પત્થરની વચ્ચે ફસાયેલ દેડકાનું ધ્યાન કોન રાખી રહ્યું હતું? રાજાને પોતાની ભૂલનો અહેસાસ થયો. તેમણે પોતાના અભિમાન ઉપર પછતાવો થવા લાગ્યો. ગુરૂકૃપાથી તે સમજી ગયા હતા કે ઈશ્વરે તમામ જીવોને બનાવ્યા છે અને તે જ તમામનું ધ્યાન રાખે છે. કહેવાનો ભાવ ઘણીવાર સારા કર્મો કર્યા પછી મળતા યશ અને પ્રસિદ્ધિથી લોકોના મનમાં અહંકાર આવી જાય છે અને છેલ્લે તે અપયશ અને દુર્ગતિનું કારણ બને છે એટલે અમારે ધ્યાન રાખવાનું છે કે અમે આ માનવજીવનમાં ગમે તેવા મુકામ સુધી પહોંચી જઈએ તો પણ ક્યારેય ઘમંડના કરવો જોઈએ અને હંમેશાં અમારા અર્થપૂર્ણ જીવનના માટે સર્વ શક્તિમાન ઈશ્વરના પ્રત્યે કૃત જ્ઞતાનો ભાવ રહેવો જોઈએ.હવે પ્રશ્ન થાય કે આપણા મનમાં વિચારો ક્યાંથી આવે છે? શરીરનો તો નાશ થઈ જાય છે પરંતુ શરીરના નાશ થઈ ગયા પછી અંદર જેડેટા હોય છે તેને પરમાત્મા એક શરીરમાં કાઢીને બીજા શરીરમાં ફીટ કરી દે છે આ ડેટાને ચિત્ત કહે છે.જેમાં અનંત જન્મોના સંસ્કાર ભરેલા પડ્યા છે પૂર્વજન્મમાં જેવા કર્મ કર્યા હોય છે તે ચિત્તમાં જમા હોય છે જે આગલા જન્મમાં પાછા વિચારના રૂપમાં આવી જાય છે.પૂર્વજન્મના કર્મોના આધારે જ મન-બુદ્ધિ કાર્ય કરે છે.આ સિસ્ટમ તમામમાં હોય છે પરંતુ તેના ક્રિયાકલાપ તમામનાં અલગ હોય છેકારણકે તમામના સંસ્કાર અલગ અલગ હોય છે અને આ સંસ્કાર જ જીવને કર્મ કરાવે છે.જો આપણું મન શાંત નહી હોય તો હિમાલયની શાંતિ પણ આપણા જીવનને શાંતિ નહી આપી શકે.શાંતિ બહારથી નહી અંદરથી આવતી હોય છે અને તેનો જન્મદાતા મન છે.જેને મનને સાધી લીધું તો સાધુ છે.નિરંતર અભ્યાસ કરવાથી આ મનને નિયંત્રિત કરી શકાય છે.જે અંદરથી શાંત છે તેને બહાર સર્વત્ર શાંતિ જ પ્રાપ્ત થાય છે અને જેનું મન વશમાં નથી તે વિવશ છે. મન ક્યારેય તૃપ્ત થતું નથી અને એક ક્ષણ પણ શાંત બેસતું નથી અને વારંવાર તે અભાવ અને દુઃખની તરફ આકર્ષિત કરે છે. જો કોઈ જગ્યા એ આપ ણને યથોચિત સન્માન ના મળે તો મન અકારણ જ વારં વાર પોતાનું અપમાન થયું છેએવો અનુભવ કરાવે છે. મન હંમેશાં અહમનું પોષણ ઈચ્છે છે કારણ કે જ્યારે અને જ્યાં મનુષ્યના અહમને ઠેસ પહોંચે છે ત્યાં મન દુઃખી થઈ જાય છે.આ મનને વશ માં કરવું એ જ જીવનની સાધના છે.

# સામન્થા રૂથ પ્રભુએ છૂટાછેડા સાથે જોડાયેલ 'શરમ' વિશે વાત કરી

નાગા ચૈતન્ય અને શોભિતા ધુલીપાલાના લગ્નની તૈયારીઓ ચાહકોને આકર્ષિત કરી રહી છે. થેન્ડેલ અભિનેતાએ ભૂતકાળમાં સામંથા રૂથ પ્રભુ સાથે લગ્ન કર્યા હતા. તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, તેણીએ છૂટાછેડા અને તેની આસપાસના કલંક વિશે વાત કરી. નાગા ચૈતન્ય અને શોભિતા ધુલીપાલા ટૂંક સમયમાં જ મિસ્ટર અને મિસિસ બનવા જઈ રહ્યા છે. તેઓ ૪ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ લગ્નના બંધનમાં બંધાવા જઈ રહ્યા છે.

આપણે બધા જાણીએ છીએ કે નાગા ચૈતન્યના અગાઉ સામંથા રૂથ પ્રભ યુ સાથે લગ્ન થયા હતા. તેઓના લગ્ન થોડા વર્ષો થયા હતા પરંતુ તેઓએ વર્ષ ૨૦૨૧ માં અલગ થવાનું નક્કી કર્યું. તેમના છૂટાછેડા પછી ઘણું બધું કહેવામાં આવ્યું અને કરવામાં આવ્યું અને સામંથા રૂથ પ્રભુને મોટા પ્રમાણમાં ટ્રોલ કરવામાં આવી. છૂટાછેડાના વર્ષો પછી, સમન્થાએ ફરી એકવાર કલંક અને વધુ વિશે વાત કરી છે. સમન્થા રૂથ પ્રભુએ છૂટાછેડા પછી સ્ત્રી શું પસાર થાય છે તેના પર તેમના મંતવ્યો શેર કરે છે. મનોરંજન સમાચાર સાઈટ ગલાટ્ટા ઈન્ડિયાને આપેલા ઈન્ટરવ્યુમાં , સામંથા રૂથ પ્રભુએ નાગા ચૈતન્ય સાથે છૂટાછેડાને કારણે સતત ટ્રોલ થવા વિશે વાત કરી હતી . તેણીએ શેર કર્યું હતું કે છૂટાછેડા સાથે જોડાયેલ શરમ અને કલંકને કારણે સામાન્ય રીતે સ્ત્રીઓને ઘણું સહન કરવું પડે છે. સમન્થાએ છૂટાછેડા લીધેલી મહિલાને 'સેકન્ડ હેન્ડ', 'વપરાતી' અને વધુ તરીકે ઓળખાતા લોકો વિશે પણ વાત કરી હતી. તેણીને ટાંકવામાં આવી હતી કે, "જ્યારે કોઈ મહિલા છૂટાછેડામાંથી પસાર થાય છે, ત્યારે તેની સાથે ઘણી શરમ અને લાંછન જોડાયેલું હોય છે. મને 'સેકન્ડ હેન્ડ', 'યુઝ્ડ' અને 'વેસ્ટેડ લાઈફ' કહીને ઘણી ટિપ્પણીઓ મળે છે. તમને એવા ખૂણામાં ધકેલી દેવામાં આવે છે જ્યાં તમે નિષ્ફળતા અનુભવો છો. છૂટાછેડા પછી, સમન્થા રૂથ પ્રભુને ક્રૂર ટ્રોલીંગનો સામનો કરવો પડ્યો અને તેને ગોલ્ડ-ડિગર અને ઘણું બધું કહેવામાં આવ્યું.



૪ ડિસેમ્બરના રોજ લગ્નના બંધનમાં બંધાવા જઈ રહ્યા છે

જ્યારે સામંથા અને નાગા ચૈતન્યએ અલગ થવાની જાહેરાત કરી ત્યારે ચાહકો ચોંકી ગયા. પરંતુ બધું ભૂતકાળમાં છે. બંને સેલિબ્રિટી આગળ વધ્યા છે અને સારું જીવન જીવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. સમન્થા રૂથ પ્રભુ તેના વ્યાવસાયિક જીવનને સફળતાની નવી ઊંચાઈઓ પર લઈ જવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તે તાજેતરમાં એમેઝોન પ્રાઈમ વિડિયો વેબ સિરીઝ સિટાડેલઃ હની બન્નીમાં જોવા મળી હતી. રાજ અને ડીકે દ્વારા નિર્દેશિત આ વેબ સિરીઝમાં તેણે વરુણ ધવન સાથે સ્ક્રીન સ્પેસ શેર કરી હતી. નાગા ચૈતન્ય દક્ષિણમાં તેની આગામી ફિલ્મો પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેની આગામી મૂવી થંડેલ છે જે ફેબ્રુઆરી ૨૦૨૫ માં રિલીઝ થશે. માત્ર બે દિવસ પહેલા, તેણે તેની NC ૨૪ ની પણ જાહેરાત કરી.

# પુષ્પા-૨ સ્ટાર અલ્લુ અર્જુન સ્વીકારે છે કે તે પ્રથમ ફિલ્મ પછી 'બેરોજગાર' હતો




અલ્લુ અર્જુન સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સૌથી મોટા સ્ટાર્સમાંથી એક છે. અભિનેતાને તાજેતરના વર્ષોમાં પુષ્પાઃ ધ રાઈઝની શાનદાર સફળતા સાથે ખૂબ જ ખ્યાતિ અને પ્રેમ મળ્યો છે. ધબકતા શ્વાસ સાથે, ચાહકો હવે થિયેટરોમાં તેના બીજા હપ્તાની રાહ જોઈ રહ્યા છે. અલ્લુ અર્જુને પાત્રને આઈકોનિક બનાવ્યું છે. હાલમાં, અભિનેતા આગામી ફિલ્મ પુષ્પા ૨ઃ ધ રૂલનું પ્રમોશન કરી રહ્યો છે . તાજેતરમાં જ એક કાર્યક્રમમાં અલ્લુ અર્જુને તેના શરૂઆતના કામના દિવસો વિશે મોટું નિવેદન આપ્યું હતું. અલ્લુ અર્જુનની મોટી કબૂલાત, અલ્લુ અર્જુને ૨૦૦૩માં ગંગોત્રી ફિલ્મથી અભિનયની શરૂઆત કરી હતી. તે એક રોમેન્ટિક ડ્રામા હતી જે એક છોકરીની આસપાસ ફરતી હતી જે એક નોકરના પ્રેમમાં પડે છે. ફિલ્મ હિટ રહી હતી પરંતુ અલ્લુ અર્જુને કબૂલ્યું હતું કે આ ફિલ્મ પછી તેને કોઈ ઓફર મળી નથી. એક ઈવેન્ટમાં અલ્લુ અર્જુનને ટાંકતા જણાવવામાં આવ્યું હતું કે, "મેં મુખ્ય અભિનેતા તરીકે મારી શરૂઆત રાઘવેન્દ્ર રાવ ગરુની ગંગોત્રીથી કરી હતી. તેણે સુપરહિટ ફિલ્મ આપી હતી, પરંતુ હું અભિનેતા તરીકે કામ કરી શક્યો ન હતો. રિલીઝ પછી મારી સાથે કોઈ કામ કરવા આવ્યું ન હતું. ત્યારપછી એક ડેબ્યૂ ફિલ્મમેકર મારી પાસે આવ્યો અને આર્યને ઓફર કરી કે ત્યારથી તેણે પાછું વળીને જોયું નથી." મનોરંજન સમાચારોમાં આ અવતરણ વાયરલ થયું છે. પુષ્પા એ સુકુમારની દ્રષ્ટિ છે. પુષ્પા ૨ઃ ધ રૂલ ૫ ડિસેમ્બરે રિલીઝ થવા જઈ રહી છે. અલ્લુ અર્જુન માત્ર ફિલ્મ નિર્માતાના વખાણ જ કરી શકે છે. ઈવેન્ટમાં, અલ્લુ અર્જુને સુકુમારના સમર્પણ અને મહેનતની પ્રશંસા કરી અને કહ્યું કે ઈવેન્ટમાં આનંદ માણવાને બદલે, ફિલ્મ નિર્માતા પોસ્ટ પ્રોડક્શનના કામમાં વ્યસ્ત છે. તેમણે કહ્યું કે જો તેમને કોઈ એક વ્યક્તિનું નામ લેવું હોય જેણે તેમના જીવન પર અસર કરી હોય તો તે સુકુમાર હશે.

## ઘણા લોકો આ (ઇન્ટિમેટ સીન)નો લાભ પણ લે છે

# ડિરેક્ટરે કટ કહ્યા પછી પણ કો-એક્ટર કિસ કરતો રહેતો : સયાની ગુપ્તા



**નેટફ્લિક્સની વેબ સિરીઝ 'ફોર મોર શોટ્સ પ્લીઝ' ફેમ અભિનેત્રી સયાની ગુપ્તા ચર્ચામાં રહે છે**

નેટફ્લિક્સની વેબ સિરીઝ 'ફોર મોર શોટ્સ પ્લીઝ' ફેમ અભિનેત્રી સયાની ગુપ્તા ચર્ચામાં રહે છે. સયાનીએ તાજેતરના એક ઈન્ટરવ્યુમાં તેના ઈન્ટિમેટ સીન્સ વિશે વાત કરી હતી. તેણીએ દાવો કર્યો છે કે એકવાર તેના એક કો એક્ટરે એક અંતરંગ દ્રશ્ય દરમિયાન તેનો ફાયદો ઉઠાવવાનો પ્રયાસ કર્યો હતો. એટલું જ નહીં, સયાનીએ એ પણ જણાવ્યું કે તે કો એક્ટરેએ તેની સાથે શું કર્યું.સાયનીએ ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે ડિરેક્ટરે કટ કહ્યા પછી પણ તેનો કો-એક્ટર રોકાયો નહોતો. તે તેણીને કિસ કરતો રહ્યો. અભિનેત્રીએ કહ્યું, 'ઘણા લોકો આ (ઈન્ટિમેટ સીન)નો લાભ પણ લે છે. મારી સાથે પણ આવી ઘટનાઓ બની છે જેમાં એક એક્ટર સીન કટ કર્યા પછી પણ કિસ કરતો રહ્યો. આ પ્રકારનું વર્તન અભિનેતાને શોભતું નથી.સયાનીએ કહ્યું કે જ્યારે તે ગોવામાં 'ફોર મોર શોટ્સ પ્લીઝ'ની પહેલી સીઝનનું શૂટિંગ કરી રહી હતી ત્યારે તેણે ખૂબ જ મુશ્કેલ સીન શૂટ કરવાનો હતો. તેણી કહે છે, 'મારે ટૂંકા ડ્રેસમાં દરિયા કિનારે રેતી પર સૂવું પડ્યું અને મારી સામે ક્રૂ સહિત લગભગ ૭૦ લોકો હાજર હતા. તે સમયે હું ખૂબ જ અસુરક્ષિત અનુભવી રહી હતી. કલ્પના કરો, તમે નાનો ડ્રેસ પહેર્યો છે, તમે આડા પડ્યા છો અને તમારી સામે ૭૦ માણસો ઉભા છે.

## હાલના સમયમાં સૌથી લોકપ્રિય સિંગર બની ગયા છે

# કોન્સર્ટ વચ્ચે દિલજીત દોસાંઝનું દર્દ છલકાયું

પંજાબી સિંગર અને એક્ટર દિલજીત દોસાંઝ હાલના સમયમાં સૌથી લોકપ્રિય સિંગર બની ગયા છે. ભારતભરમાં તેના કોન્સર્ટ થઈ રહ્યા છે અને લોકો સિંગરના દિવાના બની બની રહ્યા છે. આ દિવાનગીનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય કે, તેના શો ની ટિકિટો જાહેર થતાંની સાથે જ વેચાઈ જાય છે. તેણે દિલ્હી, લખનઉ અને જયપુર સહિત અનેક શહેરોમાં કોન્સર્ટ કર્યા છે. દિલજીતે તેના પુણે કોન્સર્ટનો એક વીડિયો ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કર્યો છે જેમાં તે તેના અંગત જીવનમાં યોગનું કેટલું મહત્વ છે તે અંગે વાત કરતો નજર આવી રહ્યો છે. પંજાબી સિંગર અને એક્ટર દિલજીત દોસાંઝ હાલના સમયમાં સૌથી લોકપ્રિય સિંગર બની ગયા છે વીડિયોમાં દર્શકો સાથે પોતાના જીવનની સમસ્યાઓ વિશે વાત કરતા દિલજીતે કહ્યું કે, 'જ્યારે તમને કોઈ વસ્તુ મળે છે, ત્યારે કહેવામાં આવે છે કે તમારે કોઈને કહેવું નહીં. પણ મને લાગે છે કે દરેકનો વારો આવવાનો છે. જો તમે યોગ કરશો તો તમે જે પણ કામ કરશો તેમાં તમારા કામની ઝડપ ડબલ થઈ જશે. યોગ એ તમારી યાત્રા છે અને તમારી આંતરિક ગોઠવણીને સુધારે છે.' તેણે આગળ કહ્યું કે, મુશ્કેલી આવશે તો જીવનમાં તણાવ આવશે. હું તમને એ જણાવી પણ ન શકું કે, મને રોજ-રોજ કેટલું ટેન્શન આવે છે. તેથી જેટલું મોટું કામ હશે એટલું જ વધારે ટેન્શન પણ હશે. પરંતુ તે તમારા શરીર અને દિમાગને એક સાથે લાવવામાં મદદ કરે છે, તેથી તેના પર ધ્યાન કેન્દ્રિત કરો. રસ્તો આપોઆપ બની જાય છે અને ટેન્શન દૂર થઈ જાય છે. તો યુવાનો જો તમે પ્રયત્ન કરી શકો તો યોગ શરૂ કરો.દિલજીતના કોન્સર્ટની વાત કરીએ તો હવે તે ૩૦ નવેમ્બરે કોલકાતામાં યોજાવા જઈ રહ્યો છે, ત્યારબાદ તે ૬ ડિસેમ્બરે બેંગલુરુમાં, ત્યારબાદ ૮ ડિસેમ્બરે ઈન્દોરમાં અને ૧૪ ડિસેમ્બરે ચંદીગઢમાં પરફોર્મ કરશે. દિલજીતની દિલ લુમિનાટી ઈન્ડિયા ટૂરનો લાસ્ટ શો ૨૦ ડિસેમ્બરે મુંબઈમાં અને ૨૯ ડિસેમ્બરે ગુવાહાટીમાં થશે.



## બન્ને સાથે સ્ક્રિન પર બહુ ક્યૂટ લાગે

# મલ્હાર ઠાકર અને પૂજા જોષી લગ્નગ્રંથીથી જોડાયા

ગુજરાતી ફિલ્મોના સૌથી લોકપ્રિય અભિનેતા મલ્હાર ઠાકર અને અભિનેત્રી પૂજા જોષી લગ્નગ્રંથીથી જોડાયા છે. મલ્હાર ઠાકર અને પૂજા જોષીએ પોતાના લગ્નની તસવીરો પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર શેર કરી છે. નોંધનીય છે કે, પૂજા અને મલ્હારની જોડી કેટલીક ફિલ્મો અને વેબસિરીઝમાં જોવા મળી છે.ગુજરાતી અભિનેત્રી પૂજા જોષી અને અભિનેતા મલ્હાર ઠાકર બન્ને સાથે સ્કિન પર બહુ ક્યૂટ લાગે છે. મ્લહાર ઠાકર અને પૂજા જોષીએ સાથે એક વેબસિરીઝ અને બે ફિલ્મોમાં કામ કર્યુ છે. તેઓએ વેબસિરીઝ 'વાત વાતમાં' સાથે કામ કર્યુ છે. આ ઉપરાંત તેમણે ફિલ્મ 'વીર ઈશાનું સિમંત' અને 'લગન સ્પેશ્યલ'માં કપલની ભૂમિકામાં જોવા મળ્યા હતા.ઈન્સ્ટાગ્રામ પર મલ્હાર ઠાકરની ફેનક્લબ નામના પેજ પર મલ્હાર ઠાકર અને પૂજા જોશીના લગ્નની તમામ વિધિની તસવીરો અને વીડિયો પોસ્ટ કરવામાં આવી રહ્યા છે.એક વીડિયોમાં પૂજા જોશીએ પાનેતર પહેર્યુ છે, જ્યારે મલ્હાર ઠાકર ક્રિમ કલરની શેરવાનીમાં જોવા મળી રહ્યો છે. લગ્નના મંડપના બન્નેના ચહેરા પર સ્પષ્ટપણે ખુશી જોઈ શકાય છે. લગ્નની વિધિ અગાઉ સંગીત સંધ્યા, મહેંદી સેરેમની અને હલ્દી સેરેમની પણ યોજાઈ હતી. જેમાં ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના અનેક દિગ્ગજ કલાકારોએ હાજરી આપી હતી. લગ્ન સમારંભ બાદ આજે ભવ્ય રિસેપ્શનનું આયોજન કરવામાં આવ્યું છે.

## મુઝકો રાણા જી માફ..ગીત ગાનાર દિગ્ગજનો ખુલાસો

# મારા ગીતો અસભ્ય નહીં પણ છેડછાડવાળા

**'કરણ અર્જુન' ત્રણ દાયકા પછી ફરી રીલિઝ થઈ છે, ફિલ્મનું ગીત 'ગુપચુપ' ઘણું હિટ હતું**

'કરણ અર્જુન' ફિલ્મ ત્રણ દાયકા પછી ફરી રીલિઝ થઈ છે. આ ફિલ્મનું ગીત 'ગુપચુપ' ઘણું હિટ રહ્યું હતું. હાલમાં જ સિંગર આ વિશે વાત કરતી જોવા મળી હતી. ફિલ્મ 'કરણ અર્જુન'નું 'ગુપચુપ' ગીત જબરજસ્ત હિટ રહ્યુ હતુ. આજે પણ આ ગીત ઘણું સાંભળવા મળે છે. વખાણની સાથે લોકોના એક વર્ગે તેની ખૂબ ટીકા પણ કરી છે. તેમણે આ ગીતોને 'અશ્લીલ' ગણાવ્યા છે. આ ગીત લોકપ્રિય ગાયકો ઈલા અરુણ અને અલ્કા યાજ્ઞિકે સાથે ગાયું હતું. હાલમાં જ ઈલા અરુણ ગીત વિશે પોતાના વિચારો શેર કરતા જોવા મળ્યા હતા.બોલિવૂડમાં ઘણા ક્લાસિક ગીતોને પોતાના અવાજથી સજાવનાર ઈલા અરુણ કહે છે કે એ જમાનાના ગીતો ક્યારેય અશ્લીલ નહોતા. પણ તેમાં એક છેડછાડ હતી, એક હળવી ટીખળ હતી. જણાવી દઈએ કે આ ગીત રાજેશ રોશને કમ્પોઝ કર્યુ હતું.ઈલા અરુણે તેના ગીતો 'ચોલી કે પીછે ક્યા હૈ' અને 'ગુપ ચૂપ'માં અસભ્યતા અને છેડતી વચ્ચેનો તફાવત સમજાવતા કહ્યું, 'લોકોએ મારા ગીતો ચોલી કે પીછે ક્યા હૈને પણ બદનામ કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ તે ખરાબ ગીત નહોતું. આ એક સામાન્ય છેડછાડવાળી ભાષા છે. આતી ક્યા ખંડાલા, ચોલી કે પીછે, આ બધા ગીતો મનોરંજન માટે છે. જે લોકો ગામડામાં રહેતા નથી અથવા મોટા ઘરોમાં જન્મ્યા છે તેઓ આ બધી બાબતો સમજી શકશે નહીં.'ઈલા અરુણે આ અંગે વધુમાં કહ્યું, 'તે દિવસોમાં, દરેક જગ્યાએ ટીવી નહોતા, તેથી દરેકના પોતાના ગીતો હતા અને તેઓ તેને હોળી અથવા લગ્નમાં ગાતા હતા. આ બધાં ગીતો મોટે ભાગે ઘરમાં થતા ફંક્શનમાં ગવાતા હતા જ્યાં ઘરની ભાભી એકબીજાને ચીડવતા હતા અથવા તો જીજા-સાલી વચ્ચે મસ્તી થતી હોય... જોકે આજના ગીતોએ અસભ્યતાની હદ વટાવી દીધી છે. અસભ્ય અને છેડતી વચ્ચે તફાવત છે. ચોલી કે પીછે, ગુપ ચૂપ જેવા ગીતો અસભ્ય નથી, તે બધા મનોરંજન માટે બનાવવામાં આવ્યા છે. ઈલા અરુણે ક્લાસિક ગીતો રિક્રિએટ કરવાના વર્તમાન ટ્રેન્ડ પર પણ ચિંતા વ્યક્ત કરી હતી.



# મોહિની ડેએ આખરે એઆર રહેમાન સાથે લિંક-અપની અફવાઓ પર પ્રતિક્રિયા આપી

**હું કોઈને પણ સમજાવવા માટે ઋણી નથી પણ, હું નથી ઈચ્છતો કે આ મારા દિવસને ઉકાળે અને વિક્ષેપિત કરે**

મોહિની ડે એ આર રહેમાન સાથે લિંક-અપની અફવાઓ વિશે ખુલાસો કરે છે. તેણીએ શું કહ્યું તે અહીં છે. બાસવાદક મોહિની ડેએ સંગીત ઉસ્તાદ એઆર રહેમાન સાથે કામ કર્યુ છે. તેણીએ સોશિયલ મીડિયા પર શેર કરેલા એક વિડિયોમાં સુપ્રસિદ્ધ સંગીતકાર સાથે લિંક-અપની અફવાઓ પર આખરે મૌન તોડ્યું. તેણીએ એક વીડિયોમાં પાયાવિહોણા દાવાઓને નિશ્ચિતપણે નકારી કાઢ્યા હતા. તેણે એમ પણ કહ્યું કે એઆર રહેમાન તેના માટે પિતા સમાન છે. તેણીએ જંગલની આગની જેમ ફેલાતા ખોટા વર્ણનો પ્રત્યે નિરાશા વ્યક્ત કરી, અજાણ્યા માટે, એઆર રહેમાન અને તેની પત્ની સાયરા બાનુએ લગ્નના ૨૯ વર્ષ પછી અલગ થવાની જાહેરાત કરી. તેમની જાહેરાત સોશિયલ મીડિયા પર વાયરલ થઈ અને બધાને ચોંકાવી દીધા. તે જ સમય દરમિયાન, મોહિની ડેએ તેના પતિ માર્ક હાર્ટસચથી છૂટાછેડાની જાહેરાત કરી. આના કારણે રહેમાન સાથેના તેના સંબંધો વિશે અટકળો શરૂ થઈ અને અફવાઓ વહેવા લાગી. મોહિની તેના ઈન્સ્ટાગ્રામ પર ગઈ અને એક વિડિયો શેર કર્યો જેમાં તેણે સ્પષ્ટ કર્યુ કે રહેમાન સાથે તેનું જોડાણ પરસ્પર આદર અને પ્રશંસાનું છે. તેણીએ પોસ્ટને કેપ્શન આપ્યું, 'મારી અને એઆર રહેમાન વિરુદ્ધ ખોટી માહિતી અને પાયાવિહોણા ધારણાઓ/દાવાઓનું પ્રમાણ જોવું તદન અવિશ્વસનીય છે. કે મીડિયાએ તે બે ઘટનાઓને વલ્ગરાઈઝ કરી છે. જે હું એક બાળક તરીકે એઆર રહેમાન સાથે કામ કરતી વખતે મારા સમયનું સન્માન કરું છું. તેમની ફિલ્મો, પ્રવાસો વગેરે માટે તેમની સાથે કામ કર્યાના ૮.૫ વર્ષ. તે જોઈને નિરાશાજનક છે કે લોકોમાં કોઈ સન્માન નથી, આના જેવી ભાવનાત્મક બાબતો પ્રત્યે સહાનુભૂતિ અથવા સહાનુભૂતિ. લોકોની માનસિક સ્થિતિ જોઈને મને દુઃખ થાય છે. એઆર રહેમાન એક દંતકથા છે અને તે મારા માટે પિતા સમાન છે! મારી પાસે જીવનમાં ઘણા રોલ મોડલ અને પિતા છે જેમણે મારી કારકિર્દી અને ઉછેરમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. થોડા નામ કહું- મારા પપ્પા જેમણે મને બધું સંગીત શીખવ્યું (જેને મેં એક વર્ષ પહેલાં ગુમાવ્યું) અને પછી @ranjitbarot1 જેમણે મને ઉદ્યોગમાં પરિચય કરાવ્યો.



# માનસિક સ્વાસ્થ્ય સાથે સંઘર્ષ કરી રહી છે

**હું કેટલીકવાર માનસિક સ્વાસ્થ્ય અને સોશિયલ મીડિયા સાથે અનુભવું છું**

કૉલ મી બા સ્ટાર અનન્યા પાંડેએ તાજેતરમાં જ ખુલાસો કર્યો હતો કે તેણી માનસિક સ્વાસ્થ્ય સાથે સંઘર્ષ કરી રહી છે અને ઉપચાર લઈ રહી છે. બોલિવૂડ અભિનેત્રી અનન્યા પાંડેએ કરણ જોહરની 'સ્ટુડન્ટ ઑફ ધ યર ૨'માં ડેબ્યૂ કર્યુ ત્યારથી જ બધાનું ધ્યાન ખેંચ્યું છે. તે સમયાંતરે ભત્રીજાવાદની ચર્ચાનું કેન્દ્ર રહી છે અને તેના નિવેદનોને કારણે તે વારંવાર ટ્રોલ થઈ છે. તાજેતરમાં, અનન્યાએ સોશિયલ મીડિયા પર નફરત અને ટ્રોલિંગ સાથે વ્યવહાર કરવા વિશે તેના હૃદયની વાત કરી. તેણે ખુલાસો કર્યો કે તે તૂટી જશે અને સેટ પર જવા માંગતી નથી. અનન્યા પાંડે થેરાપી સત્રો લેવાનો ખુલાસો કરે છે, બરખા દત્તની વી ધ વુમન સાથેના તાજેતરના ઈન્ટરવ્યુમાં, કૉલ મી બાએ અનન્યાએ સોશિયલ મીડિયા ટ્રોલિંગને કારણે ઉપચાર લેવાનો ખુલાસો કર્યો. અનન્યા પહેલા, દીપિકા પાદુકોણ, આલિયા ભટ્ટ, વિકી કૌશલ, સાન્યા મલ્હોત્રા અને અન્ય સેલેબ્સે માનસિક સ્વાસ્થ્ય સાથે સંઘર્ષ કરવા વિશે તેમના હૃદયની વાત કરી હતી.. તેણે કહ્યું, 'મેં ભૂતકાળમાં થેરાપી કરી છે, હવે હું એટલી નિયમિત નથી. હું મારી લાગણીઓને વ્યક્ત કરી શક્યો નહીં. હું માત્ર ખૂબ જ, ખૂબ જ ડાઉન અનુભવવા માટે વપરાય છે. હું કેટલીકવાર માનસિક સ્વાસ્થ્ય અને સોશિયલ મીડિયા સાથે અનુભવું છું, તે એ છે કે તમે ક્ષણમાં કંઈક વાંચી શકો છો અને તમને કદાચ ખ્યાલ ન આવે કે તે તમને અસર કરી રહ્યું છે, કારણ કે તમને લાગે છે કે 'હું અત્યારે ઠીક છું, મારો દિવસ સારો છે, હું કારમાં છું, વ્યસ્ત છું. હું એક ટિપ્પણી વાંચીશ અને હું તેને અવગણીશ. પરંતુ અઠવાડિયા પછી, તે હજી પણ તમારા અર્ધજાગ્રતમાં ક્યાંક અને એવી વસ્તુઓ હોઈ શકે છે જે ખરેખર ગમતી હોય છે. ઉપચાર સાથે, હું મારી લાગણીઓને એકીકૃત કરી શક્યો અને મારા વિચારોને વધુ સારી રીતે વ્યક્ત કરી શક્યો.' અનન્યા, જે અભિનેતા ચંકી પાંડેની પુત્રી છે અને ફેબ્યુલસ લાઈવ્સ ફજ બોલિવૂડ પત્નીઓ સ્ટાર ભાવના પાંડેએ પણ માનસિક સ્વાસ્થ્ય વિશે વાત કરવા માટે કલંક હોવા વિશે વાત કરી હતી, પરંતુ તે ઘણું સારું થયું છે. ભાવનાએ થેરાપી લેવા વિશે પણ વાત કરી કારણ કે તેણીએ કહ્યું, 'હું લગભગ એક વર્ષથી ઉપચારમાં હતી, કદાચ થોડો વધુ સમય. હું હજી પણ ઉપચાર બંધ કરું છું અને જ્યારે મને એવી વસ્તુઓ મળે છે જે હું મારી જાતે સંભાળી શકતો નથી.



**તેણે કહ્યું, 'મેં ભૂતકાળમાં થેરાપી કરી છે, હવે હું એટલી નિયમિત નથી, હું મારી લાગણીઓને વ્યક્ત કરી શક્યો નહીં**

આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા લો કોસ્ટ-ટીચિંગ લર્નિંગ મટીરીયલ (TLM) બનાવવામાં આવ્યું

# દસ્ક્રોઈ ૧ ઘટકના બારેજા ખાતે ઘટક કક્ષાના ભૂલકા મેળાની ઉજવણી કરવામાં આવી



। (માહિતી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદ જિલ્લા પંચાયતના આઈસીડીએસ વિભાગ દ્વારા દસ્ક્રોઈ ૧ ઘટકના બારેજા ખાતે ઘટક કક્ષાના ભૂલકા મેળાની ઉજવણી કરવામાં આવી હતી. આ મેળામાં ભૂલકાઓ દ્વારા બાળગીત 'આહા ટમાટર' પર ખૂબ જ સરસ કૃતિ રજૂ કરવામાં આવી હતી, જેના માટે તેમને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યું હતું. ઉપરાંત, આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા લૉ કોસ્ટ-ટીચિંગ લર્નિંગ મટીરીયલ (TLM) બનાવી તેનું પ્રદર્શન રાખવામાં આવ્યું હતું. આ મેળામાં હાજર તમામ વાલીઓને આંગણવાડીમાં ચાલતી પ્રી સ્કૂલ કીટ બતાવવામાં આવી હતી તથા તેમને પૂર્વ પ્રાથમિક શિક્ષણની વિવિધ પ્રવૃત્તિઓથી માહિતગાર કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં બારેજા નગરપાલિકાના પ્રમુખશ્રી, ચેરમેન શ્રી, ચીફ ઑફિસર શ્રી, નગરપાલિકાના તથા જિલ્લા પ્રી સ્કૂલ ઈન્સ્ટ્રક્ટર, બાળ વિકાસ અધિકારી સુશ્રી દર્શનાબહેન, ઘટકના તમામ મુખ્ય સેવિકા બહેનો, કાર્યકર બહેનો, પીએસઈ, એનએનએમ તથા અન્ય કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# અમદાવાદ ખાતે સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ ગ્રૂપ-૨ દ્વારા 'DGP કપ ચેસ અને ફૂટબોલ ટૂર્નામેન્ટ-૨૦૨૪'નો પ્રારંભ

## એસઆરપીએફ ગ્રૂપ-૨ના ફૂટબોલ ગ્રાઉન્ડમાં ત્રણ દિવસ સુધી રાજ્યની વિવિધ ટીમો વચ્ચે ટૂર્નામેન્ટ યોજાશે

। (માહિતી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદના રાજ્ય અનામત પોલીસ દળ જૂથ-૨ દ્વારા અમદાવાદ ફૂટબૉલ ગ્રાઉન્ડ ખાતે DGP કપ ચેસ અને ફૂટબૉલ ટૂર્નામેન્ટ – ૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આજે ઓપનિંગ સેરેમની યોજાઈ હતી. આગામી તા. ૩૦ નવેમ્બર સુધી આ ટૂર્નામેન્ટ યોજાશે.

આ ટૂર્નામેન્ટમાં કુલ ૭ ટીમોએ ભાગ લીધો છે. જેમાં રાજકોટ શહેર, વડોદરા રેન્જ, જેલ પ્રભાગ, ભાવનગર રેન્જ, વડોદરા શહેર, હથિયારી એકમો, બોર્ડર રેન્જનો સમાવેશ થાય છે. આ જ રીતે, ચેસ ટૂર્નામેન્ટમાં કુલ ૮ ટીમોએ ભાગ લીધો છે. જેમાં હથિયારી એકમો, ભાવનગર વિભાગ, જેલ પ્રભાગ, રાજકોટ શહેર, રાજકોટ વિભાગ, અમદાવાદ શહેર, ગાંધીનગર વિભાગ, જુનાગઢ વિભાગનો સમાવેશ થાય છે. સ્ટેટ રિઝર્વ પોલીસ ફોર્સ ગ્રૂપ-૨નાં સેનાપતિ સુશ્રી મંજિતા વણઝારાની આગેવાનીમાં આ સમગ્ર આયોજન હાથ ધરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત પોલીસ દળમાં શિસ્ત, શારીરિક ફિટનેસ તથા ટીમ સ્પિરિટની ભાવના જળવાઈ રહે તે ઉદ્દેશ સાથે



દર વર્ષે ડીજીપી કપ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત આ વર્ષે પ્રથમવાર DGP કપમાં ચેસ ટૂર્નામેન્ટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. આજે ઓપનિંગ સેરેમનીમાં ફૂટબૉલ અને ચેસની ટીમો દ્વારા શપથ ગ્રહણ કરવામાં આવ્યા હતા. આજની આ ઓપનિંગ સેરેમનીમાં મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગરના હથિયારી એકમોના નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી વિશાલકુમાર વાઘેલા, મેટ્રો જૂથના એસ.પી. સુશ્રી ભાવના પટેલ, રાજ્ય અનામત પોલીસ દળ જૂથ-૨ના ડીવાયએસપી શ્રી પી.પી. વ્યાસ તેમજ ડીવાયએસપી શ્રી વિજયસિંહ પરમાર સહિતના પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ તથા સ્પર્ધકો ઉપસ્થિત રહ્યા હતા.

# દેવગઢ બારીઆ નગર પાલિકા વિસ્તારમાં ૧૩ કરોડના વિકાસ કામોનું ખાત મુહુર્ત કરતા મંત્રી બચુભાઈ ખાબડ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૨૮ ।

આજ રોજ દેવગઢ બારીયા નગરપાલિકા વિસ્તાર ના વિવિધ વિકાસના ૧૩ કરોડ ના વિકાસ કામો નું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કરવામાં આવ્યું આ નવિન લોકાર્પણ કાર્યકમ માં ઉપસ્થીત ગુજરાત સરકાર ના મંત્રી શ્રી બચુભાઈ ખાબડ દ્વારા કામો નું ખાતમુહુર્ત અને લોકાર્પણ નગરજનો તથા નગર પાલિકા સદસ્યો આગેવાનો ની હાજરી માં કરવા માં આવ્યા આ કાર્યકમ માં ઉપસ્થિત રાજય ના મંત્રી બચુ ભાઈ ખાબડ સાહેબ દ્વારા નગરજનો ને સુવિધા અને સુગમતા માં વધારો થશે અને વિકાસ ના થકી દેવગઢ નગર ને તમામ વિસ્તાર માં પાયા ની સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે અમારી સરકાર સતત પ્રયત્નશીલ છે અને રહેશે આ ખાત મુહૂર્ત કાર્યક્રમ માં નગર પાલિકા ના માજી પ્રમુખ ચાર્મીબેન સોની



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

મહેશભાઈ બાલવાણી નગર પાલિકા સદસ્ય અક્ષયભાઈ જૈન શહેર પ્રમુખ નીમેશભાઈ જોશી તથા સુદીપભાઈ સોની નીલભાઈ સોની ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ તાલુકા માંથી પસાર થતા દિલ્હી-મુંબઈ કોરિડોર મામલે અસરગ્રસ્તોને મદદરૂપ થવામાં જવાબદાર તંત્ર મૌન



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૮ ।

ઝાલોદ તાલુકાના ચૌદ ગામોમાંથી પસાર થતા દિલ્હી મુંબઈ કોરીડોર હાઈવેની કામગીરી ચાલી રહેલ છે. આ જમીનો ખેડૂતોને વારસાગત મળેલ હતી અને તેમાં ખેતી કરીને તેઓ પોતાના પરિવારનુ ગુજરાન ચલાવતા હતા. બાપ-દાદા થી વારસાઈમા મળેલ આ જમીન પર નેશનલ કોરિડોર હાઈવે બનાવવામાં આવી રહેલ છે તેથી આ જમીનો જવાબદાર તંત્ર દ્વારા સસ્તા દરે ખેડૂતો પાસેથી લેવામાં આવેલ છે અને આ જમીનો આપ્યા બાદ ખેડૂતોને રડવાનો વારો આવ્યો છે અહીંયા ખેડૂતો જમીન સમતલ ન હોવાથી ખેતી નથી કરી શકતા. જગતના તાત એવા ગરીબ ખેડૂતો ની જમીનની સાથે સાથે ખેડૂતોની જે મૂળભૂત સુવિધાઓ હતી તે છીનવાઈ જતાં હાલ છેલ્લા ત્રણ વર્ષ થી ગરીબ ખેડૂતો ને ખુબ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા ત્રણ વર્ષ થી ખેડૂતો લાઈટ, પાણી, અને રસ્તા વિના અંધકારમય જીવન જીવવા મજબુર બન્યા છે તેમજ અણગઢ માટી પુરાણ કરવાના કારણે હાઈવે ઉપર વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરવામાં ન આવતાં વરસાદી પાણી ખેડૂતોના ખેતરોમાં ભરાઈ જતાં ખેતીનો પાક નિષ્ફળ જતાં ખેડૂતોને પોતાના પરિવારનું ગુજરાન ચલાવવું ખુબ અઘરું બન્યું છે.

ખેડૂત આગેવાન મુકેશભાઈ ડાંગી દ્વારા છેલ્લા ત્રણ વર્ષ થી અનેક આંદોલનો અને આવેદન પત્રો તેમજ અનેક વાર રજુઆત કરવા છતાં તંત્ર દ્વારા ત્રણ ત્રણ વખત સર્વે કરાવી ખેડૂતોને લોલીપોપ જ પકડાવવા માં આવે છે. જે બાબતે ખેડૂતો ને સાથે રાખી મુકેશભાઈ ડાંગી એ ચાલતું હાઈવે નું કામ બન્ધ કરાવી દેતા પ્રાંત અધિકારી ઝાલોદ દ્વારા તા. ૧૩ અને ૧૪ નવેમ્બરના રોજ ફરીથી સર્વે કરાવેલ હતું જે સર્વે ની યાદી સાથે તા ૨૫ નવેમ્બરના રોજ મુકેશભાઈ ડાંગીની આગેવાનીમાં આવેદન મારફત ચીમકી ઉંચારવા માં આવી હતી કે તા. ૨૮ નવેમ્બરના રોજ માંગણી મુજબના જવાબદાર તમામ અધિકારી ઓની ખેડૂતો સાથે મિટિંગ કરાવી તા. ૦૨ ડિસેમ્બરના રોજ મૂળભૂત સુવિધા પૂર્ણ કરવા બાબતે લેખિત બાહેંદરી આપવામાં આવે જો તેમાં કરવામાં નહીં આવશે તો તા. ૩ ડિસેમ્બર ના રોજ થી કામ બન્ધ કરાવી દેવા માં આવશે.

જે બાબતે ઉંચારેલ ચીમકી અનુસાર આજે તા. ૨૮ ના રોજ ખેડૂતો પ્રાંત કચેરી ખાતે પહોંચ્યા હતા પણ કોઈ અધિકારી ઉપસ્થિત નં રહેતાં ખેડૂત આગેવાન મુકેશભાઈ ડાંગી એ તા. ૧ ડિસેમ્બર ના રોજ ગામે ગામ મિટિંગ કરી તા. ૩ ડિસેમ્બર ના રોજ આક્રોશ સાથે ખેડૂતો એકઠા થઈ હાઈવેનું કામ બંદ કરાવવામાં આવશે અને જે સમયે કોઈ અજુગતી ઘટના બનશે તેની સંપૂર્ણ જવાબદારી સાશન અને પ્રશાશન ની રહેશે તેવું જણાવ્યું હતું.આમ હવે જગતનો તાત ખેડૂત હવે પોતાની મૂળભૂત સુવિધા મેળવવા જવાબદાર તંત્ર સાથે લડી લેવાના મૂડમાં જોવાઈ રહેલ છે. હવે જોવાનું રહ્યું કે જવાબદાર તંત્ર આ ખેડૂતોની વહારે આવશે કે નહીં...

# વલસાડ જિલ્લા આત્મા પ્રોજેક્ટ દ્વારા કપરાડામાં પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ કાર્યક્રમ યોજાયો

। (માહિતી) વલસાડ, તા.૨૮ ।

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના કોમ્યુનિટી હોલ ખાતે આત્મા પ્રોજેક્ટ વલસાડ દ્વારા પ્રાકૃતિક કૃષિ પરિ સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું, જેમાં કપરાડા અને ધરમપુર તાલુકાના ૮૫૦ થી વધુ ખેડૂતોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કપરાડા તાલુકા પંચાયતના પ્રમુખ હીરાબેન પ્રભુભાઈ માહલા તેમજ ઉપપ્રમુખશ્રી અને જિલ્લા પંચાયતના સદસ્યો તેમજ તાલુકા પંચાયતના સદસ્યો અને વિભાગના અધિકારીઓ અને પશુપાલન ખાતાના અધિકારીઓ તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી ડી એન પટેલ દ્વારા પ્રાકૃતિક ખેતીની જરૂરિયાત કેમ છે તે વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કમલેશભાઈ પટેલ દ્વારા રોગ જીવાત નિયંત્રણ વિશે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં સુરતથી ડિસ્ટ્રિક્ટ રિસોર્સ પર્સન કેયુરભાઈ પટેલે હાજર રહી ફૂડ પ્રોસેસિંગ અંગેની સરકારી યોજનાનો લાભ કેવી રીતે લઈ શકાય તે વિશે માહિતી આપી હતી. આ કૃષિ પરિસંવાદ દરમિયાન કપરાડા તાલુકાના ખેડૂત રઘુનાથભાઈ ભોયા અને કિશનભાઈ ધૂમ દ્વારા પોતાના અનુભવોની ચર્ચા કરવામાં આવી હતી.

# ગાંધીનગર ખાતે "હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ દળ - રાજ્ય કક્ષાના રમતોત્સવ-૨૦૨૪"નો હર્ષ સંઘવીએ શુભારંભ કરાવ્યો



। (માહિતી) ગાંધીનગ, તા.૨૮ ।

ગાંધીનગરના સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ઈન્ડીયા સંકુલ ખાતે આયોજિત હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ દળ રાજ્ય કક્ષાના રમતોત્સવ-૨૦૨૪ને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આજે ખુલ્લો મૂક્યો હતો. આ ઉપરાંત ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ હોમગાર્ડઝ જવાનોની બાઈક રેલીને પણ ફલેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીના તેમજ ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ ઉપસ્થિત રહ્યા હતા.

ખેલાડીઓનું ઉત્સાહવર્ધન કરતા ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર માટે ગુજરાત હોમગાર્ડઝ એ વધારાની ફોર્સ નહિ, પરંતુ જનતા સાથે નજીકથી કામ કરતી સૌથી મહત્વપૂર્ણ ફોર્સ છે. હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ દળના સુપર ફીટ જવાનોને જોઈને ચોક્કસપણે કહી શકાય કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાત હોમગાર્ડઝનું ચિત્ર બદલાયું છે. ગુજરાતની દરેક સમસ્યા અને ઘટનામાં ફર્સ્ટ રીસ્પોન્સર તરીકે હોમગાર્ડ ઘટના સ્થળ પર પહોંચે છે, એટલા માટે જ તેનું મહત્વ સૌથી વધુ છે.

મંત્રી શ્રી સંઘવીએ હોમગાર્ડઝ જવાનોને ગુજરાતના સિતારાઓ ગણાવતા કહ્યું હતું કે, સમાજની દરેક તકલીફને પોતાની તકલીફ સમજી હોમગાર્ડઝ હરહંમેશ નાગરિકોના હિતાર્થે કામ કરે છે. નાગરીકો સાથે સીધા સંપર્કમાં હોવાથી અને સમાજ સાથે સૌથી નજીકથી કામ કરતું દળ હોવાથી હોમગાર્ડઝ સરકાર અને પોલીસ માટે 'હ્યુમન ઈન્ટેલિજન્સ' તરીકે વિશેષ સહાય કરી શકે છે. તમારી આસપાસ થતા ખોટા કામો તથા સમાજની અવ્યવસ્થાઓ અંગેની જાણકારી સીધી જિલ્લાના પોલીસ અધિક્ષક સુધી પહોંચાડીને એક શાંત અને સુરક્ષિત રાજ્યના નિર્માણમાં સહભાગી બનવા સૌ જવાનોને મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

રાજ્યના નાગરીકો વતી હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ દળના જવાનોનો આભાર વ્યક્ત કરતા ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ કહ્યું કે, નાગરિકોની સુરક્ષા માટે જવાનો સ્વસ્થ રહેવા ખૂબ જ જરૂરી છે. જવાનોની શારીરિક સ્ફૂર્તિ, ચપળતા તેમજ મજબૂત જીવનશૈલી માટે રમત-ગમત મહત્વનો ભાગ ભજવતી હોવાથી, આ જાંબાઝ અને કર્તવ્યનિષ્ઠ જવાનો માટે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. હવે તો કેટલાક પ્રતિભાવાન જવાનો રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિજેતા બનીને ગુજરાતનું નામ રોશન કરી રહ્યા છે.

આગામી સમયમાં ગુજરાત હોમગાર્ડઝ અને નાગરિક સંરક્ષણ દળના જવાનો વિવિધ રમતોમાં રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ દેશનું પ્રતિનિધિત્વ કરી શકે તે માટે રાજ્ય સરકાર આયોજન કરશે. રમત-ગમતમાં રસ ધરાવતા પ્રતિભાવાન જવાનોને વિવિધ રમતોની જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ પ્રોફેશનલ અને કાયમી તાલીમ આપવા માટે આગામી સમયમાં સ્પોર્ટ્સ સુવિધાઓ વિકસાવવામાં આવશે, તેવી મંત્રીશ્રીએ ખાતરી આપી હતી.

# વડનગરના યુવાન ઉર્વિલ પટેલે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું ગૌરવ વધાર્યું

## ૨૬ વર્ષીય ઉર્વીલ પટેલે આઈ.પી.એલ ના સૌથી મોંઘા ખેલાડી ઋષભ પંતનો રેકોર્ડ તોડી ઝડપી સદી ફટકારી

। (માહિતી) મહેસાણા, તા.૨૮ ।

વડનગરની ધરતીમાં ગજબની શક્તિ રહેલી છે. તાના અને રીરી બે બહેનોએ મલ્હાર રાગ ગઈ તાનસેનની દાહ શાંત કરી સંગીત ક્ષેત્રે નામના મેળવી હતી. આ ઉપરાંત વડનગરના પનોતા પુત્ર અને દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદી વૈશ્વિક નેતા તરીકે આગવી ઓળખ ઉભી કરી છે. ત્યારે આ ધરતીના પુત્ર ઉર્વીલ પટેલે મુસ્તાક અલી ટ્રોફીમાં ત્રિપુરા સામે આઈ.પીએલના સૌથી મોંઘા ખેલાડી ઋષભ પંતનો રેકોર્ડ તોડ્યો હતો

ઉર્વીલ પટેલે ૨૮ બોલમાં સદી ફટકારી ટી-૨૦ ફોર્મેટ માં સૌથી ઝડપી સદી ફટકારનાર પ્રથમ ભારતીય બેટસમેન બન્યો છે.

વડનગરના કહીપુર ગામના વતની ઉર્વીલ પટેલના માતા પિતા વ્યવસાયે શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલા છે. ઉર્વીલે માત્ર છ વર્ષની ઉંમરે ક્રિકેટ ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવવાની શરૂઆત કરી હતી. ઉર્વીલ પટેલ વર્ષ ૨૦૨૩ માં આઈ.પી. એલની ગુજરાત ટાઈટન્સની ટીમમાં પસંદગી પામનાર ઉત્તર ગુજરાતના એક માત્ર ક્રિકેટર હતા. વર્ષ ૨૦૧૮માં ઈન્ડિયા અંડર-૧૯ ની વિશ્વ કપ ટીમમાં પણ પસંદગી પામ્યા હતા.

બીસીસીઆઈ દ્વારા યોજાતી વિજય હજારે લિસ્ટ-એ ટુર્નામેન્ટમાં અરુણાચલ પ્રદેશ સામે ૪૧ બોલમાં ૧૦૦ રન અણનમ બનાવી વર્ષ ૨૦૧૦ ના યુસુફ પઠાણના રેકોર્ડની બરાબર કરી



બીજા ભારતીય ક્રિકેટર બન્યા હતા. બરોડા ક્રિકેટ એસોશિયન દ્વારા યોજાતી કિરણ મોરે ટી -૨૦ લીગમાં ૬૬ બોલમાં ૧૮૮ નવો રેકોર્ડ પણ ઉર્વિલ નામે છે અત્રે ઉલ્લેખનીય છે કે ,એક વર્ષ પહેલા ૨૭ નવેમ્બરે વિજય હજારે ટ્રોફીમાં ૪૧ બોલમાં ૧૦૦ રન કરી ઈન્ડિયાના બીજા નંબરના ક્રિકેટર બન્યા હતા જ્યારે ફરી ૨૭ નવેમ્બરના રોજ બરાબર એક વર્ષ બાદ ફરીવાર ૨૮ બોલમાં ૧૦૦ રન કરી દુનિયાના બીજા નંબરના અને ભારતના પહેલા નંબરના ખેલાડી બની સિદ્ધિ હાસલ કરી છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે મોટી ઉંમરના લોકોએ તેમના સ્વાસ્થ્યની દરકાર લેવાની જરૂર. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. હકારાત્મક તથા સહકાર આપનારા મિત્રો સાથે બહાર જાવ. અંગત બાબતો અંકુશ હેઠળ રહેશે. આજે ઑફિસમાં તમે જે કામ કરી રહ્યા છો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. આજે તમારા ભાઈ બહેનો તમારા થી આર્થિક સહાય માંગી શકે છે અને તેમની આર્થિક મદદ કરી તમે પોતે આર્થિક દબાણ માં આવી શકો છો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે ગુસ્સાની લહેર આજે વાદ-વિવાદ તથા ઘર્ષણ ભણી દોરી જશે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂ એવું ધન કમાઈ શકશો. નવો દેખાવ-નવાં કપડાં-નવા મિત્રો આજે તમારા થશે. તમારા પ્રિયપાત્ર અથવા જીવનસાથી સાથે સારો સંવાદ અથવા તેમના તરફથી સારો સંદેશ આજે તમારૂ મનોબળ વધારશે. તમે એક જગ્યાએ ઊભા હશો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા જીવનસાથીનું વફાદાર હૃદય અને હિંમતવાન મનોબળ તમને કદાચ આનંદ આપશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે. ઘરમાં કેટલાક ફેરફારો તમને ખાસ્સા સંવેદનશીલ બનાવી દેશે- પણ તેમ તમારી લાગણીઓ અસરકારક રીતે જેમનું મહત્વ છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. ફૅશન તમારા જીવનમાં ભવ્ય લય છે અને સમર્પણનું મૂલ્ય તથા દિલમાં પ્રેમ અને કૃતજ્ઞતાપૂર્વક સીધા ચાલવાની કળા શીખો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારૂ સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. આજે કોઈ જૂનો મિત્ર તમારા થી નાણાકીય મદદ માંગી શકે છે અને જો તમે તેની મદદ કરો છો તો તમારા નાણાકીય હાલત અમુક નબળા થયી શકે છે. બાળકોને તેમના અભ્યાસ પર ધ્યાન આપવાની તથા તેમના ભવિષ્યની યોજનાઓ ઘડવા પર ધ્યાન આપવાની જરૂર છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારૂ મગજ સારી બાબતોને સ્વીકારશે. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો? યોગ્ય સંવાદ તથા સહકાર તમારા જીવનસાથી સાથેના સંબંધોને સુધારશે. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે. કામના સ્થળે આજે બધા તમને ખરા દિલથી સાંભળશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે તમારી જાતને તાણમુક્ત કરવા માટે પરિવારના સભ્યોનો સહકાર લો. તેમની મદદને ગરિમાપૂર્ણ રીતે સ્વીકારો. તમારે લાગણીઓ તથા દબાણને તમારી અંદર ભરી ન રાખવો જોઈએ. નિયમિત રીતે તમારી સમસ્યાઓ શૅર કરવાથી તમને મદદ મળશે. નાણાં તમારા હાથમાંથી આસાનીથી સરી જવા છતાં-તમારા શુકનવંતા ગ્રહો નાણાં પ્રવાહ જાળવી રાખશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમારૂ વ્યક્તિત્વ આજે અત્તરની જેવું કામ કરશે. નિવેશ કરવું ઘણી વખત ફાયદેમંદ હોય છે આ વાત તમને આજે સમજ માં આવી શકે છે કેમ કે કોઈ જુના નિવેશ થી તમને આજે લાભ થયી શકે છે. તમને ખુષશ રાખવા માતા-પિતા તથા મિત્રો તેમનું શ્રેષ્ઠ આપશે. પ્રિય પાત્ર વિના સમય પસાર કરવામાં મુશ્કેલીસર્જાશે. અન્ય દેશોમાં વ્યાવસાયિક સંપર્કો વિકસાવવા માટે આ અદભુત સમય છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ધ્યાન રાહત લાવશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે, પરંતુ રાત્રિ દરમિયાન તમે કોઈ જૂની બાબતે ઝઘડો કરી શકો છો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે આનંદથી ભરેલો સારો દિવસ. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. બાળકો કેટલાક રોમાંચક સમાચાર લાવી શકે છે. તમારા પ્રિયપાત્રને આજે આખો દિવસ તમારી ગેરહાજરી ખૂબ જ ખટકશે. એકાદ સરપ્રાઈઝનું આયોજન કરો અને આજના દિવસને તમારા જીવનનો સૌથી સુંદર દિવસ બનાવો.

ઓસ્ટ્રેલિયામાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે

# ફેસબુક, ઈન્સ્ટા સહિતની એપ્સ પર પ્રતિબંધ મૂકવાની તૈયારી

**ઓસ્ટ્રેલિયાના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સે બિલ પસાર કર્યું, ૩૩ મિલિયન યુએસ ડોલર સુધીના દંડની જોગવાઈ**






। (એજન્સી) ઓસ્ટોલિયા, તા.૨૮ ।

આજના સમયમાં બાળકોમાં મોબાઈલ ફોનનો ઉપયોગ ઝડપથી વધી રહ્યો છે. એક તરફ જ્યાં મોબાઈલ ફોન અને ઈન્ટરનેટે જીવનને સરળ બનાવ્યું છે તો બીજી તરફ તે બાળકો માટે ખતરનાક બન્યું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને ઓનલાઈન ગેમ્સ બાળકોમાં ખૂબ જ લોકપ્રિય બની છે. ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, સ્નેપચેટ જેવી એપ્સે બાળકોને આકર્ષ્યા છે. આ સિવાય મોબાઈલ ગેમ્સ બાળકો માટે મનોરંજનનું સાધન બની ગઈ છે, જેના કારણે તેઓ સમયનો ખ્યાલ ગુમાવી બેસે છે અને તેની અસર તેમના માનસિક, શારીરિક અને સામાજિક જીવન પર જોવા મળે છે. આ જોતા ઓસ્ટ્રેલિયામાં ૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ ન કરે તે માટે એક બિલ લાવવામાં આવ્યું છે.ઓસ્ટ્રેલિયાના હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સે બુધવારે આ બિલ પસાર કર્યું હતું. આ અંતર્ગત TikTko, Faceboko, Snapchat, Reddit, X અને Instagram જેવા પ્લેટફોર્મ પર બાળકોને એકાઉન્ટ બનાવવાથી રોકવામાં નિષ્ફળ રહેવા પર ૫૦ મિલિયન ઓસ્ટ્રેલિયન ડોલર (લગભગ ૩૩ મિલિયન યુએસ ડોલર) સુધીનો દંડ થઈ શકે છે. સેનેટની મંજૂરી બાદ આ બિલ કાયદો બની જશે. આ બિલની તરફેણમાં ૧૦૨ અને વિરોધમાં ૧૩ વોટ મળ્યા હતા. જો આ અઠવાડિયે બિલ કાયદો બની જાય છે, તો દંડ લાગુ થાય તે પહેલાં બાળકો માટે વય પ્રતિબંધોને યોગ્ય રીતે લાગુ કરવા માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પાસે એક વર્ષનો સમય હશે. કાયદો ઘડનારા ડેન તેહાને સંસદમાં જણાવ્યું હતું કે, સરકાર સેનેટમાં સુધારા સ્વીકારવા માટે સંમત છે. આ સુધારાઓમાં ગોપનીયતા સુરક્ષાને મજબૂત બનાવવામાં આવશે. આ હેઠળ, પ્લેટફોર્મને યુઝર્સ પાસેથી પાસપોર્ટ અથવા ડ્રાઈવિંગ લાઈસન્સ જેવા સરકારી ઓળખ દસ્તાવેજો માંગવાની મંજૂરી આપવામાં આવશે નહીં. આ સાથે પ્લેટફોર્મ્સ સરકારી સિસ્ટમ દ્વારા ડિજિટલ ઓળખની માંગ પણ કરી શકશે નહીં.

**૪ લોકોનાં મોત નિપજ્યાં**

# પાક.ના પૂર્વ પીએમ ઈમરાન ખાનની પાર્ટીએ ઈસ્લામાબાદમાં વિરોધ સ્થગિત કર્યો

**સરકારની નિર્દયતા અને રાજધાનીને કતલખાનામાં ફેરવવાની સરકારની યોજનાને ધ્યાનમાં રાખી વિરોધ સ્થગિત કરવાનો પીટીઆઈનો નિર્ણય**



। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૨૮ ।

જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI)એ બુધવારે ઔપચારિક રીતે પોતાનો વિરોધ હાલ પૂરતો સ્થગિત કર્યો છે. પાર્ટીએ આ માટે સત્તાવાળાઓ દ્વારા મધ્યરાત્રિ કરેલી કાર્યવાહીને જવાબદાર ગણાવી છે, જેના કારણે ઓછામાં ઓછા ચાર લોકો મૃત્યુ પામ્યા અને ૫૦થી વધુ ઘાયલ થયા. PTIએ અગાઉ દાવો કર્યો હતો કે, સુરક્ષા કર્મચારીઓ સાથેની હિંસક અથડામણમાં 'સેંકડો' લોકો માર્યા ગયા છે.ઈમરાન ખાનની પત્ની બુશરા બીબી અને ખૈબર પખ્તુનખ્વાના મુખ્યમંત્રી અલી અમીન ગંડાપુર (જેઓ ઈસ્લામાબાદ તરફ કૂચનું નેતૃત્વ કરી રહ્યા હતા)ના ઠેકાણા અંગે પાર્ટીએ કહ્યું કે, તેઓ ઉત્તર-પશ્ચિમ પ્રાંતમાં એબોટાબાદ નજીક માનસેરા શહેરમાં છે. બીજી તરફ ત્રણ દિવસના વિરોધ પ્રદર્શન દરમિયાન ખાનની પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI) પાર્ટી દ્વારા તોડફોડ કરવામાં આવી હોય તેવા તમામ મુખ્ય માર્ગોને સત્તાવાળાઓએ ફરીથી સાફ કરીને ખોલવાનું શરૂ કર્યું છે.મધ્યરાત્રિએ સેનાની કાર્યવાહીને કારણે ખાનના સમર્થકોએ રાજધાનીના ડી-ચોક અને તેની આસપાસના વિસ્તારને ખાલી કરવો પડ્યો હતો. જેના કારણે તેમના વિરોધનો અંત આવ્યો. પાર્ટીએ આને ''ફાસીવાદી લશ્કરી શાસન હેઠળ'' ''નરસંહાર'' તરીકે ગણાવ્યું છે. જ્યારે પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, કાર્યવાહીમાં લગભગ ૪૫૦ વિરોધીઓની ધરપકડ કરવામાં આવી છે.ઈમરાન ખાનની પાર્ટી PTIએ તેના ઓફિશિયલ ટ્વિટર એકાઉન્ટ પર શેર કરેલી પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે, 'સરકારની નિર્દયતા અને રાજધાનીને કતલખાનામાં ફેરવવાની સરકારની યોજનાને ધ્યાનમાં રાખીને અમે હાલ શાંતિપૂર્ણ વિરોધને સ્થગિત કરવાની જાહેરાત કરીએ છીએ.' પાર્ટીના નિવેદનમાં ઓપરેશનના નામે શાંતિપૂર્ણ દેખાવકારો વિરુદ્ધ કથિત હત્યા, આતંક અને નિર્દયતાની પણ નિંદા કરવામાં આવી છે. પાર્ટીની રાજકીય અને કોર કમિટીઓ 'નિર્દયતાનું વિશ્લેષણ' કર્યા પછી ઈમરાન ખાનની સૂચનાઓના આધારે ભાવિ યોજનાઓની જાહેરાત કરશે.

કોંગ્રેસ નેતાનો સરકાર પર અદાણીને બચાવવાનો આરોપ

# નાના ગુનાઓમાં લોકો પકડાય છે, તો અદાણી કેમ નહીં: રાહુલ ગાંધી

**ખરેખર તો, આ ખુલાસા બાદ ઈડી-સીબીઆઈએ તેની તપાસ કરવી જ જોઈએ : જયરામ રમેશ**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ ઉદ્યોગપતિ ગૌતમ અદાણીને જેલમાં પુરવાની માગ કરી છે. દેશના અગ્રણી ઉદ્યોગપતિ ગૌતમ અદાણી વિરુદ્ધ અમેરિકાની કોર્ટ દ્વારા લગાવાયેલાં લાંચ અને છેતરપિંડીના આક્ષેપો મામલે કોંગ્રેસના નેતાએ મોદી સરકાર પર આકારા શાબ્દિક પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, નાના નાના ગુનાઓ બદલ દેશમાં હજારો લોકોની ધરપકડ કરવામાં આવે છે ત્યારે અદાણીને હજી સુધી જેલમાં કેમ નથી પુરવામાં આવ્યાં. રાહુલે સરકાર પર આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે, 'મોદાણી'(મોદી અને અદાણી)ની ઈકોસિસ્ટમ અદાણી વિરુદ્ધ થયેલાં ગંભીર આરોપોને હળવા બનાવવા પ્રયાસ કરી રહી છે.સંસદ પરિસરમાં બોલતાં લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ સવાલ કર્યો હતો કે, શું તમને લાગે છે કે અદાણી તેમની વિરુદ્ધના આક્ષેપોનો સ્વીકાર કરશે? તમે કઈ દુનિયામાં રહો છો? મૂળ વાત એ છે કે તેમની ધરપકડ થવી જોઈએ. અમેરિકાની સરકારે તેમની વિરુદ્ધ હજારો કરોડની લાંચનો અને છેતરપિંડીના આરોપો મુક્યા છે. તેઓ જેલમાં જવા જોઈએ, પરંતુ સરકાર તેમને બચાવી રહી છે. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે, અમેરિકન ન્યાય વિભાગ દ્વારા ગૌતમ અદાણી અને સાગર અદાણી વિરુદ્ધ ઘડાયેલાં આરોપોમાં સ્પષ્ટ દર્શાવાયું છે કે, તેમણે સોલાર પ્રોજેક્ટ હાંસલ કરવા માટે ભારત સરકારના અધિકારીઓને આશરે ૨૨,૦૨૯ કરોડની લાંચ આપવાનું વચન આપ્યું હતું. ખરેખર તો, આ ખુલાસા બાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) અને સીબીઆઈએ તેની તપાસ કરવી જોઈએ.અદાણી સામે થયેલાં આક્ષેપો મામલે દેશના બે દિગ્ગજ વકીલોએ પોતાના મંતવ્યો રજૂ કર્યા હતાં. વરિષ્ઠ વકીલ તથા પૂર્વ એટર્ની જનરલ મુકુલ રોહતગી તથા સુપ્રીમ કોર્ટના સીનિયર વકીલ મહેશ જેઠમલાણીએ જણાવ્યું હતું કે, અદાણી વિરુદ્ધ કરાયેલાં આક્ષેપો પુરાવા વગરના છે અને તેમાં કોઈ તથ્ય નથી. મુકુલ રોહતગીએ જણાવ્યું હતું કે, અમેરિકાની કોર્ટ દ્વારા તૈયાર કરાયેલી ચાર્જશીટમાં ગૌતમ અદાણી કે તેમના પરિવારના કોઈ પણ સભ્ય વિરુદ્ધ આરોપો નથી. એટલું જ નહીં લાંચ આપવાના પણ કોઈ પુરાવા નથી. જેઠમલાણીએ જણાવ્યું હતું કે, અદાણી જૂથને જાણી જોઈને ટાર્ગેટ કરાઈ રહ્યું છે. તેમની વિરુદ્ધ કરાયેલાં આક્ષેપોનો હેતુ રાજકીય લાભ લેવાનો તથા જૂથની કંપનીના શેરો પર નકારાત્મક અસર પેદા કરવાનો છે.

**મહિલાએ કંટાળીને પોતાની દિકરીને જાણ કરતાં મામલો પ્રકાશમાં આવ્યો**

# મુંબઈની વૃદ્ધાને ડિજિટલ એરેસ્ટ કરી ગઠિયાઓએ રૂપિયા ૩.૮ કરોડ પડાવ્યાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

દેશમાં સાયબર ળોડના કિસ્સાઓ સતત ચિંતાજનક હદે વધી રહ્યાં છે. નાગરિકોમાં જાગરુકતાના અભાવે ગઠિયાઓ છાશવારે લોકોને વોટ્સએપ કે અન્ય સોશિયલ મીડિયાના માધ્યમથી કોલ કરી તેમને ડરાવી, ધમકાવીને તેમની મહેનતના નાણાં પડાવી રહ્યાં છે. ઓનલાઈન ઠગાઈની આવી જ એક ઘટનામાં સાયબર ગઠિયાઓએ મુંબઈની એક વૃદ્ધ મહિલાને રૂપિયા ૩.૮ કરોડનો ચૂનો લગાવ્યો હતો. કાયદાનું પાલન કરાવતી એજન્સીના અધિકારીઓ હોવાનું કહી આ ગઠિયાઓએ દક્ષિણ મુંબઈની ૭૭ વર્ષની એક વૃદ્ધાને એક મહિનો સુધી ડિજિટલ એરેસ્ટ કરી હતી. દેશમાં નોંધાયેલા ડિજિટલ એરેસ્ટના કિસ્સાઓમાં આ સૌથી લાંબી ડિજિટલ એરેસ્ટ છે. આ સમગ્ર ઘટનાની શરૂઆત એક વોટ્સએપ કોલથી થઈ હતી. ગઠિયાઓએ પોતે કાયદાનું પાલન કરાવતી એજન્સીના અધિકારી હોવાનું જણાવી મહિલાના વોટ્સએપ પર એક કોલ કર્યો હતો. તેમણે મહિલાને જણાવ્યું હતું કે, તમે તાઈવાનમાં મોકલેલું પાર્સલ અમે પકડ્યું છે. જેમાં પાંચ પાસપોર્ટ્સ, ચાર કિલો કપડાં, એમડીએમએ નામની નશીલી દવા તથા બેન્કનું એક કાર્ડ છે. આટલું કહીંને ગઠિયાઓએ આ મહિલાના ફોન પર ક્રાઈમ બ્રાન્ચના નામની નકલી નોટિસ પણ મોકલી હતી. જ્યારે મહિલાએ કહ્યું કે તેણે આવું કોઈ પાર્સલ નથી.

# આંધ્રપ્રદેશના ફાર્મા પ્લાન્ટમાં ઝેરી ગેસ લીક થવાથી એકનું મોત

। (એજન્સી) વિશાખાપટ્ટનમ, તા.૨૮ ।

બુધવારે આંધ્ર પ્રદેશના વિશાખાપટ્ટનમના અનાકાપલ્લેમાં ફાર્મા પ્લાન્ટમાં ઝેરી ગેસ લીક થવાથી એક વ્યક્તિનું મોત થયું હતું અને ૨૦ લોકો બેભાન થઈ ગયા હતા. તમામ પીડિતોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.બુધવારે ઝેરી ગેસ હાઈડ્રોજન ક્લોરાઈડ (HCl) અનાકાપલ્લેમાં ફાર્મા યુનિટ ટાગુર લેબોરેટરીઝ પ્રાઈવેટ લિમિટેડમાંથી લીક થવાનું શરૂ થયું. આ પછી એક વ્યક્તિનું મોત થયું અને ૨૦થી વધુ લોકો બેભાન થઈ ગયા. મૃતકની ઓળખ અમિત (ઓડિશા) તરીકે થઈ છે. હોસ્પિટલ તરફથી મળેલા બુલેટિન મુજબ ઓછામાં ઓછા સાત લોકો હવે ખતરાની બહાર છે.કહેવામાં આવી રહ્યું છે કે આ દુર્ઘટના પ્રવાહીના લીકેજને કારણે થઈ છે. કર્મચારીઓએ એચસીએલ અને કલરફોર્મનું મિશ્રણ શ્વાસમાં લીધું. કલરફોર્મ એ અસ્થિર રંગહીન કેન્દ્રિત પ્રવાહી છે જેનો ઉપયોગ ઉદ્યોગો અને તબીબી ઉપયોગમાં દ્રાવક તરીકે થાય છે.પીડિત પરિવારનો આરોપ છે કે મેનેજરે અકસ્માતને છુપાવવાનો પ્રયાસ કર્યો હતો. સૂત્રોએ જણાવ્યું કે કોઈએ અકસ્માતને ગંભીરતાથી લીધો નથી. જ્યારે આ ગેસ આગમાં ફેરવાઈ ગયો, ત્યારે તેઓએ આગને ઓલવવા માટે કોસ્ટિક સોડા રેડવાનો પ્રયાસ કર્યો. શિફ્ટમાં ૧૮૦ લોકો હતા, જેમાંથી ૧૦ લોકોએ લીકેજ સાફ કર્યું, બાકીના ઘરે ગયા. જ્યારે મોડી સાંજે કર્મચારીઓને શ્વાસ લેવામાં તકલીફ થતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

# વિશ્વના કેટલાક દેશોમાં ઓછા થયા એચઆઈવીના નવા કેસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૮ ।

વિશ્વભરમાં એચઆઈવીના નવા કેસ અને મૃત્યુની સંખ્યામાં ઘટાડો થયો છે. ધ લેન્સેટ એચઆઈવી જર્નલમાં કાશિત થયેલા એક અભ્યાસ મુજબ વિશ્વભરમાં એચઆઈવી ચેપની સંખ્યામાં પાંચ ટકાનો ઘટાડો થયો છે. અભ્યાસ કહે છે કે એચઆઈવી સંબંધિત મૃત્યુમાં પણ દર વર્ષે ૧૦ લાખનો ઘટાડો થઈ રહ્યો છે. એઈડ્સ રોગ એચઆઈવી વાયરસના છેલ્લા તબક્કામાં થાય છે. એઈડ્સના કારણે રોગપ્રતિકારક શક્તિ ખૂબ નબળી પડી જાય છે. આનાથી અન્ય કેટલાક રોગ પણ થાય છે. જે મૃત્યુનું કારણ બની શકે છે.ધ લેન્સેટ એચઆઈવી જર્નલ અનુસાર, ઘણા દેશોમાં એચઆઈવી સંક્રમણના કેસ સતત ઘટી રહ્યા છે. આ રોગથી સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તાર, જે હવે નવા HIV કેસોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. સંશોધનમાં કહેવામાં આવ્યું છે કે ભલે વિશ્વભરમાં એચઆઈવીના નવા કેસ ઘટી રહ્યા છે, પરંતુ ૨૦૩૦ સુધીમાં એઈડ્સના કારણે થતા મૃત્યુની સંખ્યામાં ઘટાડો કરવાનો સંયુક્ત રાષ્ટ્રનો લક્ષ્યાંક હજુ દૂર છે.યુએસ સ્થિત ઈન્સ્ટિટ્યૂટ ફોર હેલ્થ મેટ્રિક્સ એન્ડ ઈવેલ્યુએશનના મુખ્ય અભ્યાસ લેખક હેમવે ક્યુએ જણાવ્યું હતું કે વિશ્વમાં નવા HIV ચેપની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જો કે, હજુ પણ ૧૦ લાખથી વધુ લોકોને દર વર્ષે નવા HIV ચેપ લાગે છે અને HIV સાથે જીવતા ૪૦ મિલિયન લોકોમાંથી એક ક્વાર્ટર સારવાર મેળવતા નથી.

## વિશેષ

**૩૦ નવેમ્બરથી સાબરમતી રિવરફ્રન્ટ બનશે વિશ્વ સાહિત્યનું સરનામું**

# ૮મી ડિસેમ્બર સુધી અમદાવાદના આંગણે યોજાશે 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ'








। (માહિતી) અમદાવાદ ।

રાજ્યમાં વાંચન અને સાહિત્યના સુયોગ્ય પ્રસાર થકી આવનારી પેઢી બૌદ્ધિક રીતે સક્ષમ બને અને સશક્ત સમાજનું નિર્માણ થાય તેવા ઉમદા ઉદ્દેશ સાથે રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં 'વાંચે ગુજરાત' અભિયાનની શરૂઆત કરાવી હતી.

જે અંતર્ગત અમદાવાદ મ્યુનિસપિલ કોર્પોરેશન દ્વારા છેલ્લાં ૧૨ વર્ષથી 'અમદાવાદ નેશનલ બુક ફેર' નામથી રાષ્ટ્રીય પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવે છે. અત્યાર સુધી યોજાયેલા 'અમદાવાદ નેશનલ બુક ફેર'ના તમામ સંસ્કરણોને અમદાવાદ સહિત રાજ્યભરના પુસ્તકરસિકો અને સાહિત્યપ્રેમીઓનો અનેરો પ્રતિસાદ સાંપડ્યો છે.

આ સમગ્ર આયોજન અંગે મેયર સુશ્રી પ્રતિભા જૈન, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી, NBTના પ્રતિનિધિ શ્રી અમિતકુમાર સિંઘ સહિત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ-પદાધિકારીઓ દ્વારા વિગતો આપવામાં આવી હતી.

હેરિટેજ સિટી અમદાવાદને સાહિત્ય અને પુસ્તક પ્રકાશન ક્ષેત્રે વિશ્વ ફલક પર પહોંચાડવાના ઉદ્દેશ સાથે વાંચે ગુજરાત ૨.૦ અંતર્ગત આગામી તારીખ ૩૦ નવેમ્બરથી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર, પાલડી ખાતે 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ'નું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ નેશનલ બુક ફેર હવે આંતરરાષ્ટ્રીય સ્વરૂપ ધારણ કરીને પહેલી વખત અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ તરીકે યોજાશે અને સાબરમતી રિવરફ્રન્ટ વિશ્વ સાહિત્યનું સરનામું બની રહેશે.

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય હેઠળની સ્વાયત્ત સંસ્થા નેશનલ બુક ટ્રસ્ટ, નવી દિલ્હી અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વચ્ચે થયેલા એમઓયુ અંતર્ગત ૩૦ નવેમ્બરથી ૮મી ડિસેમ્બર સુધી સાબરમતી રિવરફ્રન્ટ ખાતે અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. બુક ફેસ્ટિવલના ઉદ્ઘાટન માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલને આમંત્રિત કરવામાં આવ્યા છે.

આ સમગ્ર આયોજનમાં ૧૦૦થી વધુ સાહિત્યિક કાર્યક્રમો, ૩૦૦થી વધુ પ્રકાશકોના સ્ટોલ સહિત ૧૦૦૦થી વધુ પ્રકાશકોના પુસ્તકો સાથે અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ગુજરાત સહિત દેશભરના પુસ્તક રસિકો અને સાહિત્યપ્રેમીઓ માટે સાહિત્યનું સરનામું બનશે.

પુસ્તકોના રસથાળની સાથોસાથ અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં મુલાકાતીઓ માટે લેખક મંચ, પ્રજ્ઞા શિબિર, જ્ઞાન ગંગા, રંગમંચ, અભિકલ્પ સહિતના આકર્ષણો ઉપલબ્ધ રહેશે.

અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં સ્પેન, શ્રીલંકા, પોલેન્ડ, ડેન્માર્ક, સ્કોટલેન્ડ, સિંગાપોર, યુ.એ.ઈ. જેવા દેશોના વક્તાઓ તથા પ્રખ્યાત ગુજરાતી લેખકો શ્રોતાઓનું માર્ગદર્શન કરશે. જેમાં પદ્મશ્રી રઘુવીર ચૌધરી, પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, પદ્મશ્રી જગદીશ ત્રિવેદી, પદ્મશ્રી શાહબુદીન રાઠોડ, મોનિકા હલાન, રામ મોરી, ઈ. વી. રામાકિશન, સૌરભ બજાજ, વિલિયમ ડેલરિમ્પલ, ગિલેર્મો રોડ્રિગ્ઝ માર્ટિન, મોનિકા કોવાલેસ્કો-સુમોવ્સ્કા અને મેટ્ટ જહોન્સન જેવા ખ્યાતનામ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સાહિત્યકારો, લેખકો અને વક્તાઓ વિવિધ વિષયો પર શ્રોતાઓ સાથે સંવાદ સાધશે.

ઉલ્લેખનીય છે કે, અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં તમામ મુલાકાતીઓ માટે પ્રવેશ નિઃશુલ્ક રહેશે, માત્ર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. https://forms.gle/craAgWAgEJRHhPcb7 લિંક પર રજિસ્ટ્રેશન કરીને બુક ફેસ્ટિવલ અંતર્ગત યોજાનારા વિવિધ સાહિત્યિક - સાંસ્કૃતિક કાર્યક્રમ નિઃશુલ્ક માણી શકાશે.

**અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલનાં વિવિધ આકર્ષણો**

- ૧૪૭ પ્રદર્શકો (પ્રકાશકો, ડિસ્ટ્રીબ્યુટર્સ, પુસ્તક વિકેતા)ના ૩૪૦ સ્ટોલ
- અંદાજિત ૩,૨૫,૦૦૦ સ્ક્વેર ફૂટ વિસ્તારમાં આયોજન
- ૧૦૦થી વધુ સાહિત્યિક કાર્યક્રમો
- ૩૦મી નવેમ્બરે વિખ્યાત વક્તા ગિલેર્મો રોડ્રિગ્ઝ માર્ટિનનું સેશન
- ૨જી ડિસેમ્બરે મોનિકા કોવાલેસ્કો-સુમોવ્સ્કા, ૫મી ડિસેમ્બરે મેટ્ટ જહોન્સન, ૭મી ડિસેમ્બરે વિલિયમ ડેલરિમ્પલ શ્રોતાઓ સાથે સંવાદ સાધશે
- ૨જી ડિસેમ્બરે ગુજરાતી સાહિત્ય પર વાર્તાની વાર્તા પેનલ ડિસ્કશનમાં રાઘવજી માધડ અને રામ મોરી શ્રોતાઓને સંબોધશે
- ૪થી ડિસેમ્બરે 'હાસ્ય તરંગ' પેનલ ડિસ્કશનમાં રતિલાલ બોરીસાગર, પદ્મશ્રી જગદીશ ત્રિવેદી અને પદ્મશ્રી શાહબુદ્દીન રાઠોડની ઉપસ્થિતિ

**ડોલર વેચી રૂપિયા કમાવવાની લાલચ જાગી । ઓસ્ટ્રેલિયન નાગરિકે દેવામાંથી નીકળવા અન્ય મીત્રની મદદથી નકલી ફેક્ટરી ઉભી કરી**

# અમદાવાદમાં નકલી નોટો બનાવવાની ફેક્ટરી ઝડપાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદમાં ડુપ્લિકેટ ભારતીય ચલણી નોટ બનાવવાના અનેક રેકેટ સામે આવ્યા છે. ત્યારે પહેલી વખત એવું બન્યું છે કે, ડુપ્લિકેટ વિદેશની ચલણી નોટ બનાવવાના રેકેટનો પર્દાફાશ થયો છે. ઓસ્ટ્રેલિયન નાગરિકે દેવામાંથી નીકળવા અન્ય મીત્રની મદદથી નકલી ફેક્ટરી ઉભી કરી. ગુગલ પરથી ઓસ્ટ્રેલિયન ૫૦ ડોલરની ઈમેજ ડાઉનલોડ કરી. ઈમેજ ડાઉનલોડ થઈ ગયા બાદ મશીનના સોફ્ટવેર સાથે કનેક્ટ કરી છાપવાનું શરૂ કર્યુ. નોટનું પ્રોડક્શન થઈ ગયા બાદ બજારમાં ફરતી થાય એ પહેલા જ જીંગ્એ આરોપીઓને ફેક્ટરી સાથે ઝડપી પાડતા ફર્ઝી ફેક્ટરીનો પર્દાફાશ થયો છે. વેજલપુર ખાતેના જલતરંગ બસ સ્ટેન્ડની પાસે આવેલી લાઈફ સ્ટાઈલ હેર કટીંગની દુકાનમાં રોનક રાઠોડ નામનો યુવક હેરકીંગ કરવા માટે આવ્યો હતો. હેર કટીંગ કરતા સમયે રાકેશ પરમારે તેની પાસે વધુ માત્રામાં ઓસ્ટ્રેલિયન ડોલર હોવાની દુકાનના માલિકને વાત કરી કહ્યું કે, એક ઓસ્ટ્રેલિયન ડોલરની કિંમત ભારતીય ચલણ મુજબ ૫૫ રૂપિયા થાય છે, જો તમારે ઓસ્ટ્રેલિયન ડોલર લેવા હોય તો ભારતીય ચલણ મુજબ ૪૦ રૂપિયા આપવાના રહેશે. પોતાની પાસે હાલ ૬ હજાર ઓસ્ટ્રેલિયન ડોલર હોવાની વાત કરી હતી અને બીજા કાલે આવશે તેવું પણ જણાવ્યુ હતું.રાકેશ પરમારના મનમાં ડોલર વેચી રૂપિયા કમાવવાની લાલચ જાગી હતી, પરંતુ રોનક ઉપર શંકા પણ ગઈ હતી. રાકેશે તેના મિત્રને આ વાતની જાણ કરી હતી જેથી તેણે SOGનો સંપર્ક કરવાનું કહ્યું હતું. રાકેશે તાત્કાલિક SOGને સમગ્ર હકીકત જણાવતા SOGની ટીમે રોનક પાસે રહેલા ઓસ્ટ્રેલિયન ડોલરનો ભાંડો ફોડવાનો પ્લાન ઘડી નાખ્યો હતો. SOGની ટીમ તરત હેર સલુનની દુકાન પર પહોંચી ગઈ હતી અને વોચમાં હતી. ત્યારે રોનક ત્યાં આવી ચઢ્યો હતો અને SOGએ ઓસ્ટ્રેલિયન ડોલર સાથે રોનકને કોર્ડન કરી લીધો હતો. તેની અટકાયત કરીને વડી કચેરીએ લઈ જઈ આગવી સ્ટાઈલથી પુછપરછ કરી હતી. જ્યાં તેણે કબુલાત કરી હતી કે, તેના મિત્ર ખુશ પટેલ પાસે એક લાખ ઓસ્ટ્રેલિયન ડોલર છે.

ઓસ્ટ્રેલિયન ડોલર માર્કેટમાં વટાવવા માટે ખુશે રોનકને વાત કરી એક ડોલર રોનકને ૩૫ રૂપિયામાં આપ્યા હતા. ખુશ પાસેથી મળેલા ડોલરને રોનક માર્કેટમાં ૪૦ રૂપિયામાં વેચવાનો હતો. રોનક પાસેથી SOGને ૫૦ ડોલરની ૧૧૯ ચલણી નોટ મળી આવી હતી. જે બાદ SOGએ ખુશ પટેલની પણ ધરપકડ કરી લીધી હતી. તેની પુછપરછ કરતા તેણે કબૂલાત કરી હતી કે, ગાંધીનગર ખાતે રહેતા અને ઓસ્ટ્રેલિયન નાગરિકત્વ ધરાવતા મૌલિક પટેલે ૫૦ ડોલરનું બંડલ આપ્યું હતું અને તેને માર્કેટમાં વટાવવા માટેનું કહ્યું હતું. મૌલિક વટવા ખાતે આવેલા પ્લેટિનીયમ એસ્ટેટમાં શેડ ધરાવે છે. જે વાતની જાણ થતાં SOGની ટીમ ખુશ પટેલ અને રોનકને લઈને મૌલિકના ગોડાઉન પર પહોંચી હતી, જ્યા ધ્રુવ દેસાઈ નામનો યુવક પણ મળી આવ્યો હતો. આ ગોડાઉન ધ્રુવ દેસાઈના નામે હતું અને મૌલિક તેની સાથે કામ કરતો હતો. ગોડાઉનમાં ચેંકિંગ કરતા SOGના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. ગોડાઉનમાં એસ્ટ્રોલીયન ડોલરનું પ્રોડેક્શન થઈ રહ્યું હતું. મૌલિક અને ધ્રુવ દેસાઈ અલગ અલગ સીરીયલ નંબરથી ઓસ્ટ્રેલિયન ડોલર છાપતા અને બાદમાં ખુશ અને રોનક જેવા યુવકોને બજારમાં વેચાણ માટે આપતા હતા.

## ન્યૂઝ બ્રિફ

### પાણીપુરીની લારી ચલાવતા પિતા-પુત્ર પર લોહિયાળ હુમલો

। (એજન્સી) સુરત, તા.૨૮ ।

ડાયમંડ સિટી કહેવાતું સુરત હવે ક્રાઈમ સિટી બનવા તરફ આગળ વધી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. આ કહેવાનું કારણ એવું છે કે, સુરત શહેરમાં ક્રાઈમની ઘટનામાં સતત વધારો થઈ રહ્યો છે. નાની નાની વાતમાં જીવલેણ હુમલા તેમજ હત્યા જેવી ઘટનાઓ સામે આવી રહી છે. ત્યારે સુરતના ડચ ગાર્ડન પાસે ત્રણ શખ્સો દ્વારા પાણીપુરીની લારી ચલાવનાર યુવક અને તેના પિતા પર હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી છે. ત્રણેય શખ્સોએ ચપ્પુ અને લોખંડના સળિયા વડે પાણીપુરીની લારીવાળાને માર મારવામાં આવ્યો હતો. મારમારીનું કારણ એટલું જ હતું કે પાણી પુરીવાળાએ ચણા ખાવા નહીં આપતા પાણીપુરીની લારી ધરાવનાર વ્યક્તિ અને તેના દીકરા પર હુમલો કરાયો હતો. જો કે આ સમગ્ર મામલે અઠવા લાઈન્સ પોલીસ દ્વારા તાત્કાલિક અસરથી કાર્યવાહી કરીને ત્રણેય શખ્સોની ધરપકડ કરવામાં આવી છે.

### મહુવામાંથી એમ્બરગ્રીસ માછલીની ઉલટીનો જથ્થો પકડાતા પોલીસ થઈ દોડતી

। (એજન્સી) મહુવા, તા.૨૮ ।

સામાન્ય રીતે કોઈ ઉલટી કરે તો કોઈને પણ ચીતરી ચડે. મોઢું બગાડે. એ જગ્યાએથી દૂર જતા રહે. પરંતુ દરિયાની એક માછલી એવી છે જેની ઉલટી કોઈને પણ માલામાલ કરી દે અને તે માછલી એટલે એમ્બરગ્રીસ, જેની ઉલટીથી લોકો લાખો રૂપિયા કમાય છે. ભાવનગરના મહુવામાં આ જ માછલીની ઉલટી સાથે આરોપીઓ ઝડપાયા છે. મહુવા ASP અંશુલ જૈન અને તેમની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, પ્રતિબંધિત કિંમતી વેલ માછલીની ઊલટી મળી આવી છે. શહેરના ચોક્સ વિસ્તારમાંથી મસમોટા જથ્થામાં ખૂબ કિંમતી એવી એમ્બરગ્રીસ માછલીની ઉલટીનો જથ્થો પડ્યો છે. જ્યા રેડ કરતાં ગાયત્રી મંદિરની સામે આવેલા ભવાની નગર પાસેથી એક માલિકીની જગ્યા પરથી આ જથ્થો ઝડપાયો. જેની જાણ થતાં ASPની ટીમ તેમજ ફોરેસ્ટ વિભાગ તેમજ FSLની ટીમનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો. આપને કહી દઈએ કે બેશકિંમતી ઘોલ માછલીને ગુજરાતની ‘સ્ટેટ ફિશ’ જાહેર કરવામાં આવી હતી. આ માછલી જેની જાળમાં આવે છે, તે માછીમાર બની જાય છે લખપતિ. ગુજરાતનો દરિયો આવી માછલીના ખજાનાના ભંડારથી ભરેલો છે.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે ફિજીના નાયબ વડાપ્રધાન શ્રી મનોઆ કામિકામિકા

। ગાંધીનગર, તા.૨૮ ।



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત ફિજીના નાયબ વડાપ્રધાન શ્રી મનોઆ કામિકામિકાએ ગાંધીનગરમાં લીધી હતી. મુખ્યમંત્રીશ્રી સાથેની આ સૌજન્ય મુલાકાત બેઠકની વાતચીતમાં ફિજીના નાયબ વડાપ્રધાનશ્રીએ ગુજરાતે ડેરી ઉદ્યોગ સહિત કૃષિ ક્ષેત્રે જે વૈશ્વિક ખ્યાતિ મેળવી છે તેની તજજ્ઞતાનો લાભ ફિજીને પણ મળે તે માટે પરસ્પર સહયોગની તત્પરતા વ્યક્ત કરી હતી. તેમણે ડેરી ઉદ્યોગ ઉપરાંત A.I અને I.C.T. તથા સાઈબર સિક્યુરિટી સેક્ટરમાં પણ ગુજરાત ફિજીને સહયોગ કરી શકે તેવી સંભાવનાઓ અંગે પણ ચર્ચા પરામર્શ કર્યા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વિકાસના નવા કીર્તિમાન સ્થાપીને ગુજરાતને વિકાસનું રોડ મોડલ અને ગ્રોથ એન્જિન બનાવ્યું છે તે અંગે આ બેઠકમાં વિસ્તૃત ચર્ચાઓ મુખ્યમંત્રીશ્રી અને ફિજીના નાયબ વડાપ્રધાનશ્રીએ કરી હતી. વડાપ્રધાન તરીકેનો પદભાર સંભાળ્યા બાદ ૨૦૧૪માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌ પ્રથમ ફિજીની મુલાકાત લીધી તેનું પણ સ્મરણ તેમણે કર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતે રિન્યુએબલ એનર્જી તથા ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનમાં લીડ લીધી છે તેની ભૂમિકા આપતા કહ્યું કે, કચ્છમાં વિશ્વનો સૌથી મોટો હાઈબ્રીડ રીન્યુએબલ એનર્જી પાર્ક નિર્માણાધિન છે. એટલું જ નહીં, એગ્રીકલ્ચર સેક્ટરમાં પણ બાયોમાસ, બાયોગેસ અને બાયો ફ્યૂલ ને પ્રોત્સાહિત કરતી વેસ્ટ ટુ એનર્જી પોલિસી ગુજરાતમાં છે. ફિજીમાં શેરડીનું મોટાપાયે ઉત્પાદન થાય છે તે સંદર્ભમાં ઈથેનોલ પ્રોડક્શનમાં તે ગુજરાતનો સહયોગ કરી શકે તેમ છે તેમ પણ ફિજીના નાયબ વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતે પોલીસી ડ્રીવન સ્ટેટ તરીકે વિવિધ ઉદ્યોગો અને ઉભરતા સેક્ટર માટે જે પોલીસીઝ ઘડી છે તેના તેમજ બહુવિધ સેક્ટર્સમાં ગુજરાતની સિદ્ધિઓના અભ્યાસ-નિરીક્ષણ માટે ફિજીનું ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ ગુજરાત આવે તેવું આમંત્રણ પાઠવ્યું હતું. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ફિજીને જે સેક્ટર્સમાં સહભાગીતા તથા માર્ગદર્શનની જરૂર હોય તે સેક્ટરમાં ગુજરાત તેમાં પોતાનો સહયોગ આપશે. ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળની આ ગુજરાત મુલાકાતથી ભારત-ગુજરાત ફિજી વચ્ચે અસરકારક અને પરિણામદાયી સહભાગીતાનો સુદ્રઢ સંબંધ પ્રસ્થાપિત થશે તેવી અપેક્ષા મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. તેમણે એમ પણ ઉમેર્યું કે, ગુજરાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝન ‘વિકસિત ભારત જ ૨૦૪૭’માં વિકસિત ગુજરાત થી અગ્રેસર રહેવાનો નિર્ધાર કર્યો છે. આ હેતુસર વિકસિત ગુજરાત જ ૨૦૪૭નો રોડ મેપ તૈયાર કરવામાં આવેલો છે અને અર્નિંગ વેલ- લિવીંગ વેલ સાથે ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને પણ પ્રાયોરિટી આપી છે. તેમણે ગિફ્ટસિટી આંતરરાષ્ટ્રીય ફાઈનાન્સિયલ હબ તરીકે ઊભરી આવ્યું છે તેની પણ જાણકારી ફિજીના નાયબ વડાપ્રધાનશ્રીને આપી હતી. મુખ્યમંત્રીશ્રી સાથેની સૌજન્ય મુલાકાત બાદ ફિજીના નાયબ વડાપ્રધાનશ્રી ગિફ્ટસિટી અને અમુલ- આણંદની મુલાકાતે પણ જવાના છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની આ સૌજન્ય મુલાકાતમાં મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, ઉદ્યોગ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મમતા વર્મા તથા મુખ્યમંત્રીશ્રીના સચિવ શ્રીમતી અવંતિકા સિંઘ પણ જોડાયા હતા.

**એરપોર્ટ પર પોતાના જ લોકો પાસે સ્વાગત કરાવડાવી VIDEO બનાવતો**

## IAS તરીકેની ઓળખ આપીને લાખોની છેતરપિંડી કરનારો ઝડપાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૮ ।

પોલીસે અમદાવાદમાં સરકારી અધિકારીની ઓળખ આપીને લાખોની છેતરપિંડી કરનારા આરોપીને ઝડપી લીધો છે. આ વ્યક્તિ IAS ઓફિસરની ઓળખ આપીને લોકો પાસેથી મોટી સંખ્યામાં રુપિયા ખંખેરી લેતો હતો. છેલ્લા ઘણા સમયથી તે રેવેન્યુ વિભાગના ડાયરેક્ટર તરીકે લોકોને ઓળખ આપીને છેતરતો હતો, ઠગાઈ કરતો હતો અને લાખો રૂપિયા ચાંઉ કરતો હતો. આ આરોપીનું નામ મેહુલ શાહ છે. અને પોતે અલગ અલગ ૩ ગુનાઓ હેઠળ ઝડપાયો છે. તેના પર સૌથી મોટો આરોપ નકલી IAS ઓફિસર બનવાનો છે. તેણે રેવેન્યુ વિભાગમાં ડાયરેક્ટરની ઓળખ આપીને ઈનોવા ભાડે લીધી અને ખોટા લેટર આપીને સાયરન લગાવી અને ઈનોવામાં પડદા લગાવ્યા હતા. ફરિયાદી પ્રતિક શાહે અધિકારી સમજીને તેની ડિમાન્ડ પુરી કરી હતી અને છેલ્લે ખબર પડી કે તેની સાથે તો ઠગાઈ થઈ છે.

તેના પર બીજો આરોપ છે નોકરી અપવવાના બહાને લાખોની ઠગાઈ કરવાનો. તેણે એક વ્યક્તિ પાસેથી ૩ લાખ રૂપિયા પડાવીને તેના દિકરાને નોકરી અપાવવાની વાત કરી, એટલું જ નહી પરંતુ જિલ્લા શિક્ષણ અધિકારીનો એક બોગસ લેટર બનાવીને આપી દીધો. આ બે આરોપો ઓછા હોય તેમાં તેના પર ત્રીજો આરોપ શાળામાં કલરકામ બાદ રૂપિયા ના આપવા આરોપી પોતે ૨ શાળાઓ ભાડે ચલાવે છે તેનો છે. એક શાળા ખરીદવા માટે ડીલ પણ કરવાની વાતો થઈ રહી હતી. તેણે શાળામાં કલરકામનું કામ જેને સોંપ્યું તેની પાસે કામ તો કરાવી લીધું પરંતુ રૂપિયા ચુકવવાના આવ્યા ત્યારે ઠાગાઠૈયા કરવા લાગ્યો. આખો મામલો બાદમાં બહાર આવતા તેની સામે ત્રીજો પણ આરોપ ગઢાયો.

મહાઠગ મેહુલ શાહનો એક વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં એરપોર્ટ પર તે પોતાના જ લોકો પાસે સ્વાગત કરાવડાવી વીડિયો બનાવતો હતો. તે પોતાનું સ્વાગત કરાવવા લોકો પાસે ફુલ નખાવડાવતો હતો. પ્રમોશન બાદ અમદાવાદ આવતા સ્વાગત થયું હોવાનું કહી ઠગી કરતો હતો. લોકોને તેણે લોકોને IAS અધિકારી અને સાયન્ટીસ તરીકે ઓળખ આપી હતી.

**અકસ્માતમાં ૪ લોકોના ઘટનાસ્થળે જ મોત**

## કાર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર પલટી નીચે ખાબકી

। (એજન્સી) દૂધની, તા.૨૮ ।

દાદરા નગર હવેલીના દૂધની નજીક ગંભીર અકસ્માતની ઘટના બની છે. કાર પલટી મારી જતા ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે.

સુરતના મિત્રો દૂધની તરફ આવી રહ્યા હતા આ સમયે અકસ્માતની ઘટના બની હતી. કાર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવતા કાર પલટી નીચે ખાબકી હતી. એક સાથે ચાર લોકોના મોતથી સમગ્ર પંથકમાં ગમગીનીનો માહોલ જોવા મળી રહ્યો છે.

દાદરા નગર હવેલીના ખાનવેલ દુધની રોડ પર ઉપલા મેઢા ગામે સુરતના પાંચ મિત્રો ગાડી નંબર GJ05 JP 6705 મા ખાનવેલ તરફ આવી રહ્યા હતા તે સમયે ઘાટ ઉતરતી વખતે સ્ટીયરિંગ પર કાબુ ગુમાવતા મોટા પથ્થર સાથે ટકરાયા બાદ કાર ત્રણથી ચાર પલટી મારી ગઈ હતી. આ અકસ્માતમાં ચાર વ્યક્તિના ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે એક વ્યક્તિ ઘાયલ થયો હતો. આ અકસ્માતની ઘટના જોતા સ્થાનિક લોકો દોડી આવ્યા હતાં અને ગાડીના પતરા કાપી અંદર સવાર દરેકને બહાર કાઢવામા આવ્યા હતા. આ ઘટનાની જાણ થતા પોલીસ અને એમ્બ્યુલન્સ પહોંચી ગયા હતા અને મૃતક અને એક ઘાયલ વ્યક્તિને ખાનવેલ સબ જીલ્લા હોસ્પિટલ લઈ જવામા આવ્યા હતા. મૃતકોમાં હસમુખ માગોકિયા ઉ.વ.૪૫, સુજીત પુરુષોત્તમ કલાડિયા ઉ.વ.૪૫, સંજય ચંદુ ગજ્જર ઉ.વ.૩૮, હરેશ વડોહડિયા ઉ.વ.૩૪ રહેવાસી વેડ રોડ,સુરત, સુનીલ કાલિદાસ નિકુડે ઉ.વ.૨૪ રેહવાસી વેડ રોડ સુરત તેમનો ચમત્કારિક બચાવ થયો છે.

સુરેન્દ્નનગર જિલ્લામાં અકસ્માતની ઘટના બની છે. સાયલા- લીંબડી હાઈવે પર અકસ્માતની ઘટના બની હતી. ફૂલગ્રામ પાસે આવેલ ઓવર બ્રિજ પર અજાણ્યા વાહન દ્વારા યુવાનને અડફેટે લેતા તેનું ઘટનાસ્થળ પર જ મોત નિપજ્યું હતું. હિટ એન્ડ રનમાં યુવકનું મોત નિપજ્યું હતું. પેટલાદના તારાપુર-ધર્મજ હાઈવે પર ટ્રક અને લક્ઝરી બસ વચ્ચે થયેલા અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે. આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા લોકોને સારવાર માટે નજીકના હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

## ત્રણ વર્ષ માટે પ્રશાંત વજીરાણીના ડોક્ટર તરીકેના વિવિધ લાયસન્સ રદ

। (માહિતી) અમદાવાદ, તા.૨૮ ।

અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલમાં દર્દીઓની જાણ બહાર એન્જીયોપ્લાસ્ટી કરવાથી બે દર્દીના મોત નીપજ્યાં હતા. જેમાં PMJAY યોજનામાં કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો ખુલાસો થયો હતો. સમગ્ર મામલે ખ્યાતિ હોસ્પિટલના ડૉ. પ્રશાંત વજીરાણી સહિત પાંચ વિરૂદ્ધ ગુનો નોંધાયો હતો. જ્યારે ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા ડૉ. પ્રશાંત વજીરાણીના ત્રણ વર્ષ માટે ડૉક્ટર તરીકેના વિવિધ લાયસન્સ રદ કર્યા છે. ગાંધીનગર સ્થિત તબીબી સેવાના અધિક નિયામકે ૧૪ નવેમ્બરે ગુજરાત મેડિકલ કાઉન્સિલને પત્ર લખીને ખ્યાતિ કાંડના આરોપી જવાબદાર તબીબી પ્રેક્ટિશનરો સામે યોગ્ય પગલા લેવા જણાવ્યું હતું. ત્યારબાદ કાઉન્સિલ દ્વારા લેવાયેલા સુઓમોટોને ધ્યાને લેવામાં આવ્યું અને ગુજરાત સરકાર દ્વારા રચવામાં આવેલી સમિતિના સભ્યોને સાંભળા બાદ યોગ્ય વિચારણ કરાઈ હતી. જેમાં અંતે ગુજરાત મેડિકલ કાઉન્સિલ સહિતની જનરલ બોડીએ ડૉ. પ્રશાંત વજીરાણી વિરુદ્ધમાં સચોટ પગલા લીધા હતા. ગુજરાત મેડિકલ કાઉન્સિલ એક્ટ, ૧૯૬૭ની કલમ 22(1)(b)(i) હેઠળનું ડૉ. પ્રશાંત વજીરાણીનું MBBS, MD મેડિસીન, DNB મેડિસીન, DNB કાર્ડિયોલોજીનું લાયસન્સ ત્રણ વર્ષ માટે રદ કરવામાં આવ્યું છે.

## બનાસકાંઠાની હરસિધ્ધ કોલ્ડ સ્ટોરેજ સામે બટાટા ચોરીની ફરિયાદ કરાઈ

। (માહિતી) ડીસા, તા.૨૮ ।

બનાસકાંઠાના ડીસામાં આવેલા ભોયણ ગામમાં રહેતા અજંતા કોલ્ડ સ્ટોરેજ પેઢીના માલિક મફતલાલ ચમનાજી ટાંક દ્વારા હરસિધ્ધ કોલ્ડ સ્ટોરેજના માલિક મનુભાઈ અને પંજાબ-હરીયાણા રોડલાઈન્સ કંપનીના ડ્રાઈવર ચેતનરામ સામે બટાટાનો રૂપિયા ૪૭૫, ૦૯૨નો માલ પચાવી પાડવા મુદ્દે ડીસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ફરિયાદી મફતલાલ ટાંકે આ મામલે બંને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ પણ ઉઠાવી છે. વેપારી મફતલાલ ટાંક ડીસાના ભોયણ મુકામે તેમની અજંતા કોલ્ડ સ્ટોરેજ નામની પેઢી ચલાવે છે, જેમાં તેઓ બટાટા તથા બટાટા બીયારણનો લે-વેચનો ધંધો કરે છે અને આ પેઢી અવાર-નવાર બહારથી માલ એકસપોર્ટ કરે છે. તે જ રીતે આ વખતે પણ તેમણે ધારીવાલ એગ્રી ફાર્મ જલંઘરથી તા. ૨૧ નવેમ્બરના રોજ બીલ નં. ૯૯ની વિગતે બટાટા ૩૩૨ બેગ ખ્યાતી ગોળી ૧૦ નંબર, ૧૧ નંબરનું બીયારણ નોંધાવ્યું હતું, જે બીયારણની કુલ કિંમત ૪૭૫,૦૯૨ રૂપિયાની હતી. તેમણે આ માલને પંજાબ હરીયાણા રોડલાઈન્સની ટ્રક નં. ઈત્ર૧૯૪્ ૨૮૮૩ના આગળના ભાગમાં લોડ કરાવ્યો હતો. આ ટ્રકના અડધા ભાગમાં તેમનો(ફરિયાદી) માલ અને બીજા અડધા ભાગમાં હરસિધ્ધ કોલ્ડ સ્ટોરેજનો માલ હતો. ત્યારબાદ આ ટ્રકનો ડ્રાઈવર ચેતનરામ વાહનને સદર ગાડી હરસિધ્ધ કોલ્ડ સ્ટોરેજમાં લઈ ગયો હતો.

